RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ અષાઢ સુદ -૧૩   સોમવાર તા.૨૭-૦૭-૨૦૨૬   અંક : ૧૭૭ વર્ષ : ૨૧   jamnagar@aaspassaindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# મેઘપરઆંબરડીના નદીના પટ્ટમાંથી રપ. ૧૬ લાખનો ૭૦૦૩ બોટલ દારુ પકડાયો

## શેઠવડાળા પોલીસનો મોડીરાત્રે દરોડો, વાહનો સહિત ૪૨.૩૮ લાખનો મુદામાલ કબજે, આરોપીઓ હાથ ન લાગ્યા : ટ્રકમાંથી ૨.૨૦ લાખનો બેન્ટોનાઈટ પાવડર મળ્યો



જામનગર : જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના મેઘપર આંબરડી ગામની બહાર નદીના કાંઠે આવેલા ખુલ્લા પટમાંથી શેઠવડાળા પોલીસે નાની-મોટી ૭૦૦૩ બોટલ સહિત માતબર ઈંગ્લીશ દારૂ, વાહનો અને અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ.૪૨,૩૭,૯૯૮નો જંગી જથ્થો ઝડપી પાડયો હતો. જો કે, દરોડા દરમિયાન ચાલક સહિત ત્રણ આરોપીઓ હાથ ન લાગતાં તમામ સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

રાજકોટ વિભાગના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય ના માર્ગદર્શન અને જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રવિમોહન સૈની ની સૂચના મુજબ જિલ્લામાં દારૂ અને જુગાર વિરુદ્ધ ચાલી રહેલા અભિયાન અંતર્ગત મદદનીશ પોલીસ અધિક્ષક પ્રતિભાના માર્ગદર્શન હેઠળ શેઠવડાળાના પોલીસ ઈન્સ્પેક્ટર આર.બી. સોલંકીના નેતૃત્વમાં પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હતી.

તે દરમિયાન પોલીસને ખાનગી બાતમી મળી હતી કે મેઘપર આંબરડી ગામના ભાયાભાઈ લખમણભાઈ છેલાણા અને ભીમાભાઈ ભાયાભાઈ છેલાણા ગામની બહાર નદીના કાંઠે આવેલા ખુલ્લા પટમાં ગેરકાયદેસર રીતે ઈંગ્લિશ દારૂનો જથ્થો સંગ્રહ કરી હેરાફેરી કરી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડી કાર્યવાહી હાથ ધરી હતી.

દરોડા દરમિયાન પોલીસે વિદેશી દારૂની ૨,૯૧૭ બોટલ (કિંમત રૂ.૨૦,૧૭,૮૯૮), ૪,૯૮૬ ચપટા (કિંમત રૂ.૪,૯૮,૬૦૦), એક ટ્રક (કિંમત રૂ.૧૦ લાખ), એક બોલેરો પીકઅપ (કિંમત રૂ.૫ લાખ), ટ્રકમાં ભરેલો અંદાજે ૩૦ મેટ્રિક ટન બેન્ટોનાઈટ પાવડર (કિંમત રૂ.૨,૨૦,૫૦૦) તથા એક તાડપત્રી (કિંમત રૂ.૧,૦૦૦) સહિત કુલ રૂ.૪૨,૩૭,૯૯૮નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ મામલે ભાયાભાઈ લખમણભાઈ છેલાણા, ભીમાભાઈ ભાયાભાઈ છેલાણા (બંને રહે. મેઘપર આંબરડી, તા. જામજોધપુર) તેમજ ટ્રક નં. જી.જે-૩૮-ટી ૪૫૩૫ ના ચાલક સહિત તપાસમાં ખુલતા અન્ય શખ્સો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. હાલ આરોપીઓ ફરાર હોવાથી તેમની શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે.

# એન્ટી પેપર લીક બિલ લોકસભામાં રજૂ થયું

## પીએમઓ રાજ્યમંત્રી ડો. જીતેન્દ્રસિંહે વિપક્ષોના હોબાળા વચ્ચે રજૂ કર્યું સુધારા બિલ : વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે હોબાળો કરવાના બદલે ચર્ચામાં ભાગ લેવા કિરેન રિજિજુની વિપક્ષને અપીલ



નવી દિલ્હી

સંસદના ચોમાસું સત્ર દરમિયાન આજે કેન્દ્રીય મંત્રી ડો. જીતેન્દ્ર સિંહે લોકસભામાં 'પબ્લિક એક્ઝામિનેશન (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) સુધારા વિધેયક, ૨૦૨૬' રજૂ કર્યું છે. નીટ વિવાદ અને દેશવ્યાપી વિદ્યાર્થી આંદોલન બાદ સરકાર પરીક્ષાઓની પારદર્શિતા વધારવા માટે આ મહત્ત્વપૂર્ણ બિલ લાવવાની તૈયારી કરી રહી હતી.લોકસભામાં એન્ટી પેપર લીક બિલ થયા બાદ વિપક્ષના આક્રમક મૂડને કારણે ગૃહની કાર્યવાહી ખોરવાઈ હતી અને ફરી એકવાર બે વાગ્યા સુધી કાર્યવાહી અટકાવી દેવામાં આવી હતી. એન્ટી પેપર લીક બિલ લોકસભામાં રજૂ કરવામાં આવ્યું છે. વિપક્ષના ભારે હંગામા અને નારાબાજી વચ્ચે પીએમઓ રાજ્યમંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે આ બિલ લોકસભામાં રજૂ કર્યું છે. આ પહેલાં, વિપક્ષના ભારે હંગામા વચ્ચે જ લિસ્ટેડ બિઝનેસ હાથ ધરવામાં આવ્યા હતા.લોકસભામાં સ્પીકરની ચેર પર દિલીપ સૈકિયા આવ્યા છે. દિલીપ સૈકિયાએ સદનને જાણકારી આપી કે સ્પીકરે સ્થગન પ્રસ્તાવની એકપણ નોટિસને મંજૂરી આપી નથી.શિક્ષણ મંત્રી પદેથી રાજીનામું આપ્યા બાદ પહેલીવાર સંસદ ભવન પહોંચેલા ધર્મેન્દ્ર પ્રધાનનું એનડીએ સાંસદોએ મકર દ્વાર પર જોરદાર સ્વાગત કર્યું હતું.બિલ પર આશરે ૮ થી ૧૦ કલાક ચર્ચા થવાની શક્યતા છે. ભાજપ અને સહયોગી દળો વતી વાંસુરી સ્વરાજ, તેજસ્વી સૂર્યા, સાયોની ઘોષ, મિતાલી બાગ, ડો. શ્રીકાંત શિંદે અને અનુપ્રિયા પટેલ જેવા યુવા સાંસદો ચર્ચામાં ભાગ લેશે. નવા શિક્ષણ મંત્રી પ્રહ્લાદ જોશી આજે પ્રથમ વખત પ્રશ્નકાળમાં શિક્ષણ મંત્રાલય સંબંધિત પ્રશ્નોના જવાબો આપશે.

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જાહેર પરીક્ષા (અન્યાયી ઉપાયો નિવારણ) સુધારા બિલ, ૨૦૨૬ પર ગૃહમાં ચર્ચા માટે વિપક્ષને અપીલ કરી. તેમણે કહ્યું કે દેશભરના વિદ્યાર્થીઓની ચિંતાઓના જવાબમાં આ મહત્વપૂર્ણ બિલ લોકસભામાં રજૂ કરવામાં આવી રહ્યું છે, પરંતુ કોંગ્રેસ અને કેટલાક વિપક્ષી સભ્યો તેની ચર્ચા કરવાને બદલે હોબાળો મચાવી રહ્યા છે.

કિરેન રિજિજુએ કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પરીક્ષા પ્રણાલીમાં સુધારા માટે મહત્વપૂર્ણ નિર્ણયો લીધા છે. તેમણે કહ્યું કે પરીક્ષા સુધારણા માટે એક ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે અને ભવિષ્યમાં પેપર લીક જેવી ઘટનાઓને રોકવા માટે એક સિસ્ટમ બનાવવા માટે પગલાં લેવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે આ બિલ પેપર લીકમાં સામેલ લોકોને કડક અને સમયસર સજાની જોગવાઈ કરે છે.

સંસદીય બાબતોના મંત્રીએ કોંગ્રેસ અને વિપક્ષી પક્ષોને વિદ્યાર્થીઓના ભવિષ્યની ચિંતા કરતા આ મહત્વપૂર્ણ બિલ પર ગૃહમાં ખુલ્લી અને વિગતવાર ચર્ચા કરવા અપીલ કરી. તેમણે કહ્યું કે જો આટલા મોટા સુધારા પછી પણ ચર્ચાને મંજૂરી આપવામાં નહી આવે તો તે ખોટો સંદેશ મોકલશે.

રિજિજુએ કહ્યું કે આવા મુદ્દાઓ પર ચર્ચા અને ચર્ચા માટે સંસદ કરતાં વધુ સારી જગ્યા કોઈ હોઈ શકે નહીં. તેમણે વિપક્ષને વિદ્યાર્થીઓની ભાવનાઓને ધ્યાનમાં રાખીને પરીક્ષા સુધારણા બિલ પર ગંભીરતાથી ચર્ચા કરવા વિનંતી કરી. સંસદની કાર્યવાહી ફરી શરૂ થતાં જ કોંગ્રેસના સાંસદોએ વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર થયેલા કથિત લાઠીચાર્જનો મુદ્દો ઉઠાવ્યો. રાજ્યસભામાં કોંગ્રેસ વતી ઉપનેતા પ્રમોદ તિવારીએ આ મુદ્દો ઉઠાવ્યો અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પાસેથી જવાબદારી માંગી.

# ફ્રાન્સ અને સ્પેનમાં આવેલા જંગલોમાં વિકરાળ આગથી ત્રણ લાખથી વધુ લોકો બેઘર બન્યા

## આગની ગંભીર સ્થિતિમાં સ્પેને દેશના ઈતિહાસમાં પહેલીવાર નેશનલ વાઈલ્ડફાયર ઈમરજન્સી જાહેર કરી



નવી દિલ્હી

યુરોપ હાલ ભયાનક કુદરતી આફતનો સામનો કરી રહ્યું છે. ફ્રાન્સ અને સ્પેનના જંગલોમાં લાગેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં ૩ લાખથી વધુ લોકો બેઘર થયા છે, જ્યારે ૨.૫ લાખથી વધુ લોકોને સુરક્ષિત સ્થળે સ્થળાંતરિત કરવાની ફરજ પડી છે. સ્થિતિની ગંભીરતાને જોતાં સ્પેને દેશના ઈતિહાસમાં પહેલીવાર 'નેશનલ વાઈલ્ડફાયર ઈમરજન્સી' જાહેર કરી છે.

અહેવાલો અનુસાર, ફ્રાન્સમાં સ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે. બોર્ડેક્સ શહેરની આસપાસ અને દક્ષિણપશ્ચિમના ગિરોન્ડે ક્ષેત્રમાં આગ અચાનક ઝડપથી ફેલાઈ હતી. દેશમાં અત્યાર સુધીમાં ૯૮,૦૦૦ હેક્ટર જમીન બળીને ખાખ થઈ ગઈ છે, જે ફ્રાન્સના ઈતિહાસનો નવો રેકોર્ડ છે. ફ્રાન્સના ગૃહ મંત્રી લોરેન્ટ નુનેઝે સોશિયલ મીડિયા પર માહિતી આપતાં જણાવ્યું કે 'દેશભરમાં આગ ફેલાઈ રહી છે અને પરિસ્થિતિ હજુ પણ અત્યંત નાજુક છે.'

સ્પેનમાં મેડ્રિડ, અવિલા અને પૂર્વીય દરિયાકાંઠાના શહેર વેલેન્સિયા નજીક ભીષણ આગ ફેલાઈ છે. સ્પેનના પ્રધાનમંત્રી પેડ્રો સાંચેઝે અવિલા પ્રાંતની મુલાકાત લીધા બાદ ચેતવણી આપી હતી કે દેશ માટે હજુ વધુ "મુશ્કેલ સમય" આગળ આવી રહ્યો છે. અત્યાર સુધીમાં ૧.૩૦ લાખ હેક્ટર જમીન બળી ગઈ છે. સપ્તાહના અંતે વેલેન્સિયા નજીક લાગેલી નવી આગને કારણે વધુ ૧૫, ૦૦૦ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા છે. જોરદાર પવનોને કારણે આગ વધુ ઝડપથી ભડકી રહી છે.

આ સંકટને પહોંચી વળવા માટે યુરોપિયન યુનિયન (ઈ)ના અન્ય દેશો આગળ આવ્યા છે. ફ્રાન્સ અને સ્પેનને રાહત આપવા માટે અન્ય સભ્ય દેશો દ્વારા વિશેષ વિમાનો, ફાયર ફાઈટિંગ ક્રૂ અને ઈમરજન્સી વાહનોની મદદ મોકલવામાં આવી રહી છે.

# ભારતની વેઈટલિફ્ટિંગમાં વધુ એક ગૌરવપૂર્ણ સિદ્ધિ : પીએમ મોદી

## કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ મેળવનાર મીરાબાઈ ચાનુને પ્રધાનમંત્રીએ અભિનંદન આપ્યા



નવી દિલ્હી

સ્કૉટલૅન્ડની કૉમનવેલ્થ ગેમ્સમાં ભારતની વેઈટલિફ્ટર મીરાંબાઈ ચાનુએ રવિવારે ૪૮ કિલો વર્ગમાં ગોલ્ડ મેડલ જીતી લીધો એ બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેની ભારોભાર પ્રશંસા કરવાની સાથે તેને અભિનંદન પાઠવ્યા હતા. મીરાંબાઈ સતત ત્રીજી કૉમનવેલ્થમાં સુવર્ણચંદ્રક જીતી છે.

૩૧ વર્ષની ચાનુએ સ્નૅચમાં વિક્રમજનક ૮૫ કિલો તેમ જ ક્લીન ઍન્ડ જર્કમાં ૧૦૫ કિલો એમ કુલ મળીને ૧૯૦ કિલો વજન ઊંચક્યું હતું. તેનું પ્રભુત્વ એટલું બધુ હતું કે બીજા નંબરે રહીને સિલ્વર જીતનાર નાઈજિરિયાની રુથ ન્યૉન્ગે ચાનુથી ઘણું ઓછું (કુલ ૧૬૮ કિલો) વજન ઊંચક્યું હતું. તેણે ચાનુ કરતાં બાવીસ કિલો ઓછું વજન ઊંચક્યું હતું.

પીએમ મોદીએ ચાનુની સફળતાને 'ભારતીય વેઈટલિફ્ટિંગના વધુ એક ગૌરવપૂર્ણ અને શાનદાર સિદ્ધિ' તરીકે ઓળખાવી હતી.

# અમેરિકાના સિએટલમાં ફૂડ ફેસ્ટિવલમાં અંધાધૂંધ ગોળીબારમાં બે લોકોના મોત

## અજાણ્યા શખ્સે કરેલા ગોળીબારમાં પાંચ લોકોને ગંભીર ઈજા

સિએટલ

અમેરિકાના સિએટલ શહેરમાં આયોજિત વાર્ષિક 'બાઈટ ઓફ સિએટલ ફૂડ ફેસ્ટિવલ' દરમિયાન એક અજ્ઞાત બંદૂકધારીએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. મીડિયા રિપોર્ટ્સ મુજબ, આ ભીષણ ગોળીબારની ઘટનામાં ૨ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા છે, જ્યારે ઓછામાં ઓછા ૫ અન્ય લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

આ કરૂણ ઘટના સ્થાનિક સમય અનુસાર રવિવારે સાંજે આશરે ૬ વાગ્યે સિએટલ સેન્ટર આર્મરી બિલ્ડિંગની બિલકુલ બહાર બની હતી. તે સમયે વાર્ષિક ફૂડ ફેસ્ટિવલનો આનંદ માણવા માટે હજારોની સંખ્યામાં લોકો એકઠા થયા હતા. અચાનક થયેલા ફાયરિંગને કારણે લોકોમાં ભારે અફરાતફરી અને નાસભાગ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને ઈમરજન્સી સેવાઓની ટીમોએ સ્થળ પર પહોંચીને મોટા પાયે રાહત તથા બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી.

# પશ્ચિમ બંગાળમાં ટીએમસી સરકારમાં રાહત યોજનામાં ગંભીર અનિયમિતતા : કેગ રિપોર્ટ

## ચક્રવાત અમ્ફાન બાદ રાહત યોજનામાં નુકસાનીનો અંદાજ વધુ હોવાનો અને લાભાર્થીઓની યાદીમાં પણ ગોટાળો હોવાનું કેગની તપાસમાં ખુલ્યું

કોલકાતા

કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના એક અહેવાલમાં પશ્ચિમ બંગાળ સરકારની ચક્રવાત અમ્ફાન રાહત યોજનામાં ગંભીર અનિયમિતતાઓ તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે. અહેવાલમાં જણાવાયું છે કે, ઘણા કિસ્સાઓમાં અમ્ફાનથી થયેલા નુકસાનનો અંદાજ વધારીને વધારવામાં આવ્યો હતો. તેમાં રાહત વિતરણમાં અનિયમિતતા, લાભાર્થીઓની યાદીઓનું ડુપ્લિકેશન અને ચુકવણી પ્રક્રિયામાં ખામીઓ પણ બહાર આવી હતી. પ્રિન્સિપલ એકાઉન્ટન્ટ જનરલ (ઓડિટ-II) મનીષ કુમારે જણાવ્યું હતું કે કેગ એ અમ્ફાન રાહત પ્રણાલીમાં સુધારો કરવા માટે રાજ્ય સરકારને ૭ મુખ્ય ભલામણો કરી છે. તેમણે કહ્યું કે આપત્તિ વ્યવસ્થાપન અને રાહત કામગીરીમાં સુધારો કરવા માટે જિલ્લાઓમાંથી પ્રાપ્ત થયેલા નુકસાનના અહેવાલોને વધુ સચોટ અને પારદર્શક બનાવવાની જરૂર છે. મનીષ કુમારના મતે, આપત્તિથી થયેલા નુકસાનનું સચોટ અને વૈજ્ઞાનિક રીતે મૂલ્યાંકન કરવું જોઈએ. રાહત સહાય માટે એક સમાન અને વ્યાપક અરજી પ્રક્રિયા અમલમાં મૂકવી જોઈએ. લાભાર્થીઓની પસંદગી કરવાની પ્રક્રિયા પારદર્શક અને ન્યાયી હોવી જોઈએ, કારણ કે ઘણા કિસ્સાઓમાં એક જ વ્યક્તિનું નામ બે વાર મળી આવ્યું હતું. રાહત ભંડોળ જાહેર કરતા પહેલા સંબંધિત અધિકારીઓ દ્વારા ફરજિયાત રેકોર્ડ તપાસ કરવી જોઈએ. રાહત સામગ્રીના સંગ્રહ અને વિતરણ માટે દેખરેખ પ્રણાલીને મજબૂત બનાવવી જોઈએ. જે કેસોમાં અનિયમિત અથવા શંકાસ્પદ ચુકવણી કરવામાં આવી છે તેની તપાસ થવી જોઈએ અને ગુનેગારો સામે પગલાં લેવા જોઈએ.

તેમણે સમજાવ્યું કે રાજ્ય સરકારે આ સિસ્ટમોને મજબૂત બનાવવાનો દાવો કર્યો છે, પરંતુ કેગ ફક્ત સરકારી દાવાઓ પર આધાર રાખશે નહીં. સુધારાઓ ખરેખર અમલમાં આવ્યા છે કે નહીં તે ચકાસવા માટે ઓડિટ ટીમ સ્થળની મુલાકાત લેશે. સરકારે રજૂ કરેલા કાર્યવાહી અહેવાલની પણ ચકાસણી કરવામાં આવશે.

મનીષ કુમારે જણાવ્યું હતું કે અહેવાલમાં આવાસ, કૃષિ, મત્સ્યઉદ્યાઢેગ, પશુપાલન અને પીવાના પાણી જેવા વિવિધ ક્ષેત્રોમાં થયેલા નુકસાનના મૂલ્યાંકનની સમીક્ષા કરવામાં આવી હતી.

"લાયન બ્રાન્ડ"




શુદ્ધ કૌચા, શુદ્ધ શિલાજીત, તજ તથા જાયફળ જેવા 15 આયુર્વેદિક ઔષધિઓથી બનેલી

"લાયન બ્રાન્ડ"
વા-નરી વટી

શ્રી નરનારાયણ આયુર્વેદિક ફાર્મસી

An ISO 9001 - 2015 & GMP Certified Company

જાણીતા દવાવાળાઓ પાસે ઉપલબ્ધ

For Inquiry : 94281 09072

UIN:GUJARAT/0053/2025

# અમદાવાદ જિલ્લાના સાણંદ-બાવળા તાલુકાઓમાં મંત્રીઓ અને અધિકારીઓએ વિવિધ વિસ્તારોની સ્થળ-મુલાકાત લઈ પરિસ્થિતિનો તાગ મેળવ્યો

## શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા અને મહેસૂલ રાજ્ય મંત્રી સંજયસિંહ મહીડાએ સાણંદ-બાવળાના વરસાદી પાણીથી ગ્રસ્ત વિવિધ વિસ્તારોમાં સ્થિતિની સમીક્ષા કરી

અમદાવાદ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ જિલ્લામાં વરસેલા ભારે વરસાદના કારણે વિવિધ તાલુકાઓમાં સર્જાયેલી પાણી ભરાવાની ગંભીર પરિસ્થિતિને ધ્યાને રાખીને શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા અને મહેસૂલ રાજ્ય મંત્રી સંજયસિંહ મહીડાને આ વિસ્તારોમાં તંત્રવાહકોનું માર્ગદર્શન કરવા અને વરસાદી પાણીના નિકાલ કરવા સાથે સ્થિતિ ઝડપભેર પૂર્વવત કરવાની કામગીરીની દેખરેખ માટે બાવળા તથા સાણંદ તાલુકાની જવાબદારી સોંપી છે.

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે પણ મુખ્યમંત્રીશ્રી સાથે આ વિસ્તારોની સ્થિતિ અંગે ટેલિફોન પર વાતચીત કરીને વિગતો મેળવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં બે મંત્રીશ્રીઓને બાવળા અને સાણંદ પહોચવા સૂચનાઓ આપી હતી.

શિક્ષણમંત્રી પ્રદ્યુમન વાજા અને રાજ્યમંત્રી સંજય સિંહ મહિડાએ રવિવારે આ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી.

ત્યાર બાદ તેમણે જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી, જરૂરી રાહત કામગીરી માટે સૂચનાઓ આપી હતી.

અમદાવાદ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી ભારે વરસાદની પરિસ્થિતિને પગલે સમગ્ર વહીવટી તંત્ર એક્શન મોડમાં છે. દરમિયાન, વરસાદી પાણીથી અસરગ્રસ્ત વિસ્તારોની સ્થિતિનો તાગ મેળવવા અને રાહત-બચાવ કામગીરીને વધુ ઝડપી બનાવવાના હેતુથી મંત્રીઓ તેમજ ઉચ્ચ અધિકારીઓએ ટ્રેક્ટરમાં બેસીને પૂરગ્રસ્ત વિસ્તારોમાં અંદર સુધી પહોંચીને પરિસ્થિતિનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું.

આ ટીમે સાણંદ-બાવળા રોડ પર આવેલી ઈન્ટાસ ફાર્મા, મટોડા, ગેલોપ્સ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, કેનાલ પરના વિસ્તારો, બાવળા-સાણંદનાં મોડાસર, વિંછીયા અને માણકોલ સહિતનાં અસરગ્રસ્ત ગામો અને ઔદ્યોગિક વિસ્તારોની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. મંત્રીઓ તેમજ અધિકારીઓએ પોતે પાણીમાં ઉતરીને સ્થાનિક નાગરિકો, વેપારીઓ અને ગ્રામજનો સાથે સીધી વાતચીત કરી હતી. તેમણે સ્થાનિકોની સમસ્યાઓ, પીવાના પાણી, ખોરાક અને રહેઠાણ અંગેની પ્રાથમિક જરૂરિયાતો વિશે પૃચ્છા કરી હતી અને કોઈ પણ નાગરિકને તકલીફ ન પડે તે માટે રાજ્ય સરકાર તેમજ જિલ્લા તંત્ર સંપૂર્ણપણે તેમની સાથે હોવાની ખાતરી આપી હતી.

# નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં કારગીલ વિજય દિન નિમિતે ભવ્ય કાર્યક્રમ યોજાયો

## મોટાવરાછાના રામ ચોક ખાતે ૧૦૦ ફૂટ ઉંચો રાષ્ટ્ર ધ્વજ લહેરાવવામાં આવ્યો તેમજ સરદાર પટેલની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી

સુરત,

મોટા વરાછાના રામ ચોક ખાતે રાજયના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં કારગીલ વિજય દિવસ નિમિતે એક ભવ્ય અને ગૌરવપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટા વરાછા વિસ્તારમાં આપણા દેશની શાન અને અખંડ દેશભક્તિના પ્રતીક સમો ૧૦૦ ફૂટ ઊંચો ભવ્ય રાષ્ટ્રધ્વજ અત્રેના સુદામા ચોક નજીક રામ ચોક ખાતે સ્થાપિત કરવામાં આવ્યો હતો.




આ સમારોહમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે આ માત્ર એક ધ્વજની સ્થાપના નહિ, પરંતુ દેશપ્રેમ, રાષ્ટ્રીય એકતા, શૌર્ય અને આપણા ગૌરવશાળી ભારત પ્રત્યેની અવિચળ શ્રદ્ધાનું જીવંત પ્રતીક છે. આ ઐતિહાસિક પહેલ સમગ્ર વિસ્તાર માટે ગૌરવની ક્ષણ બની રહી છે. અને આવનારી પેઢીઓને દેશભક્તિની પ્રેરણા આપતી રહેશે. આ ઐતિહાસિક અને રાષ્ટ્રીય ગૌરવથી ભરપૂર પળના સાક્ષી બનવા તેમજ કારગિલ વિજય દિવસના પાવન અવસર પર રવિવારની સવારે આવેલા સૌ નાગરિકો, વિદ્યાર્થીઓને, ભાઈઓ બહેનોને નાયબ મુખ્ય મંત્રીશ્રીએ અભિનંદન પાઠવ્યા હતા.

# લોક સાહિત્યકાર હકાભા ગઢવીની કારને નડયો અકસ્માત : હકાભાનો બચાવ

## મિત્રો સાથે હિંગળાજ માતાજીના મંદિરે દર્શન કરવા માટે ગયા હતા



સુરેન્દ્રનગર,

લોક સાહિત્યકાર હકાભા ગઢવીની કારને અકસ્માત નડ્યો હોવાના અહેવાલ સામે આવ્યા છે. મિત્રો સાથે માતાજીના દર્શન કરીને પરત ફરી રહ્યા હતા તે સમયે પીપળા અને બૈસાબગઢ ગામ વચ્ચે આ ઘટના બની હતી. સદનસીબે આ અકસ્માતમાં હકાભા ગઢવીનો આબાદ બચાવ થયો છે અને તેઓ સુરક્ષિત છે.મળતી માહિતી મુજબ, હકાભા ગઢવી પોતાના મિત્રો સાથે બૈસાબગઢ નજીક આવેલા પ્રસિદ્ધ હિંગળાજ માતાજીના મંદિરે દર્શન કરવા માટે ગયા હતા. હકાભા દર્શન કરીને ફોર્ચ્યુનર કારમાં પરત ફરી રહ્યા હતા તે સમયે અચાનક રસ્તા પર સાપ આડો ઉતર્યો હતો. સાપને બચાવવાનો પ્રયાસ કરતી વખતે કાર પરથી સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવતાં ફોર્ચ્યુનર કાર સીધી રસ્તા કિનારે પાણીમાં ખાબકી હતી.

ઘટના સમયે હકાભાની પાછળ જ બીજી ગાડીમાં તેમના અન્ય મિત્રો પણ આવી રહ્યા હતા. અકસ્માત થતાં જ મિત્રોએ તાત્કાલિક સ્થળ પર પહોંચીને હકાભા ગઢવીને કારમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. હાસ્ય કલાકાર સુરક્ષિત હોવાના સમાચાર મળતાં જ તેમના ચાહકો અને શુભચિંતકોએ રાહતનો શ્વાસ લીધો છે.

# ગુજરાતમાં સીઝનનો ૫૦ ટકાથી વધુ સરેરાશ વરસાદ : કપરાડામાં વધુ ચાર ઈંચ વરસાદ ખાબક્યો

## દક્ષિણ ગુજરાતમાં એક જ રાઉન્ડમાં સિઝનનો ૭૫ ટકાથી વધુ વરસાદ પડ્યો

અમદાવાદ,

રાજ્યમાં છેલ્લા ૫ દિવસથી અનેક જિલ્લાઓમાં સતત વરસાદ થઈ રહ્યો છે. વરસાદી આંકડાની વાત કરવામાં આવે તો, સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર દ્વારા આંકડાઓ જાહેર કરવામાં આવ્યાં છે. વરસાદની શરૂઆત દક્ષિણ ગુજરાતથી થઈ છે, જ્યા ભારેથી અતિભારે વરસાદ ખાબક્યો છે. વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં બપોરે ૧૨ વાગ્યા પછી ધોરમાર વરસાદ શરૂ થયો હતો. જોતજોતામાં કપરાડામાં સૌથી વધુ ૯૯ મીમી વરસાદ ખાબકી ગયો હતો. ડાંગ અને દક્ષિણના પહાડી વિસ્તારોમાં પણ ભારે વરસાદ થયો છે.

આંકડાની વાત કરવામાં આવે તો, વલસાડ જિલ્લાના કપરાડા તુલાકમાં ૩.૯ ઈંચ વરસાદ ખાબક્યો છે. તે પછી ક્રમશઃ બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકામાં ૩.૧૫ ઈંચ, ડીસા તાલુકામાં ૨.૮૩ ઈંચ, વાવ-થરાદ જિલ્લાના રાહ તાલુકામાં ૨.૪ ઈંચ, લાખણીમાં ૧.૭૭ ઈંચ, મહેસાણામાં ૧.૭૭ ઈંચ, સુરત જિલ્લાના ઉમરપરા તાલુકામાં ૧.૭૩ ઈંચ, વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકામાં ૧.૭૩ ઈંચ, બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકામાં૧.૪૬ ઈંચ અને મોરબી જિલ્લાના હળવદ તાલુકામાં ૧.૩૮ ઈંચ વરસાદ ખાબક્યો છે. આ સાથે રાજ્યમાં સૌથી ઓછો વરસાદ છોટાઉદેપુર જિલ્લામાં થયો છે. ગુજરાતમાં આ સિઝનનો કુલ ૫૩.૬૭ ટકા વરસાદ થયો છે. જેમાં ઝોન પ્રમાણે વાત કરવામાં આવે તો, કચ્છ ઝોનમાં ૧૮.૮૯ ટકા, ઉત્તર ગુજરાતમાં ૩૯.૫૩ ટકા, મધ્ય-પૂર્વ ગુજરાતમાં ૪૫.૨૨ ટકા, સૌરાષ્ટ્રમાં ૪૩.૫૦ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૭૭.૪૨ વરસાદ ખાબક્યો છે. ખાસ કરીને વાત કરવામાં આવે તો, વરસાદે દક્ષિણ ગુજરાતમાં વધારે તારાજી સર્જી છે, દક્ષિણ ગુજરાતમાં વરસાદના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હોવાથી લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. અનેક રસ્તાઓ પણ પાણીના કારણે બંધ કરી દેવામાં આવ્યાં હતાં. જો કે, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્થિતિને નિયંત્રણમાં લેવા માટે રાહતકામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ઉત્તર ગુજરાતની વાત કરવામાં આવે તો, બનાસકાંઠા અને વાવ-થરાદ પંથકમાં વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદી માહોલ જામ્યો હતો. અમીરગઢમાં સવારથી જ ઝાપટાં શરૂ થઈ ગયાં હતાં અને કુલ ૮૦ મીમી વરસાદ નોંધાયો. ડીસા અને લાખાણી તાલુકામાં માત્ર બે-ત્રણ કલાકમાં જ ૪૫-૪૫ મીમી વરસાદ વરસી ગયો હતો. મધ્ય ગુજરાત અને પંચમહાલ-દાહોદ વિસ્તારમાં પણ હળવાથી મધ્યમ ઝાપટાં પડતાં ધરતીપુત્રોના ચહેરા ખીલી ઊઠ્યા હતાં.

# વડોદરાની માંજલપુર વિધાનસભા બેઠક પર પેટા ચૂંટણી માટે ભાજપે ચાલુ કર્યો પુરજોશમાં પ્રચાર

વડોદરા,

આ મહિનાના અંતમાં તા. ૩૦ જુલાઈએ વડોદરાની માંજલપુર વિધાનસભા બેઠક પર પેટા ચૂંટણી માટે મતદાન થશે. માંજલપુર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. ભારે વરસાદ વચ્ચે પણ શાસક પક્ષ દ્વારા આ બેઠક જીતવા માટે પ્રચારનો ધમધમાટ પૂરજોશમાં ચાલી રહ્યો છે. મહત્ત્વપૂર્ણ છે કે, આ બેઠક ભાજપના સીનિયર ધારાસભ્ય અને પૂર્વ મંત્રી યોગેશ પટેલના અવસાનના કારણે ખાલી પડી છે.ભાજપ તરફથી સતીષભાઈ પટેલ મેદાનમાં છે જ્યારે કોંગ્રેસ તરફથી ભીખાભાઈ રબારી વચ્ચે ટક્કર જોવા મળશે.

પેટાચૂંટણીમાં વિજય સુનિશ્ચિત કરવા માટે ભાજપે પોતાની આખી રાજકીય ફોજ વડોદરામાં ઉતારી દીધી છે. સ્થિતિ એવી છે કે ગઈકાલે મુખ્યમંત્રીએ વડોદરાની મુલાકાત લીધી હતી, તો એ પહેલા નાયબ મુખ્યમંત્રી અને પ્રદેશ અધ્યક્ષ પણ પ્રચારના રણમેદાનમાં આવી ચૂક્યા છે. આ ઉપરાંત, કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલે પણબેઠકો યોજીને ચૂંટણી પ્રચારની કમાન સંભાળી લીધી છે.

મીડિયા સુત્રો અનુસાર દાયકાઓ સુધી એક જ નેતાના પ્રભુત્વ હેઠળ રહેલી આ બેઠક પર પક્ષ કોઈપણ પ્રકારનું જોખમ લેવા માંગતો નથી. સ્થાનિક સ્તરે મતદારોને રીઝવવા અને પક્ષની મજબૂતી જાળવી રાખવા માટે પ્રદેશથી લઈને કેન્દ્ર સુધીના નેતાઓએ તાકાત લગાવી છે.

# વરસાદ બંધ છતા પાણી ના ઓસરતા બોપલમાં ત્રસ્ત નાગરિકોએ અમદાવાદના મેયરને ઘેરીને સવાલો કર્યા

અમદાવાદ,

ગયા અઠવાડિયે શહેરમાં વરસેલા અતિભારે વરસાદ બાદ બોપલ, ઘુમા અને શેલા સહિતના વિસ્તારોમાં મોટા પ્રમાણમાં પાણી ભરાવાની સમસ્યા થઈ હતી પણ ત્રણ દિવસ બાદ સુધી પણ પાણીનો નિકાલ ન થતાં સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો. આ દરમિયાન મેયર હિતેષ બારોટ બોપલ ગામની મુલાકાતે પહોંચતા સ્થાનિક રહેવાસીઓ અને કોંગ્રેસના કાર્યકરોએ તેમને ઘેરી પોતાની સમસ્યાઓ રજૂ કરી હતી.





આ સમયે સ્થાનિકોનો આક્ષેપ છે કે, સતત ત્રણ દિવસ સુધી ઘરોમાં પાણી ભરાયેલા રહેતાં જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. ઘરમાં પાણી ઘૂસી જવાથી ઘરવખરી, ઈલેક્ટ્રોનિક્સ સાધનો, અનાજ સહિતની ચીજવસ્તુઓને નુકસાન પહોંચ્યું છે. કેટલાક વિસ્તારોમાં લોકો પીવાનું પાણી અને જરૂરી વસ્તુઓ મેળવવા માટે બોટનો સહારો લેવા મજબૂર બન્યા હતા. વરસાદ બંધ રહ્યો હોવા છતા લોકોના ઘરમાં ૨-૩ ફૂટ પાણી ભરાયેલા છે. વરસાદી પાણીની સ્થિતિ તો બોપલ જ્યારે નગરપાલિકા હતું ત્યારે પણ નહોતી તેવી રજૂઆત સ્થાનિકોએ મેયરને કરી હતી.

અમદાવાદના મેયર હિતેશ બારોટે મુલાકાત દરમિયાન સ્થાનિકોને જણાવ્યું હતું કે, મહાનગરપાલિકા દ્વારા વરસાદી પાણીના નિકાલની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. તેમણે હોબાળો કરનાર વ્યક્તિ કોંગ્રેસ સાથે સંકળાયેલા હોવાનું કહી સ્થાનિકોની સમસ્યાઓના નિરાકરણ માટે તંત્ર સતત કાર્યરત હોવાનું જણાવ્યું છે.

કોંગ્રેસના સ્થાનિક આગેવાનોએ આક્ષેપ કર્યો કે, વરસાદ બાદ અનેક રજૂઆતો છતાં સમયસર કાર્યવાહી કરવામાં આવી નહોતી. તેમનું કહેવું છે કે રહેણાંક વિસ્તારોમાંથી પાણી કાઢવાની પ્રાથમિકતા હોવી જોઈએ હતી, પરંતુ કામગીરીમાં વિલંબ થતાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો.

# ધોળીધજા અને વાંસલ ડેમ ૧૦૦% ભરાતાં નિચાણવાળા ગામોને સાવચેત કરાયા

## સુરેન્દ્રનગરના ૧૧ જળાશયોમાં નવા પાણીની આવક

સુરેન્દ્રનગર,

છેલ્લા ૪ દિવસમાં થયેલા સાર્વત્રિક વરસાદને કારણે સુરેન્દ્રનગર જિલ્લામાં જળસંપત્તિમાં નોંધપાત્ર વધારો થયો છે જેમાં જિલ્લાના મુખ્ય ૧૧ જળાશયોમાં મોટા પ્રમાણમાં નવા નીરની આવક થઈ હતી.

સ્થાનિક જળસંપત્તિ વિભાગના જણાવ્યા અનુસાર, સુરેન્દ્રનગર શહેરની જીવાદોરી સમાન ધોળીધજા ડેમ અને ચુડા તાલુકાનો વાંસલ ડેમ સંપૂર્ણ એટલે કે ૧૦૦% ભરાઈ ગયા છે. આ સિવાય મૂળી તાલુકામાં આવેલો નાયકા ડેમ ૬૫% સુધી ભરાઈ ચૂક્યો છે. સુરેન્દ્રનગર જિલ્લાના અન્ય નાના-મોટા ડેમોમાં પણ સરેરાશ ૬૦% જેટલી પાણીની નવી આવક નોંધાઈ છે, જેનાથી પીવાના પાણી અને સિંચાઈની સમસ્યામાં મોટો રાહત મળશે.

જીલ્લાના ધોળીધજા અને વાંસલ ડેમ પૂર્ણ ક્ષમતાએ ભરાઈ જતાં વહીવટી તંત્ર દ્વારા તકેદારીના ભાગરૂપે તાત્કાલિક પગલાં લેવામાં આવ્યા છે. ડેમના નીચાણવાળા વિસ્તારોમાં આવેલા ગામોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. તંત્ર દ્વારા નદી કિનારે કે ડેમ નજીકના વિસ્તારોમાં બિનજરૂરી અવરજવર ના કરવા કડક સૂચના આપવામાં આવી છે.

આ પરિસ્થિતિ અંગે માહિતી આપતાં સુરેન્દ્રનગર સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર દિવ્યેશ કણસાગરા જણાવ્યું છે કે, સુરેન્દ્રનગર જિલ્લાના જળાશયોમાં પાણીની આવક સતત થઈ રહી છે.

# સુરતના દેલાડવામાં જળબંબાકાર; ૧૨ કલાકથી લોકો ઘરમાં ફસાયા બાદ તંત્ર આવ્યું મદદમાં

## સુરતમાં પૂરના ત્રણ દિવસ પછી પણ અનેક વિસ્તારોમાં કાદવ-કીચડની તકલીફ

સુરત,

સુરત સહિત દક્ષિણ ગુજરાત અનેક વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી જળબંબાકારની સ્થિતિથી જનજીવન ખોરવાયું છે. જેમાં સુરતમાં ભારે વરસાદના કારણે ડિંડોલી વિસ્તારમાં આવેલું દેલાડવા જળમગ્ન બન્યું છે. જેમાં ૧૨ કલાકથી વરસાદી પાણી ન ઓસરતા દેલાડવાની અનેક સોસાયટીઓના રહીશો પોતાના જ ઘરમાં કેદ થવા મજબૂર બન્યા છે. અતિભારે વરસાદના કારણે પાણી ભરાયેલા છે. જેના લીધે મેડિકલ ઈમરજન્સીમાં પણ વાહન પહોંચી શકે તેવી સ્થિતિ નથી.



સુરતના દેલાડવામાં ધોધમાર વરસાદના કારણે અનેક સોસાયટીમાંથી પાણી ભરાયા છે, અનેક સોસાયટીઓમાં ચારેતરફ માત્ર પાણી જ પાણી જોવા મળી રહ્યું છે. સ્થાનિકોની આટલી વિકટ પરિસ્થિતિ હોવા છતાં ગામના સરપંચનો કોઈ જ અતોપતો નથી, જેના કારણે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સુરત શહેર હાલ પૂર જેવી સ્થિતિનો સામનો કરી રહ્યું છે, જ્યાં ભારે વરસાદને કારણે ખાડીઓમાં પાણી ભરાવાના પરિણામે અનેક વિસ્તારો જળબંબાકાર બન્યા છે. વરસાદ બંધ થયાના ત્રણ દિવસ વીતી ગયા હોવા છતાં, શહેરના રહેણાંક વિસ્તારોમાં, ખાસ કરીને શાંતિકુંજ સોસાયટી જેવા વિસ્તારોમાં, પાણીનો ભરાવો યથાવત છે. આ પરિસ્થિતિ સ્થાનિક રહેવાસીઓ માટે ભારે મુશ્કેલીઓ અને નુકસાનનું કારણ બની છે.

સુરતના અનેક વિસ્તારોમાં લોકોના ઘરોમાં વરસાદી પાણી ભરાઈ રહેવાથી ઘરવખરીને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. અનાજ, કપડાં, ફર્નિચર, અને અન્ય કિંમતી સામાન સંપૂર્ણપણે પલળી ગયો છે અથવા નાશ પામ્યો છે. આ ઉપરાંત, ટેલિવિઝન, ફ્રીજ, અને અન્ય ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણોને પણ ભારે નુકસાન થયું છે, જેનો આર્થિક બોજ સામાન્ય પરિવારો પર આવી પડ્યો છે.

# ભારતીય સૈન્યએ ગુજરાત, દાદરા અને નગર હવેલીમાં મોટી પૂર રાહત અને બચાવ કામગીરી પૂર્ણ કરી

અમદાવાદ,

ભારતીય સૈન્યએ ગુજરાતના કેટલાક ભાગો અને કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલીમાં નિરંતર વરસાદને કારણે સર્જાયેલી પૂરની પરિસ્થિતિનો તાત્કાલિક પ્રતિભાવ કામગીરી હાથ ધરીને, દક્ષિણ કમાન્ડના નેતૃત્વ હેઠળ, ૨૩ જુલાઈ ૨૦૨૬ના રોજ સાંજે માનવતાવાદી સહાય અને આપદા રાહત (HADR) કામગીરીની શરૂઆત કરી હતી. છેલ્લા ત્રણ દિવસમાં, એન્જિનિયર અને તબીબી ટીમો સહિતની રાહત અને બચાવ ટુકડીઓ, NDRF, SDRF, રાજ્ય કટોકટી કામગીરી કેન્દ્ર (SEOC)એ, નાગરિક પ્રશાસન અને અન્ય એજન્સીઓ સાથે ગાઢ સંકલનમાં




અથાક કાર્યરત રહીને અસરગ્રસ્ત લોકોને સમયસર સહાય પૂરી પાડી હતી.

સૈન્યએ નવસારી, વલસાડ, વાપી, સિલવાસા તેમજ ધોળકા અને રાજોડા સહિત અમદાવાદના પૂરગ્રસ્ત વિસ્તારોમાં, અનેક રાહત અને બચાવ ટુકડીઓ તૈનાત કરી હતી, જ્યારે નવી ઉભી થઈ રહેલી આકસ્મિક પરિસ્થિતિઓનો સામનો કરવા માટે વધારાની ટુકડીઓને સાબદી રાખવામાં આવી હતી.

આ સમગ્ર કામગીરી દરમિયાન, સૈનિકોએ જળમગ્ન થયેલા અને દુર્ગમ વિસ્તારોમાં બચાવ કામગીરી હાથ ધરીને ૭૯૦ થી વધુ ફસાયેલા નાગરિકોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. તબીબી ટીમોએ જરૂરિયાતમંદોને તાત્કાલિક આરોગ્યસંભાળ પૂરી પાડી હતી, જ્યારે રાહત ટીમોએ અસરગ્રસ્ત રહેવાસીઓને ભોજન, પીવાનું પાણી અને અન્ય આવશ્યક પુરવઠાઓનું વિતરણ કર્યું હતું. સૈન્યના જવાનોએ અસરગ્રસ્ત વિસ્તારોમાં પરિસ્થિતિને ફરી સામાન્ય કરવા માટે નાગરિક પ્રશાસનને પણ મદદ કરી હતી.

આ રાહત ઓપરેશનમાં આંકડાઓ ઉપરાંત, હિંમત, સ્થિતિસ્થાપકતા અને નિઃસ્વાર્થ સેવાની અસંખ્ય પ્રેરણાદાયી ગાથાઓ જોવા મળી.


# શ્વાસનળીમાં દોઢ વર્ષથી ફસાયેલો દાંત માત્ર ૨ મિનિટમાં બહાર કાઢી દર્દીને આપ્યું નવજીવન

## ટીમવર્ક અને અદ્યતન ટેકનોલોજીથી દર્દીને મળ્યું નવજીવનઃ સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોશી

અમદાવાદ,

અમદાવાદ સિવિલ હોસ્પિટલના નિષ્ણાત તબીબોએ ઉત્કૃષ્ટ કૌશલ્ય અને અદ્ભુત ટીમવર્કનો પરિચય આપતાં વધુ એક જટિલ અને દુર્લભ કેસમાં નોંધપાત્ર સફળતા મેળવી છે. પંચમહાલ જિલ્લાના ૪૭ વર્ષીય બળવંતભાઈની શ્વાસનળીમાં આશરે દોઢ વર્ષથી ફસાયેલો દાંત માત્ર ૨ મિનિટમાં સફળતાપૂર્વક બહાર કાઢીને તબીબોએ તેમને નવજીવન આપ્યું છે.

દર્દી બળવંતભાઈના જણાવ્યા અનુસાર, આશરે દોઢ વર્ષ પહેલાં તેમનો એક દાંત આપોઆપ પડી ગયો હતો અને પાણી પીતી વખતે અજાણતા



શ્વાસનળીમાં જતો રહ્યો હતો. જેના કારણે છેલ્લા એક મહિનાથી તેમને સતત ઉધરસ અને શ્વાસ લેવામાં ગંભીર તકલીફ થઈ રહી હતી. દર્દીને ૨૦ જુલાઈ, ૨૦૨૬ના રોજ અમદાવાદ સિવિલ હોસ્પિટલના પલ્મોનરી મેડિસીન વિભાગમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તબીબી તપાસ દરમિયાન માલૂમ પડ્યું હતું કે, આ દાંત શ્વાસનળીની એક શાખામાં ઊંડે સુધી ફસાયેલો હતો.

કેસની ગંભીરતાને ધ્યાને રાખી પલ્મોનરી મેડિસીન, કાન-નાક-ગળા (ENT) અને એનેસ્થેસિયા વિભાગના તબીબોએ સંયુક્ત સારવાર યોજના તૈયાર કરી હતી. ત્યારબાદ ૨૩ જુલાઈ, ૨૦૨૬ના રોજ ઓપરેશન થિયેટરમાં અદ્યતન બ્રોન્કોસ્કોપિક ટેકનીકની મદદથી આ દાંતને માત્ર ૨ મિનિટના ટૂંકા ગાળામાં સફળતાપૂર્વક બહાર કાઢી દર્દીને નવજીવન આપ્યું હતું.

# જામનગર જિલ્લામાં બે દિ સાર્વત્રિક વરસાદ બાદ મેઘરાજાનો વિરામ

## શનિ-રવિ દરમિયાન સમગ્ર જિલ્લો કોરોધાકોડ, ખેડૂતો અને શહેરીજનોની ફરી આભ ભણી મીટ

જામનગર : ગત ગુરુવાર અને શુક્રવારે જામનગર જિલ્લાના અનેક વિસ્તારોમાં મેઘરાજાએ મન મૂકીને વરસી બે થી અઢી ઈંચ સુધી વરસાદ વરસાવ્યા બાદ છેલ્લા અડતાલીસ કલાકથી વરસાદે અચાનક વિરામ લીધો છે. શનિવારે વહેલી સવારથી જ પવનની તીવ્રતા વધતા ધીમે ધીમે વરસાદી વાદળો વિખેરાઈ ગયા હતા અને સૂર્યદેવતાએ ફરી દર્શન આપતાં સમગ્ર જિલ્લામાં વરસાદી માહોલ ઓસર્યો હતો.

શનિવારનો આખો દિવસ તેમજ રવિવારનો સમગ્ર દિવસ જિલ્લામાં એકેય સ્થળે નોંધપાત્ર તો દૂર, વરસાદનું એક ટીપું પણ નોંધાયું ન હતું. સતત બે દિવસથી વરસાદના વિરામને કારણે સમગ્ર જિલ્લો કોરોધાકોડ રહ્યો છે. બીજી તરફ, અગાઉના સારા વરસાદથી ખેતીમાં આશાનું કિરણ જાગ્યું હોવા છતાં હવે વરસાદના વિરામને કારણે ખેડૂતો ફરી એક વખત આકાશ તરફ ચાતક નજરે મેઘરાજાની રાહ જોઈ રહ્યા છે. શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ લોકો આગામી વરસાદની આતુરતાથી રાહ નિહાળી રહ્યા છે.

સોમવારે વહેલી સવારથી જિલ્લામાં ફરી એકવાર વાદળછાયું અને વરસાદી માહોલ સર્જાયો છે. આકાશમાં ઘેરા વાદળોની અવરજવર જોવા મળી રહી છે, પરંતુ સમાચાર લખાય છે ત્યાં સુધી જિલ્લામાં ક્યાંય વરસાદ નોંધાયો નથી. હવામાનમાં ભેજનું પ્રમાણ વધુ હોવાથી વરસાદની સંભાવના જીવંત હોવાનું માનવામાં આવી રહ્યું છે.

જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર વરસાદના દૈનિક પત્રક મુજબ છેલ્લા ૨૪ કલાક દરમિયાન સમગ્ર જિલ્લામાં માત્ર મોટા વડાળા પી.એચ.સી. વિસ્તારમાં ૩ મી.મી. વરસાદ નોંધાયો છે, જ્યારે બાકીના તમામ પી.એચ.સી. વિસ્તારોમાં વરસાદ શૂન્ય રહ્યો છે. મોસમ દરમિયાન નવાગામ વિસ્તારમાં સૌથી વધુ ૩૧૦ મી.મી. વરસાદ નોંધાયો છે, જ્યારે વાંસજાળીયામાં ૨૨૭ મી.મી., સમાણામાં ૧૯૧ મી.મી., મોટાપાંચદેવડામાં ૧૭૩ મી.મી. તથા જામવાડી વિસ્તારમાં ૧૬૮ મી.મી. વરસાદ નોંધાયો છે.

બાજરા સંશોધન કેન્દ્ર, જામનગર દ્વારા નોંધાયેલા હવામાનના આંકડા મુજબ સોમવારે લઘુત્તમ તાપમાન ૨૬.૫ ડિગ્રી સેલ્સિયસ, મહત્તમ તાપમાન ૩૧.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૯૨ ટકા જ્યારે પવનની ગતિ પ્રતિ કલાક ૧૪ કિલોમીટર નોંધાતા સમગ્ર જિલ્લામાં બફારાભર્યું વાતાવરણ અનુભવાઈ રહ્યું છે. હવામાનમાં ભેજનું ઊંચું પ્રમાણ અને આકાશમાં છવાયેલા વાદળોને જોતા હવે ખેડૂતો સહિત જિલ્લાના લોકોની નજર ફરી મેઘરાજાની આગામી એન્ટ્રી પર મંડાઈ છે.

# જામનગર જિલ્લામાં વરસાદથી માર્ગ પર ધરાશાય થયેલ વૃક્ષો તંત્રએ દૂર કર્યા

જામનગર : ચોમાસાની ઋતુ દરમિયાન ભારે પવન અને વરસાદના કારણે માર્ગો પર વૃક્ષો ધરાશાયી થવાની પરિસ્થિતિમાં વાહનવ્યવહારને અસર ન થાય તે માટે જામનગર જિલ્લા માર્ગ અને મકાન વિભાગ દ્વારા તાત્કાલિક કામગીરી હાથ ધરવામાં આવી હતી.



તસવીર: સુનિલ ચુડાસમા

ધ્રોલ-લતીપુર-ટંકારા સ્ટેટ હાઈવે પર વૃક્ષ ધરાશાયી થતાં ધ્રોલ માર્ગ અને મકાન પેટા વિભાગના સ્ટાફ દ્વારા તાત્કાલિક સ્થળ પર પહોંચી કામગીરી હાથ ધરવામાં આવી હતી. માર્ગ પર પડેલા વૃક્ષને ઝડપથી દૂર કરી માર્ગને વાહનવ્યવહાર માટે ખુલ્લો કરવામાં આવ્યો હતો.

તે જ રીતે, જામનગર-લાલપુર-પોરબંદર સ્ટેટ હાઈવે પર પણ વૃક્ષો ધરાશાયી થતાં જામજોધપુર માર્ગ અને મકાન પેટા વિભાગના સ્ટાફ દ્વારા તાત્કાલિક સ્થળ પર પહોંચી માર્ગ પર પડેલા વૃક્ષોને દૂર કરવાની કામગીરી કરવામાં આવી હતી. ટૂંક સમયમાં જ રસ્તો ખુલ્લો કરાવી વાહનવ્યવહારને સુગમ બનાવવામાં આવ્યો હતો.

ચોમાસા દરમિયાન માર્ગો પર વૃક્ષો ધરાશાયી થવા જેવી પરિસ્થિતિમાં વાહનવ્યવહારને ઓછામાં ઓછી અસર થાય અને નાગરિકોને સલામત તથા સરળ અવરજવર મળી રહે તે માટે માર્ગ અને મકાન વિભાગના કર્મચારીઓ દ્વારા ત્વરિત પ્રતિસાદ સાથે કામગીરી કરવામાં આવી રહી છે.

# જામનગરમાં સ્મશાન પાસેથી ૬ ચોરાઉ બાઈક સાથે ૨ સગીર સહિત ૩ પકડાયા

**પોલીસે રૂ.૧.૧૦ લાખની કિંમતના છ મોટરસાયકલ કબજે કરી ઊંડી તપાસ આરંભી**

જામનગર : જામનગરમાં વાહન ચોરીના વધતાં જતા ચિંતાજનક બનાવો વચ્ચે સીટી બી ડિવિઝન પોલીસની સર્વેલન્સટ સ્કોર્ડે સફળતા મેળવી છે. શહેરમાં અલગ-અલગ જગ્યાએથી થયેલી ૬ વાહન ચોરીનો ભેદ ઉકેલી ૬ ચોરાઉ બાઈક સાથે એક શખ્સ અને બે સગીરને પકડી પડ્યા હતા.



શહેરમાં વાહનચોરીની વધતી ફરિયાદ વચ્ચે પોલીસે તપાસમાં હતી તેવામાં ચોરાઉ બાઈક સાથે ૩ શખ્સો સ્મશાન ચોકડી પાસે આટાફેરા કરતા હોવાની પોલીસને બાતમી મળી હતી. જેના આધારે પોલીસે શંકાસ્પદ હાલતમાં નીકળેલા આરોપી અલ્તમસ ઉર્ફે મસ્તાન રફીકભાઇ સમા (રહે.કાલાવાડ નાકા બહાર, મહા પ્રભુજીની બેઠક, સાલુપીરની દરગાહ વાળી શેરી) અને બે સગીરને અટકાવી પૂછપરછ હાથ ધરી હતી. જ્યાંરે ઈ-ગુજકોપમા સર્ચ કરી તપાસમાં આરોપીઓએ બાઈક ચોરીની કબૂલાત આપી હતી. વધૂ પૂછપરછમાં ત્રણેય શખ્સોએ સાથે મળી આ બાઈક સિવાઈ અલગ અલગ જગ્યાએથી વધૂ ૫ બાઈક ચોર્યાની કબૂલાત આપી હતી. પોલીસે રૂ.૧.૧૦ લાખની કિંમતના છ મોટરસાયકલ કબજે કરી વધૂ તપાસ હાથ ધરી છે.

# જામનગરની ડેન્ટલ કોલેજના રૂ. ૧.૩૯ કરોડના કૌભાંડમાં વધુ એક આરોપીની ધરપકડ

## સુરતથી હરેશ વસાવડા નામના શખસને ઝડપી લઈ રીમાંડ બાદ જેલ હવાલે કરાયો

જામનગર : જામનગરની ચકચારી ડેન્ટલ કોલેજની રોગી કલ્યાણ સમિતિના ખાતામાંથી રૂ. ૧.૩૯ કરોડના ૧૫ ચેકનો ગેરઉપયોગ કરી કૌભાંડ આચરવાના કેસમાં સેશન્સ કોર્ટના કડક વલણ વચ્ચે પોલીસને વધુ એક સફળતા મળી છે. સીટી 'બી' ડિવિઝન પોલીસે સુરતથી હરેશ રવજીભાઈ વસાવડા નામના એક આરોપીની ધરપકડ કરી તેને જામનગર લાવી કોર્ટમાં રજૂ કર્યો હતો. કોર્ટે ૨ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા બાદ આરોપીને જેલ હવાલે કરવામાં આવ્યો છે.

આ કેસમાં નેશનલ હેલ્થ મિશન (એનએચએમ)ના કરાર આધારિત કર્મચારી શોભિત ગર્ગ સામે રોગી કલ્યાણ સમિતિના ડીનની સહિવાળા ૧૫ ચેકનો ગેરઉપયોગ કરી કુલ રૂ. ૧.૩૯ કરોડ પોતાના ખાતામાં ટ્રાન્સફર કર્યાનો ગુનો નોંધાયો હતો. શોભિત ગર્ગની અગાઉ ધરપકડ થઈ ચૂકી છે અને તે જેલમાં છે.

દરમિયાન, આરોપીની જામીન અરજીની સુનાવણી દરમિયાન બચાવ પક્ષે ઉઠાવેલા ટેકનિકલ મુદ્દાને ધ્યાનમાં લઈને સેશન્સ કોર્ટે તપાસ અંગે ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા હતા. કોર્ટે પૂછ્યું હતું કે ચેક પર જેમની સહીઓ છે તે ડીનને આરોપી કેમ બનાવવામાં આવ્યા નથી? ઉપરાંત દોઢ મહિનામાં કેસના ત્રણ તપાસ અધિકારીઓ બદલાયા હોવા અંગે પણ કોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી.

સેશન્સ કોર્ટે રાજ્યના ગૃહ વિભાગને આ મામલે લેખિત અહેવાલ કેમ મોકલવો નહી તે અંગે ખુલાસો માંગ્યો છે તેમજ કેસની તપાસ કરનારા ત્રણેય પીએસઆઈને સોમવાર, તા. ૨૭ જુલાઈએ અદાલતમાં હાજર રહી ખુલાસો કરવા ફરમાન કર્યું છે.

આ દરમિયાન પોલીસે સુરતથી ઝડપી પાડેલા હરેશ વસાવડાના બેંક ખાતામાં કૌભાંડની અમુક રકમ જમા થઈ હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવતાં તેની ધરપકડ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. હવે પોલીસ આર્થિક વ્યવહારોની વધુ તપાસ કરીને કૌભાંડમાં અન્ય કોઈની સંડોવણી છે કે નહીં તે દિશામાં તપાસ આગળ વધારી રહી છે.

# ધ્રોલના કર્મઠ શિક્ષકનું હાર્ટએટેકથી મૃત્યુ, શિક્ષણ જગતમાં ઘેરો શોક



ધ્રોલ (સંજય ડાંગર દ્વારા) : ધ્રોલના શિક્ષણ જગત માટે રવિવારનો દિવસ શોકમય બની રહ્યો હતો. બી.એમ. પટેલ સ્કૂલના ટ્રસ્ટી તથા એન.સી.સી.ના શિક્ષક કિરીટભાઈ વિરમગામાનું અચાનક હાર્ટ એટેક આવતાં દુઃખદ નિધન થયું છે. તેમના નિધનના સમાચાર મળતા જ સમગ્ર શૈક્ષણિક આલમ, વિદ્યાર્થીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને શહેરમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી.

મળતી માહિતી મુજબ, રવિવારે સવારે આશરે ૯:૩૦ વાગ્યાના સુમારે પોતાના જામનગર હાઈવે પર આવેલી જી.એમ.પટેલ સ્કૂલ ની સામે કૃષ્ણનગર સોસાયટી સ્થિત નિવાસસ્થાને હાજર હતા ત્યારે તેમને અચાનક છાતીમાં તીવ્ર દુઃખાવો ઉપડ્યો હતો. પરિસ્થિતિ ગંભીર બનતાં પરિવારજનોએ તેમને તાત્કાલિક ધ્રોલની સરકારી હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડ્યા હતા. જોકે હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબોએ તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા. કિરીટભાઈ વિરમગામા શિક્ષણ ક્ષેત્રે નિષ્ઠાવાન શિક્ષક, કુશળ સંચાલક અને વિદ્યાર્થીઓના પ્રિય માર્ગદર્શક તરીકે ઓળખાતા હતા. એન.સી.સી.ના શિક્ષક તરીકે તેમણે અનેક વિદ્યાર્થીઓમાં શિસ્ત, દેશપ્રેમ અને નેતૃત્વના ગુણો વિકસાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. સાથે જ બી.એમ. પટેલ સ્કૂલના ટ્રસ્ટી તરીકે સંસ્થાના વિકાસમાં પણ તેમની નોંધપાત્ર ભૂમિકા રહી હતી.

# લાલપુરના ડેરા છીકારી ગામે સોલાર પ્લાન્ટમાં એકાએક પડી ગયેલ શ્રમિકનું મોત

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના ડેરા છીકારી સીમ વિસ્તારમાં આવેલા સોલાર પ્લાન્ટમાં કામ દરમિયાન આકસ્મિક રીતે પડી જતા પરપ્રાંતીય શ્રમિકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જે મામલે મેઘપર પોલીસે મોતની નોંધ કરી તપાસ હાથ ધરી છે.

પોલીસ મથકેથી પ્રાપ્ત વિગત અનુસાર મૂળ બિહાર રાજ્યના નાલંદા જિલ્લાના કેવઈ બીગહા ગામના વતની અને હાલ મોટીખાવડી ગામે રહેતા ચુનચુન કૃષ્ણા ચોહાણ નામનો ૩૭ વર્ષીય યુવાન તા.૧૬ જુલાઈના રોજ સવારે ૧૧ વાગ્યે ડેરા છીકારી સીમમાં આવેલા પી.વી. સોલાર સેલ-૨ પ્લાન્ટમાં મજૂરી કામ કરી રહ્યા હતા. આ દરમિયાન કોઈ કારણસર અચાનક પડી જતા તેના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જે મામલે સાથી કામદારોને જાણ થતા ઈજાગ્રસ્તને તાત્કાલિક ટાઉનશિપ મેડિકલ સેન્ટરમાં સારવાર માટે ખસેડાયો હતો.

જ્યાંથી વધુ સારવારની જરૂર જણાતા જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ દરમિયાન તેનું સારવારમાં મોત થયાનું ફરજ પરના તબીબે જાહેર કર્યું હતું. બનાવ અંગે મૃતકના સંબંધી શસુધનકુમાર કુષ્ણનંદન ચોહાણ (રહે-કેવઈ બીગહા, બીહાર) એ પોલીસમાં જાણ કરતા મેઘપર પોલીસ પોલીસે મોતની નોંધ કરી ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ શરૂ કરી છે.

# જામનગરના ઉદ્યોગનગર પાણાખાણ વિસ્તારમાં વારંવાર વીજ પુરવઠો ખોરવાતાં નાગરિકોમાં રોષ

**કાયમી ઉકેલની માંગ સાથે પીજીવીસીએલ કચેરી સામે રોડ બંધ કરી વિરોધ પ્રદર્શિત કર્યો**

જામનગર : જામનગરના ઉદ્યોગનગર પાણાખાણ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી અવારનવાર વીજ પુરવઠો ખોરવાતાની સમસ્યાથી સ્થાનિક રહિશો ભારે પરેશાન બન્યા છે. વારંવાર સર્જાતી વીજ સમસ્યાના કારણે દૈનિક જનજીવન પર અસર પડી રહી હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.



તસવીર: સુનિલ ચુડાસમા

સમસ્યાના કાયમી નિરાકરણની માંગ સાથે શનિવારે વિસ્તારના રહિશોએ ૫૮ દિગ્વિજય પ્લોટ સ્થિત પીજીવીસીએલ કચેરી સામે રોડ બંધ કરી ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિરોધ દરમિયાન મોટી સંખ્યામાં સ્થાનિકો એકત્રિત થયા હતા અને તાત્કાલિક તેમજ કાયમી ધોરણે વીજ પુરવઠાની સમસ્યાનું નિરાકરણ લાવવાની માંગ ઉઠાવી હતી.

રોડ બંધ કરાતા થોડા સમય માટે વાહનવ્યવહાર પણ પ્રભાવિત થયો હતો. ઘટનાની જાણ થતાં સંબંધિત અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા અને રજૂઆતો સાંભળી યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. સ્થાનિકોએ જણાવ્યું હતું કે વરસાદી મોસમ દરમિયાન વારંવાર વીજ પુરવઠો ખોરવાતો હોવાથી સામાન્ય જનતા, વેપારીઓ અને વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. હવે તંત્ર દ્વારા માત્ર આશ્વાસન નહીં પરંતુ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવે તેવી લોકમાગ ઉઠી છે.

# જામનગરમાં ઓરડીમાંથી પરપ્રાંતીય યુવાનનો મૃતદેહ મળ્યો

જામનગર : જામનગર શહેરના ગાંધીનગર વિસ્તારમાં આવેલા પુનીતનગર શેરી નં. ૧ ખાતે ભાડાની ઓરડીમાં રહેતા દિનેશકુમાર શ્રીરામ યાદવ (ઉ.વ ૪૫) નો તા. ૨૫ જુલાઈના રોજ ઓરડીમાંથી મૃતદેહ મળી આવ્યો હતો. આ મામલે દશરથસિંહ બળવંતસિંહ જાડેજા (રહે-મુળ.ગામ.ઘુટુ તા.મોરબી)એ પોલીસમાં જાણ કરતા પોલીસે દોડી જઈ તપાસ હાથ ધરી હતી.



પ્રાથમિક તપાસમાં મૃતક નશાની ટેવ વાળો હોય જેનું મોતનું કારણ અકબંધ હોવાથી હાલ મોતનું કારણ જાણવા અને વાલી વારસદારોની શોધખોળ માટે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# ભટ્ટ ગામના રોડ પર મોટરસાયકલ સ્લીપ થતા ચાલક પ્રૌઢનું મૃત્યુ

ખંભાળિયા : ખંભાળિયાથી ૧૦ કિમી દુર આવેલ ભટ્ટ ગામના રોડ પર જામનગરના પ્રૌઢનું મોટરસાયકલ સ્લીપ થઈ જતા સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવની મૃતકના પત્ની દ્વારા જાણ કરવામાં આવતા સ્થાનિક પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે તેમજ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર જામનગર શહેરમાં ગોકુલનગર વિસ્તારમાં મથુરા સોસાયટી ખાતે રહેતા ઈશ્વરદાસ કાલીદાસ કાપડી નામના ૫૬ વર્ષના પ્રોઢ ગત તા. ૧૭-૬ ના રોજ પોતાનું જી. જે ૧૦. પી. ૦૯૫૨ નંબરનું મોટરસાયકલ ચલાવી ખંભાળિયા તાલુકાના ભટ્ટ ગામની ગોળાઈ પાસેથી પસાર થતાં હોય દરમિયાન એકાએક મોટરસાયકલ સ્લીપ થઈ જતા તેઓને માથાના તથા શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજા પહોંચતા હોસ્પિટલમાં સારવાર દરમિયાન ગઈકાલે મૃત્યુ નિપજતા પરિવારમા ભારે ગમગીની છવાઈ ગઈ છે. આ બનાવની મૃતકના પત્ની પ્રફુલ્લાબેન કાપડીએ ખંભાળિયા પોલીસ દફતરે જાણ કરતા હે. કો. બી. એમ. ગોજીયા આગળની તપાસ ચલાવી રહ્યા છે.

# શહેરમાં જુગટુ રમતાં ૩ ઝબ્બે

જામનગર : જામનગર શહેરના હવાઈ ચોક વિસ્તારમાં જાહેરમાં એકી-બેકી નામનો જુગાર રમતા ત્રણ શખ્સોને પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસે બાતમીના આધારે તા.૨૫ ની રાત્રે ૧:૫૫ વાગ્યે દરોડો પાડી જુગાર રમતા રમેશ ઉર્ફે ગોપુ ગોવિંદભાઈ મંગે (રહે. દિ પ્લોટ ૫૮ બંસી ડેરીની બાજુમાં), જગદીશ ઉર્ફે બાટવો વિષ્ણુભાઈ ગજરા (રહે.દિ પ્લોટ ૫૯ પાણીના ટાકા પાસે) અને સુનીલ જ્ઞાનચંદ લાલવાણી (રહે. હિંગળાજ ચોક, દિ. પ્લોટ ૫૮)ને ચલણી નોટોના નંબર ઉપર એકી-બેકીના આંકડા બોલી જુગાર રમતા પકડી પાડ્યા હતા. આરોપીઓ પાસેથી રૂ. ૬ હજાર ઉપરાંતની રોકડ જપ્ત કરી જુગારધારા હેઠળ કાર્યવાહી કરાઈ છે.

# દ્વારકાના આરંભડા ગામે વીજકરંટ લાગતા બે ગાયોના મોતથી ભારે અરેરાટી

દ્વારકા : દ્વારકા પંથકના આરંભડા ગામે સીમ વિસ્તારમાં ચરતી વેળાએ બે ગાયો જીવંત વીજવાયરને અડી જતા શોક લગતા મોતને ભેટી હતી આ બનાવની ગાયના માલિક દ્વારા જાણ કરવામાં આવતા સ્થાનિક પોલીસે સ્થળપર દોડી જઈ વધુ તપાસ આરંભી હતી.

મળતી માહિતી મુજબ દ્વારકા તાલુકાના આરંભડા ગામે આવેલ ધરાનગર સીમ વિસ્તારમાં ગત તા. ૨૫ ના રોજ ભારૂભા હધાભા જામ અને અરજણભા રાધાભા માણેકની માલિકીની ગાયો તેઓના ઘર નજીક ચરતી હોઈ દરમિયાન ત્યાં પીજીવીસીએલનો જીવંત તૂટેલો વાયર પડ્યો હોઈ જેને અડી જતા બન્ને ગાયોને જોરદાર વીજકરંટ લાગતા મૃત્યુ નિપજતા અરેરાટી પ્રસરી ગઈ છે. આ બનાવની મીઠાપુર પોલીસ દફતરે ભારૂભા હધાભા જામ દ્વારા જાણ કરવામાં આવતા એ. એસ. આઈ. એન. જે. ગોજીયા આગળની તપાસ ચલાવી રહ્યા છે.

**કાર અકસ્માતમાં બે વ્યક્તિના મૃત્યુના બનાવ બાદ**

# જામજોધપુરના પી.આઈ.ને લીવ રિઝર્વમાં મૂકી દેતા જિલ્લા પોલીસવડા

જામનગર : જામજોધપુર શહેરના ગાધેશ્વર ફાટક પાસે ગત ગુરૂવારે રાત્રે જામજોધપુર પોલીસ મથકના પીઆઈ પોતાની મોટરમાં પસાર થતા હતા ત્યારે ત્યાં સાઈડમાં ઉભેલા ટ્રેક્ટરની પાછળ તેઓની મોટર અથડાતા અકસ્માતમાં બે વ્યક્તિના મૃત્યુ નિપજ્યા હતા, જ્યારે અન્ય એકને ઈજા થઈ હતી. ત્યાર પછી એસ.પી. એ ઉપરોક્ત પી.આઈ. ની લિવ રિઝર્વમાં બદલી કરી છે.

જામજોધપુર શહેરના પોલીસ મથકમાં ફરજ બજાવતા પી આઈ નિલેશ બી. ચૌહાણ ગુરૂવારની રાત્રે પોતાની ક્રેટા મોટરમાં ગાધેશ્વર ફાટક પાસેથી જતા હતા. ત્યારે ત્યાં એક ટ્રેક્ટરમાં મૃત બળદને ચઢાવી રહેલા નુંધાભાઈ નાથાભાઈ ભોજાણી, રામદાસ મૈયારામ દેસાણી ઉર્ફે રમેશભાઈ સાધુ તથા રોનકભાઈ અશોકભાઈ ખાંટ નામના ત્રણ વ્યક્તિને મોટરની ઠોકર એ ચઢાવ્યા હતાં

આ અકસ્માતમાં નુંધાભાઈ તથા રોનકભાઈના મૃત્યુ નિપજ્યા હતા. જ્યારે રામદાસને ઈજા થઈ હતી. મૃતક નુંધાભાઈના પુત્ર મહેશભાઈ એ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પીઆઈ એન.બી. ચૌહાણ સામે ગુન્હો નોંધાયો હતો અને લાલપુરના પીઆઈ કે.એલ. ગળચરે તપાસ શરૂ કરી હતી. તે દરમિયાન જામનગરના જિલ્લા પોલીસવડા ડો. રવિમોહન સૈની એ પીઆઈ એન.બી. ચૌહાણની લિવ રિઝર્વમાં બદલી કરી નાખી છે. જામજોધપુરના પીઆઈ તરીકે પીએસઆઈ એમ.એલ. ઓડેદરાને ચાર્જ સોંપવામાં આવ્યો છે.

# દ્વારકામાં બે જગ્યાએ જુગારના દરોડામાં છ મહિલાની અટકાયત

દ્વારકા : દ્વારકા શહેરમાં બે જગ્યાએ સ્થાનિક પોલીસે જુગાર અંગેના દરોડા પાડી છ મહિલાની રૂ. ૨૬૪૦ ની રોકડ રકમ સાથે અટકાયત કરી તમામ સામે જુગારધારા હેઠળ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રથમ દરોડાની પ્રાપ્ત માહિતી અનુસાર દ્વારકા શહેરમાં હોટલ પ્રાઈડ કમ્ફર્ટ પાછળની ગલીમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતી સીતાબેન સોમભા માણેક, નયનાબેન ભાવુભા બઠિયા અને દેવીબેન ધનાભા નામની ત્રણ મહિલાની સ્થાનિક પોલીસે અટકાયત કરી સ્થળપરથી રૂ. ૧૩૧૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી.

બીજો દરોડો જ્યારે દ્વારકાની માધવ હોટલ પાછળ ગલીમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતી રાણીબેન જીલુભા બઠિયા, સુરજબેન ધનાભા ભાયા અને સોનુબેન ધનાભા ભાયા નામની ત્રણ મહિલાની સ્થાનિક પોલીસે દરોડો દરમિયાન રૂ. ૧૩૩૦ ની રોકડ રકમ સાથે અટકાયત કરી હતી.

# ધ્રોલમાં ટાયર ફેક્ટરીમાં ઈલેક્ટ્રિક શોક લાગતા આધેડ શ્રમિકનું મૃત્યુ



ધ્રોલ (સંજય ડાંગર દ્વારા) : જામનગર જિલ્લાના ધ્રોલના વાગુદળ રોડ પર આવેલી એક ટાયર ફેક્ટરીમાં કામકાજ દરમિયાન ઈલેક્ટ્રિક શોક લાગતાં એક આધેડ શ્રમિકનું મૃત્યુ નીપજતાં અરેરાટી ફેલાઈ ગઈ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, મૂળ લાલપુર તાલુકાના ઘરાનગર ગામના વતની અને હાલ ધ્રોલ ખાતે રહેતાં ચંદુભાઈ રામજીભાઈ સિંગરખિયા (૫૫) દેવ ટાયર ફેક્ટરીમાં મજૂરી કામ કરતાં હતાં. દરમ્યાન શનિવારે બપોરે બોઈલરમાં લાકડા નાખતી વખતે તે ઈલેક્ટ્રિક ફૂંકણીના સંપર્કમાં આવી જતાં તેમને વીજ કરંટ લાગ્યો હતો, અને બેશુદ્ધ બન્યા હતા. જેઓને ગંભીર હાલતમાં ધ્રોલ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ધ્રોલ પોલીસે મૃતકના પુત્ર કિશન ચંદુભાઈ સિંગરખીયાની જાહેરાતના આધારે અકસ્માતે મૃત્યુનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# બીએએમએસ તૃતિય વર્ષના પ્રશ્નપત્ર લિકની આશંકા મુદ્દે યુવક કોંગ્રેસ-એનએસયુઆઈની યુનિ.માં રજૂઆત

**નિષ્પક્ષ તપાસ, જવાબદારો સામે કાર્યવાહીની માગ : આંદોલનની પણ ચિમકી ઉચ્ચારાઈ**

જામનગર : ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી હેઠળ લેવાયેલી બી.એ.એમ એસ. તૃતીય વર્ષના શલ્ય તંત્ર-૧ વિષયની પરીક્ષા અગાઉ, તા. ૨૦ જુલાઈ પહેલાં જ પ્રશ્નપત્ર વોટ્સએપ સહિતના સોશિયલ મીડિયા માધ્યમોમાં ફરતું હોવાના આક્ષેપ સાથે યુવક કોંગ્રેસ અને એન.એસ.યુ.આઈ. જામનગર દ્વારા ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના સત્તાધીશોને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી.



તસવીર: સુનિલ ચુડાસમા

આવેદનમાં જણાવાયું છે કે પરીક્ષા પૂર્વે પ્રશ્નપત્ર સોશિયલ મીડિયા પર ફરતું હોવાથી સમગ્ર પરીક્ષા પ્રક્રિયાની પારદર્શિતા અને વિશ્વસનીયતા અંગે ગંભીર શંકા ઉભી થઈ છે. આ સમગ્ર મામલે નિષ્પક્ષ અને ઉચ્ચસ્તરીય તપાસ હાથ ધરી, જો પ્રશ્નપત્ર લીક થયું હોવાનું સામે આવે તો જવાબદાર વ્યક્તિઓ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેમજ વિદ્યાર્થીઓના હિતોને ધ્યાનમાં રાખીને યોગ્ય નિર્ણય લેવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

યુવક કોંગ્રેસ અને એન.એસ.યુ.આઈ.ના આગેવાનોએ જણાવ્યું હતું કે પરીક્ષા વ્યવસ્થામાં કોઈપણ પ્રકારની અનિયમિતતા વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં સમાન છે અને તેમાં કોઈ બેદરકારી ચલાવી લેવામાં આવશે નહીં.

સંગઠનના આગેવાનોએ ચેતવણી આપી હતી કે જો આ મામલે તાત્કાલિક અને યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં વિદ્યાર્થીઓને સાથે રાખી ઉગ્ર આંદોલનનો માર્ગ અપનાવવામાં આવશે, જેની સંપૂર્ણ જવાબદારી યુનિવર્સિટી તંત્રની રહેશે.

# જામનગરમાં વૃદ્ધને આંતરી ત્રણ શખ્સોનો તીક્ષણ હથિયારથી જીવલેણ હુમલો

જામનગર : જામનગર શહેરના શંકર ટેકરી વિસ્તારમાં એક વૃદ્ધ પર છરી, પાઈપ અને લાકડાના ધોકાથી હુમલો કરી ઈજા પહોંચાડવા તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપવાના બનાવ અંગે સીટી સી. ડિવિઝન પોલીસ મથકે ત્રણ શખ્સો સામે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ શહેરના શંકર ટેકરી, નવી નિશાળ પાસે રહેતા મહમદભાઈ યુસુફભાઈ ખફી નામના ૬૬ વર્ષના વૃદ્ધ પોતાના ઓલા મોટરસાયકલ પર પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન શંકર ટેકરી વિસ્તારમાં રહેતા સાહિદ ફિરોજભાઈ ખીરા, વસીમ સલીમ ખીરા અને અલ્ફાન ગફાર ખીરાએ તેમનો રસ્તો રોકી હુમલો કર્યો હતો.

જેમાં સાહિદ ફિરોજભાઈ ખીરાએ છરી વડે મહમદભાઈના માથાના ભાગે ઈજા પહોંચાડી હતી. વસીમ સલીમ ખીરાએ પાઈપ વડે શરીરે માર માર્યો હતો, જ્યારે અલ્ફાન ગફાર ખીરાએ લાકડાના ધોકાથી હુમલો કરી ઈજા પહોંચાડી હતી. ત્યારબાદ ત્રણેય આરોપીઓએ ફરિયાદીને ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે સીટી સી ડિવિઝન પોલીસે સાહિદ ફિરોજભાઈ ખીરા, વસીમ સલીમ ખીરા અને અલ્ફાન ગફાર ખીરા સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૧) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

## સૌરાષ્ટ્ર આસપાસ

# વિદ્યાર્થીઓના હિતમાં હવે પરીક્ષા માળખામાં બદલાવ

નીટની પરીક્ષા બાદ જ્યારે પરિણામ જાહેર થયું ત્યારે દેશભરના લાખો વિદ્યાર્થીઓના હાથમાં ચોપડા નહીં પણ આંદોલનના બેનરો આવી ગયા. દિલ્હીથી લઈને નાના શહેરો સુધી વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરી આવ્યા. કોઈના હાથમાં અમે ન્યાય માંગીએ છીએના નારા હતા તો કોઈ આંખમાં આંસુ સાથે પોતાની વર્ષોની મહેનતનો હિસાબ માંગતું હતું. સોશિયલ મીડિયા પર પણ વિદ્યાર્થીઓનો રોષ જોવા મળ્યો. માતા-પિતા પણ ચિંતામાં હતા કે જો આટલી મોટી પરીક્ષામાં જ ગરબડ થતી હોય તો સામાન્ય વિદ્યાર્થીનું શું થશે. આ આંદોલને સરકારને પણ વિચારતી કરી દીધી કે હવે માત્ર ખુલાસો આપવાથી કામ નહીં ચાલે, આખી વ્યવસ્થાને નવેસરથી બનાવવી પડશે. વિદ્યાર્થીઓના આ જ આક્રોશ અને માંગણીને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે નીટ પરીક્ષામાં મોટા ફેરફારો કરવાનો માર્ગ અપનાવ્યો છે.સરકારે સૌથી પહેલા વિદ્યાર્થીઓની વાત સાંભળવાનું નક્કી કર્યું અને તે માટે એક ઉચ્ચ કક્ષાની નિષ્ણાત સમિતિ બનાવી. આ સમિતિએ દેશભરના શિક્ષણવિદો, વિદ્યાર્થીઓ અને વાલીઓને મળીને સમસ્યાના મૂળ સુધી જવાનો પ્રયત્ન કર્યો. સમિતિના તારણો પછી સરકારે જે સુધારા જાહેર કર્યા છે તે ખરેખર વિદ્યાર્થીના હિતને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યા છે.હવે સરકારે પરીક્ષા લેવાની જવાબદારી સંભાળતી સંસ્થા એટલે કે નેશનલ ટેસ્ટિંગ એજન્સીની કામગીરીને સંપૂર્ણપણે બદલી નાખી છે. પહેલા એજન્સી પર એક સાથે ઘણી બધી પરીક્ષાઓનો ભાર હતો, તેથી નીટ જેવી મહત્વની પરીક્ષા પર પૂરતું ધ્યાન આપી શકાતું નહોતું. હવે તેના માળખાને વધુ મજબૂત બનાવવામાં આવ્યું છે. તેમાં વધુ પ્રમાણિક અને અનુભવી અધિકારીઓને સામેલ કરવામાં આવ્યા છે અને ટેકનિકલ ટીમને વધુ સક્ષમ બનાવવામાં આવી છે.પરીક્ષા કેન્દ્રોને લઈને પણ સરકારે ખૂબ મોટો નિર્ણય લીધો છે. અગાઉ ખાનગી શાળાઓ અને કોલેજોમાં પણ કેન્દ્રો આપી દેવામાં આવતા હતા, જ્યાં વ્યવસ્થા પર પૂરતો કાબૂ રાખવો મુશ્કેલ બનતો હતો. હવે સરકારે સ્પષ્ટ સૂચના આપી છે કે હવેથી મોટાભાગના કેન્દ્રો માત્ર સરકારી શાળાઓ, કેન્દ્રીય વિદ્યાલયો અને સરકાર હસ્તકની મોટી સંસ્થાઓમાં જ રાખવામાં આવશે. દરેક કેન્દ્ર પર સતત સીસીટીવી કેમેરાની નજર રહેશે અને તેનું નિયંત્રણ સીધું દિલ્હીથી થશે. આ ઉપરાંત દરેક કેન્દ્ર પર સરકાર દ્વારા નિયુક્ત ખાસ નિરીક્ષકો હાજર રહેશે જેથી કોઈ પણ પ્રકારની ગેરરીતિને ત્યાં જ અટકાવી શકાય.વિદ્યાર્થીઓની સૌથી મોટી ફરિયાદ પેપર લીકને લઈને હતી. આ ફરિયાદને દૂર કરવા માટે સરકારે પ્રશ્નપત્રની સુરક્ષા વ્યવસ્થામાં ધરમૂળથી ફેરફાર કર્યો છે. હવે પ્રશ્નપત્ર છાપવાથી લઈને પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચાડવાની પ્રક્રિયા અનેક સ્તરની સુરક્ષા વચ્ચે થશે. ખાસ ડિજિટલ લોક અને જીપીએસ ટ્રેકિંગવાળા બોક્સમાં પેપર મોકલવામાં આવશે. જ્યાં સુધી પરીક્ષાનો સમય ન થાય ત્યાં સુધી તે બોક્સ કોઈ ખોલી શકશે નહીં. આ ટેકનોલોજીથી પેપર લીકની શક્યતા લગભગ પૂરી થઈ જશે.વિદ્યાર્થીઓની ઓળખને લઈને પણ સરકારે નવો નિયમ લાગુ કર્યો છે. હવે દરેક વિદ્યાર્થીની આધાર કાર્ડ અને બાયોમેટ્રિક પદ્ધતિથી ચકાસણી કરવામાં આવશે. ફિંગરપ્રિન્ટ અને ચહેરાની ઓળખ પછી જ પરીક્ષા ખંડમાં પ્રવેશ મળશે. આનાથી બીજાના નામે પરીક્ષા આપવાનો ખેલ બંધ થઈ જશે. સાથે સાથે પરીક્ષા ખંડમાં કોઈ પણ પ્રકારના ઈલેક્ટ્રોનિક સાધનને લઈ જવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે અને તેની તપાસ માટે વધુ કડક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

# પાંજરાપોળ પશુ ઉદ્યોગ કેન્દ્ર તરીકે સ્વાવલંબી બની શકે છે

**વિકાસ અને વિકલ્પ**
-ડૉ. નાનક ભટ્ટ

મનુસ્મૃતિ થી મહાભારતકાળ સુધીનાં સાહિત્યમાં ગાય એક પવિત્ર એકમ હતું. સુવર્ણ માફક દાન-દક્ષિણા કે યજ્ઞ દેવના બલીને લાયક હતું. દાતારની ઉદારતા ગાયોની દાન સંખ્યાથી મપાતી. પરંતુ યોગેશ્વર કૃષ્ણએ પ્રાણી તરીકે ગાયનું પૂનઃ પ્રતિષ્ઠાન કર્યું. ગોવાળિયા તરીકે, માખણચોર તરીકે, ગોચર-ગોવર્ધનના ધારક તરીકે ગાયોમાં માતૃસ્વરૂપનું દર્શન, એક નવા આયામથી પ્રેર્યું અને પછીતો ભકતો, સંતોએ પોતાના પદ-ગાન-કથન દ્વારા ગાયોમાં ૩૩ કોટી દેવતાઓને સ્થાપ્યા.

સામાજિક મૂલ્યોમાં ફેરબદલનો ત્રીજો તબક્કો આજથી ૩૨૦૦ વર્ષ પહેલા જૈન ધર્મ દ્વારા પ્રેરિત થયો. ભગવાન મહાવીરે અહિંસા પરમો ધર્મ, વિચારસત્વના તાર્કિક અમલ માટે જીવદયાને પ્રચલિત કરી ગાય સ્વરૂપને કરુણામય જાણી. તીર્થકરોએ ગોપાલનને નૈતિક, સદવ્યવહાર, પૂણ્ય ઉપાર્જન માટેનાં ધર્મ તરીકે બીરાદાવ્યું. ગુજરાતની ભૂમિ ઉપર તો મહાજન અને ગૌસેવા એકમેકના પર્યાય શબ્દ બની ગયા. દીન-દુખિયારી ગાયો પણ કતલખાને ન જાય તે માટે પાંજરાપોળ શરૂ કરવામાં આવી. જીવદયાનાં રસ્તે જ ધર્મકાર્ય જાણી મહારાજાઓ એ રાજ્યની વણિક પ્રજાની ખુશહાલી માટે પાંજરાપોળોને વિશાળ ગૌચર ફાળવી. જૈન ધર્મીઓએ તો પાંજરાપોળની ગાયો માટે અઢળક દાન વહેવડાવ્યું. તો આજે એકલા ગુજરાતમાં ૧૨૦૦ પાંજરાપોળોમાં ૪.૫૦ લાખ પશુઓ છે જે રાજ્યની કુલ વસ્તીના ૯% છે. વર્તમાન સ્થિતિમાં ગાયો હિંદુ ધર્મનું પ્રતિક બની જતા આજે ભેંસ, ઘેટા, બકરાં, ઊંટ પ્રકારના તમામ દૂધાળ પ્રાણીઓને બકાત રાખી માત્ર ગૌમાતાને પ્રતિબિંધિત ધારા નીચે અભય વરદાન આપવામાં આવ્યું છે.

દેશના જાણીતા કૃષિવિજ્ઞાની ડૉ. વર્ગીસ કુરીયને શ્વેત ક્રાંતિના ખ્યાલ થકી દૂધ અને દૂધની આડ પેદાશો અંગે ભારતને તમામ દૂધાળ પ્રાણીઓની ઉપયોગિતાથી વાકેફ કર્યા. સ-વિશેષ ૧૯૭૨ થી ૨૦૦૧ના સમયગાળામાં ખેડૂતોના ૧૮ થી ૨૦ સંઘો રચી ગુજરાતના તમામ ગામડાંઓને પશુપાલકોના દૂધને અમૂલ બ્રાન્ડ નીચે સંકલિત કર્યું છે. એકલા અમૂલ ઉદ્યોગના માધ્યમથી આજે વર્ષે ૧ લાખ કરોડની દૂધ અને દૂધની બાય પ્રોડકટનું ઐતિહાસિક વેચાણ વિસ્તાર્યું છે. આથી ગુજરાતમાં ૩૦ લાખથી વધુ પશુપાલકોની વાર્ષિક આવક રૂ.૨.૫ લાખથી ૫ લાખ સુધી પહોંચી છે.

જમીન ઉપરની બીજી હકીકત એ જોવા મળે છે કે ૨૧મી સદીમાં વિજ્ઞાન અને તક્નીક વિકસતા મધ્યમ કદની ઈજનેરી વિદ્યા પ્રચલિત બનતાં ગુજરાતમાં છાણ આધારિત ગેસની તકનીક વર્ધાથી પ્રચલિત બની રહી છે. ઢોરનું છાણ હવનકાર્યમાં, મૃત્યુ સમયે કુલડીમાં કે સુવાવડીના શેક માટેના બળતણના છાણાથી વિશેષ ઔદ્યોગિક એકમ તરીકે જોવાતા થયા છે. છાણ એટલે ગંદવાડ નહી પણ ૬.૫ % મીથેન, ૪ % રૂઈબર, ૦.૭%પ્રોટીન, ૦.૪ ફેટ%, ૨૦% કાર્બોહાઈડ્રેટ તરીકે રાસાયણિક ઉપયોગિતા ધરાવે છે. રસોડા માટેના ઉત્તમ બળતણથી વિશેષ પશુઓનું છાણ પાવર જનરેટર માટે ઉત્તમ ઈંધણ બન્યુ છે. બાયોગેસ ઉપયોગમાં લેવાયા પછી ઉત્તમ સેન્દ્રિય ખાતર બને છે. ૨૪ કલાકમાં ૬૦ થી ૮૦ કીલો ઘાસચારો ખાતી પાંજરાપોળની જે એક ગાય રોજના ૬ થી ૮ કીલો પોદળો (છાણ) આપે છે. જેની કિંમત રૂ. ૪૫ થાય છે.

જીવ માત્રના દેહમાં તેના કુલ વજનનો ૭૦% ભાગ પાણી અને ભેજ હોય છે. આથી પશુઓને જીવીત રહેવા રોજ ૨૪ કલાકમાં ૪૦ થી ૫૦ લીટર પાણી પીવું પડે છે આથી પશુ શરીરમાં બનતુ મૂત્ર પેશાબ વાટે ૨૪ કલાકમાં ૮ લીટર ઉત્સર્ગ પામે છે. આ ગૌમૂત્ર ઉત્તમ ખાતર છે. તેમાં રહેલ પેસ્ટીસાઈડથી ખેતીમાં દેખાતા ૧૯ પ્રકારના જીવાણુઓ કાબુમાં રહી શકે છે. અને આથી જ પ્રત્યેક ગાયના દિવસભરના મૂત્રમાંથી પ્રતિદિન રૂ.૭૮૦/-ની કિંમતનો પેશાબ ખાતર અને દવા રૂપે આવક મેળવી આપે છે.

વર્ષ ૨૦૧૯-૨૦ની પશુ ગણતરી મુજબ ગુજરાતમાં ૨.૬૮ કરોડથી વધુ પશુ વસ્તી છે. પ્રતિવર્ષ ૨૬.૮૦ લાખ પશુઓ સહજ રીતે મૃત્યુ પામે છે. પાંજરાપોળ, પાલતુ કે રખડતું જાનવર મૃત્યુ તો પામે જ છે. આ સંદર્ભમાં પણ ખાલી ગુજરાતમાં પ્રતિવર્ષ મરતા ઢોરનું ચાંબડુ ઉતારી લેવામાં આવે તો પ્રત્યેક મરતું જાનવર રૂપિયા ૨૫૦૦ થી ૩૦૦૦/નું લેધર મુકતું જાય છે.

પ્રાણીઓના અસ્તિત્વનો આધાર તેનું હાડપીજર છે. એક તંદુરસ્ત ગાય-ભેંસનાં ૨.૫ ટન વજનમાં હાડકાંનો હિસ્સો ૨૭% હોય છે. પ્રાણીજન્ય હાડકામાં ફોસ્ફરસ, મીનરલ, પૉટેશિયમ, કેલ્શિયમ પ્રકારે પ્રાણીજન્ય તત્વો રહેલા હોય છે. જમીનને ફળદ્રુપ કરવા માટે મૂળભૂત રીતે જોઈતા તત્વ દ્વંદ્ધ પૈકી પોટાસ અને ફોસ્ફરસનું વાહક પશુઓના હાડકાં જ બને છે. એટલું જ નહિ પણ પ્રાણીઓના પોલા હાડકાંમાં રહેલ બોર્નમેરોમાંથી જીલેટીન મળે છે. જે લગભગ-લગભગ તમામ તૈયાર ખોરાકમાં ઉમેરાયેલ હોય છે. કહેવાય છે તો હાથી માટે પણ ગાય-ભેંસ પણ મરે ત્યારે પૈસાથી માપી શકાય તેવું મૂલ્ય મૂકીને માનવજાતને અલવીદા કહે છે.

આમ, એક દૂધાળ ગાય રોજના સરેરાશ ૩.૨ લીટર દૂધ ૮ થી ૧૨ કીલો છાણ તથા ૬ થી ૮ લીટર મૂત્ર દ્વારા તેની યુવાનીના દિવસોમાં સરેરાશ રૂ.૩૩૦/-નું ઉત્પાદન આપે છે અને પોતાના ૯ વર્ષના આયુષ્યમાં મા ઘાસ-ચારાને પાણીના ખર્ચને બાદ કરી ૧૧ લાખ રળાવી આપે છે. ગાયો પાછળના 'પણ માલિકને રૂ.૩.૫ લાખનો ચોખ્ખો નફો આપે છે. પાંજરાપોળમાં દાન-ભીખથી મરવાના વાકે જીવતા પશુ પણ જીવતા જીવ રોજના રૂપિયા ૪૨ તથા મૃત્યુ પછી તેના હાડ-ચામડાંના રૂ.૧૬૦૦/- ચુકવીને પૃથ્વી ઉપર વિદાય થાય છે

એક ગણતરી અનુસાર પેટ્રોલીયમ ઉદ્યોગમાં રોકેલા રૂ.૩૦૦/- રોજના ૧૦ રૂપિયા તરીકે વળતર આપે છે. જયારે પશુઉછેર પાછળ રોકેલ ૧૦ રૂપિયાથી રોજના ૩૦૦/-રૂપિયા બનીને સમાજમાં વૅલ્થ જનરેટ કરે છે. એક કહેવતમાં તો કહેવાયું છે, જ્યાં કાળી (ભેંસ) ત્યાં રોજ દિવાળી, જ્યાં લાલ-ધોળી (ગાય) ત્યાં રોજ ઉજાણી. મનુષ્યને પ્રકૃતિ સાથે જોડીને તેને ગૌરવ પૂર્ણ સ્વરોજગાર આપનાર એકમ પશુ છે. પોતાના મળમૂત્રના ઉત્સર્ગથી ધરતીને ફળદ્રુપ કરી બાયોમાસને વિસ્તારનાર પશુઓ છે. પર્યાવરણના મિત્ર પશુઓ જ છે. માનવજાતનાં ટકાઉપણાને મદદરૂપ થનાર પશુઓ જ છે. આ વાતને સમજીએ.બદલાતા પરિવેશમાં શહેરોમાં ઉકરડાં ઉપર નભતાં પશુઓના સ્થાને હવે પશુઉછેરને ઉદ્યોગ તરીકે અપનાવવાનો સમય પાકી ગયો છે. ઘટતાં ગૌચરના સ્થાને એગ્રોવેસ્ટમાંથી પશુ આહાર તૈયાર કરીએ. જીવદયાના ક્ષેત્રમાંથી પાંજરાપોળોને બહાર કાઢી પ્રકૃતિક સાયકલને જાળવીને કેટલ ફાર્મ તૈયાર કરવાનો સમય ગુમાવીશું. તો સરવાળે માનવજાત પોતાના કર્મે જ પોતાનો વિનાશ વહોરી લેશે. મહાવીર સ્વામીના જીવદયાનાં સૂત્ર પાછળ મૂળ વિચાર માનવજાતનો વૈજ્ઞાનિક વિકાસ છે અને અમુલ સંસ્થાએ દૂધનાં વ્યવસાયથી વિશ્વમાં ગુજરાતને ઉંચેરું કરી આપ્યું છે. તેથી વધુ મોટું પ્રમાણ શું હોઈ શકે!

# બીજાને નાના ગણવાથી મોટા ના બની શકાય

**વિશેષ**

જિંદગીના ડહોળાયેલા જળમાંથી શુધ્ધ આનંદને નિતારી લેવાની કલા એટલે ઈશ્વરે બક્ષેલી શક્તિ. તેના પર શ્રધ્ધા રાખી અનાસક્ત ભાવે જીવનના કર્મો કર્યા કરવા. પાત્રતા એવી નક્કર રાખવી કે આપણને નાનો ગણનાર તેના કૃત્ય માટે પસ્તાય.

ધૃતરાષ્ટ્રનું આમંત્રણ સ્વીકારી યુધિષ્ઠિર ફરી જુગાર રમવા આવ્યા. શકુનિએ બીજીવાર પણ જુગાર રમાડી કપટથી તેમને હરાવ્યા. શરત મુજબ બાર વરસ વનવાસ અને એક વરસ ગુપ્તવાસ ભોગવવા પાંડવો દ્વૈતવનમાં રહેતાં હતા. દુર્યોધને અધર્મથી પાંડવોનું સર્વસ્વ છીનવી લીધું હતું. તેમને હડધૂત કરી. અપમાનિત કરી કાઢી મૂક્યા હતા. દ્રૌપદીને દાસી જેવી હલકી સ્ત્રી ગણી બેઆબરૂ કરી હતી છતાં તેના મનમાંથી વેર અને ધિક્કારની લાગણી ઓછી થતી નહોતી. જંગલમાં કાચી ઝૂંપડીમાં રહેતા પાંડવોને વધુ રિબાવવા ઘોષયાત્રા કરી. દુર્યોધન તેનું ઐશ્વર્ય, અપાર સંપત્તિ, હીરામોતીથી સજ્જ સ્ત્રીઓને લઈને પાંડવોને એ બતાવવા માંગતો હતો કે જુઓ, હું કેટલો સધ્ધર છું. તે પુરવાર કરવા માંગતો હતો કે તે ગરીબ પાંડવો કરતાં કેટલો ઉચ્ચ હતો. વનપર્વમાં તે કહે છે. ''પાંડવો અને દ્રૌપદીને વિલાપ કરતાં જોઉં. વલ્કલ અને મૃગચર્મ ધારણ કરેલા જોઉં. રડી રડીને સુકાયેલા આંસુવાળી આંખોમાં લાચારી જોઉં. (યુક્તં પરમગા લક્ષ્મ્યા પશ્યેતાં જીવીતં ભગતે) તેઓ મને અતિ વૈભવશાળી, ઉત્કૃષ્ટ રાજલક્ષ્મીથી સજ્જ જોઈ નિઃસહાય-લાચારી અનુભવે - આવું બને તો મારું જીવન ધન્ય ધન્ય થઈ જાય. ''ખાવા બટકું રોટલા માટે કે જીભ પર પાણીના એક ટીપાં માટે તરસતા હોય ત્યારે મને બાદશાહી ઠાઠમાં જોઈ નિસાસા નાખે તો મારા હૈયાને ટાઢક મળે!! આવું કરીને તે સાબિત કરવા માંગતો હતો કે દુનિયા ભલે પાંડવોને સદાચારી કે ધર્મિષ્ઠ ગણે પણ હકીકતમાં તે દરબદર ભટકતાં, હારેલા, બેઆબરૂ થયેલા અને બારણે હાથ લંબાવી ભિક્ષા માંગવા ઊભેલા નિઃસહાય ભિક્ષુક જેવા છે. પાંડવો નાના છે, અને અમે મોટા છીએ.''

બીજા એક પ્રસંગમાં, સંજય ધૃતરાષ્ટ્રના દૂત તરીકે પાંડવોને મળીને પાછો આવ્યો ત્યારે દુર્યોધન, શકુનિ, દુઃશાસન અને કર્ણ સિવાયના દરેકે દરેક વડીલે પાંડવો સાથે સુલેહ કરી લેવાની સલાહ આપી હતી. આ નિર્ણયથી દુર્યોધન મનોમન ગુસ્સે થયો. તે સોયની અણી ઉપર ટકે એટલી જમીન પણ પાછી આપવા તૈયાર નહોતો. તેને તો પાંડવોને ખતમ કરવા હતા. શું કરવું? એટલે તેણે ધૃતરાષ્ટ્રએ ભયમુક્ત કરવા અને કૌરવોના મહારથીઓના પરાક્રમ પર વિશ્વાસ રાખવા કહ્યું. તેણે એ વાત ઠસાવવા પ્રયત્ન કર્યો કે પહાડ જેવા કૌરવો સામે પાંડવો તણખલા સમાન છે. (છિન્નપક્ષા : પરે હૃદય વીર્યહીનાશ્વ પાંડવા :) હે તાત, હવે પાંડવોની મદદ કરનાર કોઈ નથી. તે એકલા છે. હવે તે કપાઈ ગયેલી પાંખો જેવા અસહાય પક્ષીન માફક પરાક્રમશૂન્ય થઈ ગયા છે. ''અને એટલે તો (ભીતો હિ મામકાત્ સૈન્યાત્ પ્રભાવાચ્ચૈવ મે વિભો) યુધિષ્ઠિર તેમનો હક્ક છોડીને ફક્ત પાંચ ગામ માંગી સંતોષ માનવા તૈયાર થયો છે. તાત! ખરેખર પાંડવો યુધ્ધથી ડરી ગયા છે.'' એ તો ઠીક દુર્યોધન શ્રીકૃષ્ણને પણ એક માયાવી ગોવાળિયાથી વધુ નથી ગણતો. શ્રીકૃષ્ણને કાવતરાખોર પાંડવોનો હિતેચ્છુ અને કૌરવોને દુશ્મન ગણાવે છે. (સમુચ્છેદં ચ કૃત્સ્નંપ ચિકીર્ષતિ યુધિષ્ઠિરે) હે તાત! આ કૃષ્ણ આપણો સર્વનાશ કરાવી સર્વસ્વ છીનવી - એક મોટું રાજ્ય તૈયાર કરી યુધિષ્ઠિરને સોંપી દેવામાંગે છે.!!''

રામાયણમાં પણ અશોકવાટિકામાં નજરકેદ સીતાને મનાવવા રાવણ છેલ્લે છેલ્લે રામને ઉતરતા ચીતરે છે જેથી સીતાનું મન ફરી જાય.

''(ન રામસ્તપસા દેવિ ન બલેન ચ વિક્રમૈ! ન ધનેન મયા તુલ્ય સ્તેનસા યશ સાપિવા- સુંદરકાંડ) હે સીતે! રામ તપથી, ના બળથી, ના પરાક્રમથી, ના ધનથી, ના તેજથી, કે ના યશથી મારી બરાબરી કરી શકે એમ છે. તુ સમજ, હું રામથી દરેક રીતે દરેક બાબતોમાં શ્રેષ્ઠ છે.''

સાપની કોથળીમાં અને વીંછીના ડંખમાં ઝેર હોય છે. પણ એ ઝેર એમને મારતું નથી. જ્યારે માણસમાં રહેલ ઈર્ષા, નિંદા, વેર કે હરિફાઈ જેવી વૃત્તિઓનું ઝેર તેને ધીરે ધીરે ખતમ કરે છે. આ ઝેર ઉણપમાંથી જન્મે છે. માણસને પોતાના વ્યક્તિત્વમાં ઓછયું લાગે. સંબંધોમાં કમી વર્તાય, સગવડમાં અપૂર્ણતા લાગે, સરખામણીમાં નીચાજોણું લાગે ત્યારે ભીતર રહેલ વિશ્વાસની ભેખડ તૂટે છે. તૂટફૂટથી માનસિક દબાણ વધે છે. અને આ દબાણ તેની પાસે અધમ, અવિચારી, ખોટા કામ કરાવે છે. તેને ખ્યાલ પણ નથી હતો કે તેના સ્વભાવમાં નથી એવું વિવેકહીન વર્તન એ કરી રહ્યો છે.

એકવા ઈંગ્લેન્ડની ગાદી છોડી રાજા આઠમો એડવર્ડ નૌકાખાતાની ડાર્ટ માઉથ કોલેજમાં તાલીમ લઈ રહ્યો હતો. ત્યાં અમુક વિદ્યાર્થીઓ રેગીંગ કરતા. કારણ વગર તેને ચીડવતા. અડપલાં કરતા, ધિંગામસ્તી કરતા! એક દિવસ બે ત્રણ છોકરાઓએ એડવર્ડને માર્યો. જો કે એડવર્ડે આ વાત કોઈને ન કહી. પણ કોલેજના પ્રિન્સિપાલને વાતની ખબર પડી ગઈ. મસ્તીખોર છોકરાઓને કેબિનમાં બોલાવ્યાં. એડવર્ડને મારવાનું કારણ પૂછયું. છોકરાઓએ કહ્યું -''સર, ખાસ કશું કારણ નથી. બસ, એ રાજાનો પુત્ર છે. એને મારીએ તો અમને બધા ઓળખે! અમારું નામ બધા જાણે! અમારો વટ પડે!! જ્યારે તે ગાદી પર બેસે ત્યારે અમે બધાને વટથી કહી શકીએ કે આ એડવર્ડ સાથે અમે ભણતા હતા. ભલેને એ રાજા હોય પણ અમે તેને પીટતા હતા. અમારા હાથે તેણે મારા ખાધેલો છે.''

માણસ ગમે એટલું ઢાંકે પણ ચહેરા પર ચાલાકી દેખાઈ આવે છે. જેને સારા બનવું નથી. ફક્ત સારા કહેવડાવું છે તે જ સીધા માણસની ટીકા કરવાનો સમય શોધે છે. જિંદગીના ડહોળાયેલા જળમાંથી શુધ્ધ આનંદને નિતારી લેવાની કલા એટલે ઈશ્વરે બક્ષેલી શક્તિ પર શ્રધ્ધા રાખી અનાસક્ત ભાવે જીવનના કર્મો કર્યા કરવા. પાત્રતા એવી નક્કર રાખવી કે આપણને નાનો ગણનાર તેના કૃત્ય માટે પસ્તાય, શરમાય એ ભોંઠપ અનુભવે.વર્ષો પહેલાં, 'ઈલસ્ટ્રેટેડ વીકલી'ના સંપાદક પ્રીતીશ નંદીએ અમિતાભ બચ્ચનના અભિનય વિષે, તેની વ્યક્તિગત નબળાઈ વિષે ઘણું ઘસાતું લખ્યું હતું. અમિતાભ મૌન રહી, કશો પ્રતિકાર કર્યા વિના પોતાનું શ્રેષ્ઠ કામ કરતો રહ્યો.

# દક્ષિણ ગુજરાતની પૂર સમસ્યાનુ સમાધાન

દક્ષિણ ગુજરાત એટલે ગુજરાતનું હરિયાળું અને સમૃદ્ધ પ્રવેશદ્વાર, જ્યાં સુરત, નવસારી, વલસાડ, તાપી અને ડાંગ જેવા જિલ્લાઓ કુદરતી સૌંદર્ય અને આર્થિક સમૃદ્ધિથી ભરપૂર છે, પરંતુ દર વર્ષે ચોમાસામાં આ જ વિસ્તાર ભારે વરસાદ અને પૂરની કસોટીમાંથી પસાર થાય છે. ખાસ કરીને તાપી નદીના કિનારે વસેલું સુરત શહેર, જે ગુજરાતની આર્થિક રાજધાની છે, તેના માટે પૂર નિયંત્રણ ક્ષમતા ઘટી ગઈ છે અને અરબી સમુદ્રમાં આવતી ભરતીના કારણે પાણીનું પાછું ધકેલાવું, આ ત્રણ પરિબળો ભેગા થઈને સુરત માટે ત્રેવડો ખતરો ઉભો કરે છે. આ ઉપરાંત સુરત જેવા ઝડપથી વિકસતા શહેરમાં જૂની ખાડીઓ પુરાઈ જવી અને ડ્રેનેજ સિસ્ટમ પર વધતું ભારણ પણ શહેરી ખાડી પૂરનું કારણ બને છે, જ્યારે આબોહવા પરિવર્તનના કારણે બદલાયેલી વરસાદની પેટર્ન, જેમાં ઓછા સમયમાં અટકાવશે અને સૌથી અગત્યનું પૂરના પાણીને નિયંત્રિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. આની સાથે જ તાપી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ દ્વારા સાબરમતીની જેમ તાપીને પણ વિકસાવવાનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે, જેમાં પાંસઠ કિલોમીટરથી વધુ લાંબા નદી કાંઠાને અત્યાધુનિક એન્જિનિયરિંગ ટેકનોલોજીથી મજબૂત બનાવવા, પાળાઓને ઊંચા કરવા અને વર્લ્ડ બેંકની મદદથી વૈજ્ઞાનિક

## દક્ષિણ ગુજરાતમાં આપદા પ્રબંધન સામેના કુદરતી પડકાર સામે સરકારનો વૈજ્ઞાનિક અભિગમ

**આસપાસ ચોપાસ**
સુરેશ ભટ્ટ

એ માત્ર પ્રશાસનિક મુદ્દો નથી પરંતુ લાખો લોકોના જીવન અને આજીવિકાનો પ્રશ્ન છે. આ સંદર્ભમાં ગુજરાત રાજ્ય સરકારે સમસ્યાને માત્ર પ્રતિક્રિયાત્મક રીતે નહીં પરંતુ દૂરંદેશી આયોજન અને વૈજ્ઞાનિક અભિગમથી ઉકેલવાનો જે માર્ગ અપનાવ્યો છે તે ખરેખર પ્રશંસનીય અને અનુકરણીય છે.

પૂર પાછળના કુદરતી અને માનવસર્જિત પડકારો

વરસાદ, નદી અને સમુદ્રનો ત્રિવેણી સંગમ મુખ્ય છે.દક્ષિણ ગુજરાતમાં પૂરનું મુખ્ય કારણ અતિભારે ચોમાસુ વરસાદ છે. વલસાડના કપરાડા જેવા વિસ્તારમાં એક જ દિવસમાં લગભગ ચારસો મીમી જેવો વાદળ ફાટવા સમો વરસાદ નોંધાય છે અને ડાંગના જંગલોમાંથી વહેતું પાણી અત્યંત ઝડપથી મેદાનોમાં ધસી આવે છે. આની સાથે તાપી નદીનું સ્વરૂપ પણ એક મોટો પડકાર છે, જ્યાં ઉકાઈ ડેમમાંથી છોડવામાં આવતું પાણી, નદીમાં વર્ષોથી જમા થયેલો કાંપ જેના કારણે નદીની પાણી વહન વધુ વરસાદ પડે છે, તેણે આ પરિસ્થિતિને વધુ ગંભીર બનાવી છે.

સમાધાન તરફ સરકારના સકારાત્મક અને મજબૂત પગલાં કાબીલેતારીફ છે.

તાપીથી ખાડી સુધી વિકાસ અને સુરક્ષાનો સંગમ સમસ્યા સર્જે છે

ગુજરાત સરકાર અને સુરત મહાનગરપાલિકાએ આ પડકારને એક તકમાં બદલવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું છે. આ દિશામાં સૌથી મહત્વપૂર્ણ પગલું તાપી નદીને નવજીવન આપવાનું છે. કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ લગભગ પાંચસો ચોર્યાસી કરોડના સહયોગથી રુંધ-ભાઠા ખાતે બની રહેલો તાપી બેરેજ પ્રોજેક્ટ માત્ર બેરેજ નથી પરંતુ એક બહુહેતુક વરદાન છે, જે અઢારથી ઓગણીસ મિલિયન ક્યુબિક મીટર પાણીનો સંગ્રહ કરશે, દસ કિલોમીટર લાંબુ સુંદર તળાવ બનાવશે, ભૂગર્ભ જળને રિચાર્જ કરશે, દરિયાના ખારા પાણીને હાઈડ્રોલિક મોડેલથી પૂરનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

સુરતના શહેરી પૂરને કાયમી ધોરણે ડામવા માટે સુરત મહાનગરપાલિકાએ ખાડીઓના પુનર્જીવનનું બીજું મિશન હાથ ધર્યું છે, જેના માટે સિત્તેરથી એંસી કરોડનો વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે અને રાજ્ય સરકારે આ માટે પાંચસો કરોડના વિશેષ પેકેજની ફાળવણી કરી છે. આ અંતર્ગત ખાડીઓનું સતત ડ્રેજિંગ, તળાવો સાથે જોડાણ અને કલ્વર્ટનું આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું છે, જેથી સુરતને વધુ સ્વચ્છ અને સલામત સ્માર્ટ સિટી બનાવી શકાય.

સરકારે ટેકનોલોજીના ઉપયોગથી આપદા પ્રબંધનને વધુ સજ્જ બનાવ્યું છે. હવે પૂર આવે ત્યારે ખબર પડે એ જમાનો ગયો છે, કારણ કે ગુજરાત જળ સંસાધન વિભાગ, કેન્દ્રીય જળ આયોગ અને હવામાન વિભાગ સાથે મળીને એન્ડ ટુ એન્ડ અર્લી વૉર્નિંગ સિસ્ટમ કાર્યરત કરવામાં આવી છે, જેમાં ઓટોમેટિક વેધર સ્ટેશન, નદીમાં લગાવેલા વોટર લેવલ સેન્સર અને પાંચ દિવસ અગાઉની આગાહી આપતા હાઈડ્રોલોજિકલ મોડેલની મદદથી ઉકાઈ ડેમના ગેટ ઓપરેશનને પણ વૈજ્ઞાનિક બનાવવામાં આવ્યું છે જેથી નીચાણવાળા વિસ્તારોને સમયસર ચેતવણી આપી શકાય. આ ઉપરાંત નદી નાળા અને કેનાલોનું ચોમાસા પહેલા ડિસિલ્ટિંગ, નવા ચેક ડેમ, પૂર સુરક્ષા દિવાલો, અંબિકા જેવી નદીઓ પર ફૂલી શકાય તેવા આધુનિક રબર ડેમ અને દરિયા કિનારે ટાઈડલ રેગ્યુલેટર લગાવવાના કામો પણ યુદ્ધના ધોરણે ચાલી રહ્યા છે.


ઈમેજ એઆઈ દ્વારા જનરેટ

સરકાર માત્ર બાંધકામમાં જ નથી માનતી પરંતુ પૂરના મેદાનનું ઝોનિંગ, કડક બાંધકામ નિયમો, સમુદાય જાગૃતિ અભિયાન અને નદી કિનારે વૃક્ષારોપણ જેવા પ્રકૃતિ આધારિત ઉકેલોને પણ સમાન મહત્વ આપી રહી છે, જે તેના સકારાત્મક અને સર્વાંગી અભિગમનો પુરાવો છે.

ભવિષ્ય તરફ દ્રષ્ટિ સુરત ને સલામત બનાવશે.

સુરક્ષિત દક્ષિણ ગુજરાત માટે સરકારનો આ સહિયારો સંકલ્પ છે.અંતે કહી શકાય કે દક્ષિણ ગુજરાતમાં પૂર એ કુદરતી ઘટના છે, તેને સંપૂર્ણપણે રોકી શકાય નહીં પરંતુ તેનાથી થતા નુકસાનને નહિવત કરી શકાય છે. ગુજરાત સરકારનો અભિગમ આજે દેશભર માટે એક મોડેલ બન્યો છે જ્યાં ટેકનોલોજી, મોટું મૂડીરોકાણ, કેન્દ્ર અને રાજ્યનો સમન્વય અને સૌથી વધુ તો નાગરિકોની સુરક્ષા પ્રત્યેની સંવેદનશીલતા જોવા મળે છે. ચોમાસા દરમિયાન દરેક નાગરિકે સત્તાવાર ચેતવણીઓનું પાલન કરવું અને જિલ્લા કલેક્ટર કચેરી તથા આપત્તિ વ્યવસ્થાપન તંત્રની સૂચનાઓને અનુસરવું એ આપણી સહિયારી જવાબદારી છે, કારણ કે સરકાર તૈયાર છે, તંત્ર સજ્જ છે અને જનભાગીદારીથી આપણે દક્ષિણ ગુજરાતને વધુ પૂર સ્થિતિસ્થાપક અને સુરક્ષિત બનાવી શકીશું.

# ભારતની સબ જુનિયર મેન્સ હોકી ટીમે પાકિસ્તાનને હરાવી એશિયન ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ મેળવ્યો







## મેન્સ ટીમ વર્લ્ડ કપ માટે ક્વોલિફાઈ થઈ : મહિલા હોકી ટીમને મળ્યો સિલ્વર મેડલ

મસ્કત,

ઓમાનમાં ભારતની સબ જુનિયર મેન્સ હૉકી ટીમે પાકિસ્તાનને ૩-૧થી કચડીને એફઆઈએચ યુથ હૉકી-ફાઈવ્ઝ એશિયન ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતી લીધો હતો.

ભારત આખી સ્પર્ધામાં અપરાજિત રહ્યું અને હવે સુવર્ણ વિજેતા બનવા બદલ ભારત આવતા વર્ષે યોજાનારા એફઆઈએચ યુથ હૉકી-ફાઈવ્ઝ વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થઈ ગયું છે.ભારત વતી રોમિત પાલ, કેપ્ટન કેતન કુશવાહા અને શાહરૂખ અલીએ એક-એક ગોલ કર્યો હતો અને પાકિસ્તાનની અપેક્ષાઓ પર પાણી ફેરવી દીધું હતું.

ભારતીય ખેલાડીઓએ શરૂઆતથી જ પાકિસ્તાનને દબાણમાં રાખ્યું હતું અને ઝડપી પાસિંગ તેમ જ મજબૂત ડિફેન્સની મદદથી આખી મૅચ પર અંકુશ જાળવી રાખ્યો હતો.

ભારત વતી પહેલા બે ગોલ અનુક્રમે પાંચમી અને ૧૨મી મિનિટમાં થયા હતા. ૧૩મી મિનિટમાં શાહરૂખ અલીએ ગોલ કર્યો હતો. પાકિસ્તાનના મોહમ્મદ ઉસ્માને ૧૬મી મિનિટમાં ગોલ કર્યો હતો જે પાકિસ્તાનનો આ મૅચમાં એકમાત્ર ગોલ હતો. જોકે પાકિસ્તાન માટે ત્યારે કમબૅક કરવું બહુ મોડું થઈ ગયું હતું.

ભારતની મહિલા ટીમે આ જ ટૂર્નામિન્ટની ફાઈનલમાં ચીન સામે પરાજિત થતાં સિલ્વર મેડલથી સંતોષ માની લેવો પડ્યો હતો.

# ભારતે ઈંગ્લૅન્ડમાં નંબર-વન રૅન્ક ગુમાવ્યા પછી હવે ઝિમ્બાબ્વેમાં પાછી મેળવી

મુંબઈ,

ભારતે ટી-૨૦ ઈન્ટરનૅશનલમાં વર્લ્ડ નંબર-રૅન્ક પાછી મેળવી લીધી છે. ૧૧મી જુલાઈએ શ્રેયસ ઐયરના સુકાનમાં ભારત બ્રિટિશ ધરતી પર ટી-૨૦ શ્રેણી ૦-૪થી હાર્યું હતું અને ઘણા મહિને નંબર-વન રૅન્ક ગુમાવી હતી, પરંતુ પચીસમી જુલાઈએ શ્રેયસની જ કૅપ્ટન્સીમાં ઝિમ્બાબ્વે સામેની સિરીઝમાં ભારતે ૨-૦થી વિજયી સરસાઈ મેળવી લીધી એ સાથે મોખરાની રૅન્ક ભારતને પાછી મળી ગઈ છે.



ભારતે ઝિમ્બાબ્વેને પ્રથમ ટી-૨૦માં સાત વિકેટે અને બીજી ટી-૨૦માં ૯૦ રનના તોતિંગ તફાવતથી હરાવ્યું હતું. આ શ્રેણી પહેલાં ઈંગ્લૅન્ડે ભારત સામે ૪-૦થી ક્લીન સ્વીપ કરી હતી અને એ અગાઉ આયરલૅન્ડમાં ભારતનો ૦-૨થી પરાભવ થયો હતો.પુરુષોના રૅન્કિંગમાં ઈશાન કિશને બૅટિંગમાં નંબર-વનનું સ્થાન જાળવી રાખ્યું છે. તેણે ઝિમ્બાબ્વે સામેની પ્રથમ ટી-૨૦માં ૩૫ રન અને શનિવારની બીજી મૅચમાં ૮૧ રન બનાવ્યા હતા. તે ૮૯૨ પૉઈન્ટ સાથે અવ્વલ છે, જ્યારે અભિષેક શર્મા (૮૫૮) બીજા નંબરે છે.

ટી-૨૦ના બોલર્સમાં સ્પિનર વરુણ ચક્રવર્તીએ મોખરાનું સ્થાન ગુમાવ્યા પછી હવે પાંચમું સ્થાન જાળવી રાખ્યું છે. જોકે તે ઝિમ્બાબ્વેની ટૂર માટેની ભારતીય ટીમમાં નથી.

# ઝિમ્બાબ્વે સામેની મેચમાં પહેલા બોલે વિકેટ ઝડપી મયંક યાદવે નવો કીર્તિમાન સ્થાપિત કર્યો

મુંબઈ,

ટીમ ઈન્ડિયાના ’સ્પીડ ગન’ મયંક યાદવે ઈતિહાસ રચ્યો છે. તેણે ઝિમ્બાબ્વે સામે ત્રીજી ટી૨૦ મેચમાં પહેલા જ બોલે બ્રાયન બેનેટની વિકેટ લઈને ઐતિહાસિક કીર્તિમાન સ્થાપિત કર્યો છે. તે ટી૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં આવું કરનાર બીજો ભારતીય બોલર બની ગયો છે, તેણે ત્રીજીવાર પહેલા બોલ પર વિકેટ લીધી છે.

મયંકે ઝિમ્બાબ્વે સામે આ સિરીઝમાં બે વાર આ કામ કરી બતાવ્યું છે. પહેલી ટી૨૦ મેચની ઈનિંગના પહેલા જ બોલ પર બ્રાયન બેનેટની વિકેટ લીધી હતી. ત્રીજી મેચમાં પણ કાર્બન કોપી એ જ સીન ફરીવાર જોવા મળ્યો. આ વખતે પણ ઈનિંગના પહેલા જ બોલ પર મયંકે બ્રાયન બેનેટને પોતાનો શિકાર બનાવ્યો હતો.



# ફિલ્મ વારાણસીનાં શૂટિંગ માટે પ્રિયંકા ચોપરા પતિ અને પુત્રી સાથે ભારત આવી



મુંબઈ,

દેસી ગર્લ પ્રિયંકા ચોપરા આ દિવસોમાં તેની અપકમિંગ ફિલ્મ વારાણસીને લઈને ચર્ચામાં છે. પ્રિયંકા પતિ નિક જોનસ અને દીકરી માલતી મેરી સાથે હૈદરાબાદ એરપોર્ટ પર સ્પોટ થઈ હતી. પ્રિયંકાની આ તસવીરો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહી છે. પ્રિયંકાનું પૂરું ફેમિલી સાથે જોવા મળ્યું હતું. માનવામાં આવી રહ્યું છે કે એક્ટ્રેસ એસએસ રાજમૌલીની મોસ્ટ અવેટેડ ફિલ્મ વારાણસી માટે હૈદરાબાદ આવી છે. આ ફિલ્મમાં તેલુગુ સુપરસ્ટાર મહેશ બાબૂ અને પૃથ્વીરાજ સુકુમારન પણ છે.

નિક જોનસ અને પ્રિયંકા ચોપરાની સાથે માલતી પણ જોવા મળી રહી છે. પ્રિયંકાનાં આઉટફિટની વાત કરીએ તો એક્ટ્રેસે ઓફ શોલ્ડર કો-ઓર્ડ સેટ પહેર્યો છે. આ સાથે એક્ટ્રેસે તેનો લુક કમ્પ્લીટ કરવા માટે કેપ અને ગોગલ્સ પહેર્યાં છે. આમ, આ લુકમાં પ્રિયંકા મસ્ત લાગી રહી છે. નિક જોનસનાં એરપોર્ટ લુકની વાત કરવામાં આવે તો તેણે ઓલ બ્લેક આઉટફિટની પસંદગી કરી હતી. બ્લેક શર્ટની સાથે મેચિંગ ટ્રાઉઝર પણ પહેર્યું છે. આ સાથે જ વ્હાઈટ-બ્લેક સ્નીકર્સ અને ચશ્મા પહેર્યાં છે. માલતી મેરીને ખોળામાં લીધી છે. માલતી મેરી પણ તેનાં ક્યૂટ અંદાજમાં જોવા મળી રહી છે.

# તેલુગુ સિનેમા હિન્દી સિને ઈન્ડસ્ટ્રી કરતા વધારે ઓર્ગેનાઈઝડ છે : સોનાલી બેન્દ્રે

મુંબઈ,

બોલિવૂડ અને સાઉથની ફિલ્મોમાં કામ કરી ચૂકેલી એક્ટ્રેસ સોનાલી બેન્દ્રેએ સાઉથની ફિલ્મોને લઈને મોટી વાત કહી છે. બે-બે ઈન્ડસ્ટ્રીમાં કામ કરી ચૂકેલી એક્ટ્રેસે તુલના કરવાના બદલે મોટી ફેક્ટફાઈલ ખોલી છે. એક્ટ્રેસે કહ્યું હતું કે, તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રી હિન્દી સિને ઈન્ડસ્ટ્રી કરતા વધારે ઓર્ગેનાઈઝડ છે. ૯૦ના દાયકાની જાણીતી એક્ટ્રેસ સોનાલી બેન્દ્રેએ પોતાની ફિલ્મી કરિયરમાં ઘણી તેલુગુ ફિલ્મમાં પણ કામ કર્યું છે. બે-બે ઈન્ડસ્ટ્રીમાં સારો એવો અનુભવ લીધા બાદ તેણે કેટલીય ફિલ્મોમાં ઘણી બારિકી જોઈ છે.

એક ખાસ મુલાકાતમાં સોનાલી બેન્દ્રેએ કહ્યું કે, તેલુગુ સિનેમા હિન્દી સિને ઈન્ડસ્ટ્રી કરતા વધારે ઓર્ગેનાઈઝડ હોય એવું મને સ્પષ્ટ લાગે છે, આ પાછળના કારણ પણ હું તમને કહી શકું છું.એ સમયે તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બધુ વ્યવસ્થિત હતું.ત્યાં પહેલાથી જ કેટલીક સ્ક્રિપ્ટ તૈયાર રહેતી, સિન પહેલાથી જ પ્લાન કરેલા હતા. જ્યારે હિન્દી સિનેમામાં મેં એવી ફિલ્મોમાં પણ કામ કર્યું જ્યાં સેટ પર સ્ક્રિપ્ટ લખાતી હોય.બે ઈન્ડસ્ટ્રી વચ્ચે આ તફાવત મોટો છે. હા, ફૂડમાં પણ તફાવત છે. તેલુગુ ફિલ્મ કાયમ એક મોટા સ્કેલ પર તૈયાર થાય છે. એનું બજેટ, સ્કેલ, લેવલ અને સંપૂર્ણ પ્લાનિંગ ખૂબ જ મોટું હોય છે. આ કારણે તે હિન્દી ફિલ્મ કરતા અલગ પડે છે. આ પહેલા કાજલ અગ્રવાલે પણ કહ્યું હતું કે, હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કંઈ ટાઈમ પર થતું નથી.જ્યારે સાઉથની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બધુ ટાઈમસર હોય છે. ફિલ્મ આગથી બોલિવૂડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એન્ટ્રી કરનારી એક્ટ્રેસે અનેક એવા મોટા બજેટની ફિલ્મમાં કામ કર્યું છે.

તેલુગુ, તમિલ, કન્નડ અને મરાઠી ફિલ્મોમાં પણ કામ કર્યું છે. મુરારી, ઈન્દ્ર અને મનમધુદુ જેવી સુપરહિટ સાઉથની ફલમોમાં પણ તેણે કામ કર્યું છે. તાજેતરમાં તે વેબસિરીઝ રાખમાં જોવા મળી હતી. બોલિવૂડની સિનિયર એક્ટ્રેસ હવે પોતાની ચોઈસની ફિલ્મોને પસંદ કરી રહી છે. હાલમાં ખાસ કોઈ મોટા બજેટની ફિલ્મમાં જોવા ન મળતા ફિલ્મોથી તે અંતર બનાવી રહી હોય એવું લાગે છે. જોકે, થોડા સમય પહેલા જ તેણે કહ્યું હતું કે, સારી સ્ક્રિપ્ટ અને રોલ મળશે તો તે અવશ્ય કામ કરશે. હવે તે કઈ બિગ બજેટ ફિલ્મમાં જોવા મળે છે એ જોવાનું છે.



## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તી | ધ | બ | મા | ત | ફ | ભા | તી | ગ | ળ | કા | મ |
| તુ | કા | રા | ધ | સ | શ | ર | આ | વા | અ | બા | ર |
| ક | ર | બ | બિ | બિ | મ | વા | જ | મ | દ | આ | અ: |
| ળ | જ્ઞા | ર | દ | વિ | મ | ર | પ્રા | બા | ભ | દ | મ |
| તુ | ર | તુ | ઐ | ચા | આ | ભ | કી | મા | આ | વ | ધ |
| જી | ળો | ગ | મા | અં | ગી | ડો | ળ | જ | ણિ | ભ | ર |
| ઇ | આ | પ્ર | સા | દ | ર | રા | દ | સા | મ | ક | કા |
| પ્ર | લી | એ | ધ | અ: | સા | ગી | ક્ષ | રો | કા | બિ | બા |
| લ | મા | બા | પ્રા | પ્ર | ધ | આ | મ | ધ | લ | અ | સ |
| તુ | ફુ | દ | મા | શિ | ધ | બા | હિ | ડો | ધ | ર | ભો |
| સ | ઉ | પ્ર | ઔ | બા | શિ | ક્ષ | મા | ખ | વિ | ર | રી |
| બ | ર | ણે | ર | ધ | મ | ણા | શ | શ | લ | દ | એ |

શબ્દ શોધો: **પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા**

# સન્ની દેઓલની ફિલ્મ બટવારાનું ટ્રેલર બે મોટા શહેરોમાં ગ્રાન્ડ ઈવેન્ટ સાથે લોન્ચ કરવામાં આવશે





મુંબઈ,

સની દેઓલની ફિલ્મ ’બટવારા’ના ટ્રેલરને લઈને મોટી અપડેટ આવી છે. મેકર્સે બે જુદા જુદા શહેરમાં એક ગ્રાન્ડ ઈવેન્ટના માધ્યમથી આ અંગેની જાહેરાત કરવામાંઆવશે.મેકર્સે જણાવ્યું કે, ટીમ ટ્રેલર લૉંચ કરવા માટેની તૈયારીઓમાં પડી છે. વાવડ એવા મળી રહ્યા છે કે, બે જુદા-જુદા શહેરમાંથી ટ્રેલરને લૉંચ કરવામાં આવશે. પહેલા જયપુરમાં એકમોટી ઈવેન્ટ થશે અને પછી મુંબઈમાંએક ગ્રાન્ડ ઈવેન્ટ થશે. જેમાંથી ટ્રેલર રિલીઝ થશે. આ ફિલ્મમાં સની દેઓલ સાથે પ્રીતિ ઝિન્ટા, શબાના આઝમી, અલી ફઝલ, કરણ દેઓલ અને અભિમન્યુ સિંહ જેવા કલાકારો છે. રાજકુમાર સંતોષીના બેસ્ટ ડાયરેક્શનમાં બનેલી ફિલ્મમાં ભરપૂર દેશભક્તિના રંગો જોવા મળશે. આમીર પ્રોડક્શનમાં તૈયાર થયેલી ફિલ્મમાં ભરપૂર એક્શન સિકવન્સ અને દેશના ઈતિહાસનું વધુ એક પાનું વિઝ્યુલાઈઝડ કરાવાયું છે. ૧૪ ઓગસ્ટના રોજ આ ફિલ્મ રિલીઝ થશે.

ફિલ્મનું ટ્રેલર ૨૮ જુલાઈના રોજ રિલીઝ કરવામાં આવશે. જયપુરમાં સિંગલ સ્ક્રિન થિયેટર રાજ મંદિરમાંથી આ ફિલ્મનું ટ્રેલર લૉંચ કરવામાં આવશે. આ માટે ખાસ મીડિયા અને ફેન્સને આમંત્રણ આપવામાં આવશે. આ દરમિયાન સની દેઓલ અને રાજકુમાર સંતોષી પણ જયપુરના મહેમાન બની શકે છે. જયપુરના આઈકોનિક થિયેટર રાજમંદિરમાં એક ખાસ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પહેલા પણ રાજમંદિરમાં કેટલીય ફિલ્મના ટ્રેલર લૉંચ થઈ ચૂક્યા છે, ફિલ્મી ઈવેન્ટ યોજાઈ ચૂકી છે. જયપુરમાં ટ્રેલર લૉંચ થયા બાદ મુંબઈમાં ૨૯ જુલાઈના રોજ ટ્રેલર રિલીઝ કરવામાં આવશે.મુંબઈમાં થનારી ઈવેન્ટમાં આમીર ખાન પણ ખાસ હાજરી આપે એવી પૂરી શક્યતાઓ છે, કારણ કે આમીરના જ પ્રોડક્શન હાઉસમાં ફિલ્મ તૈયાર થઈ છે.



# ધ્રોલમાં 'શ્રેષ્ઠ શ્રદ્ધાંજલિ સ્મૃતિ રક્તદાન કેમ્પ' સંપન્ન







ધ્રોલ (સંજય ડાંગર દ્વારા) ધ્રોલ ખાતે આવેલ દીપસિંહજી રાજપૂત છાત્રાલયમાં સ્વ. જાડેજા ભાગ્યપાલસિંહ હેમંતસિંહ તથા સ્વ. જાડેજા નિર્મળસિંહ નારૂભા જાડેજા તથા સ્વ ડો. ઉષાકાંત શુકલની પુણ્યસ્મૃતિમાં ભવ્ય 'શ્રેષ્ઠ શ્રદ્ધાંજલિ સ્મૃતિ રક્તદાન કેમ્પ' તથા સર્વરોગ નિદાન કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ માનવસેવા યજ્ઞમાં ધ્રોલ શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો, યુવાનો, મહિલાઓ અને અગ્રણીઓએ સ્વયંભૂ ઉપસ્થિત રહી રક્તદાન કર્યું હતું.

કેમ્પ દરમિયાન સવારથી જ રક્તદાતાઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. જામનગરની જી.જી. હોસ્પિટલ (બ્લડ બેંક)ના તબીબી અને પેરામેડિકલ સ્ટાફ દ્વારા વિશેષ સેવાઓ આપીને સુરક્ષિત રીતે કુલ ૧૪૭ બોટલ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. આ સાથે યોજાયેલા સર્વરોગ નિદાન કેમ્પનો ૭૨ જેટલા દર્દીઓએ લાભ મેળવી જરૂરી તબીબી માર્ગદર્શન અને સારવાર મેળવી હતી.

આ પ્રેરણાદાયી કાર્યક્રમમાં પૂર્વ કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ પતિ અને જામનગર જિલ્લા ભાજપના પૂર્વ ઉપ પ્રમુખ ડી.ડી. જીવાણી, જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ નવલભાઈ મુંગરા, ધ્રોલ માર્કેટિંગ યાર્ડના ચેરમેન રસિકભાઈ ભંડેરી, યુવા મોરચાના પ્રમુખ ભગીરથસિંહ જાડેજા તથા હિન્દુ સેનાના પ્રમુખ ગૌરવભાઈ મહેતા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત પી.ટી જાડેજા, સંજયસિંહ જાડેજા, મહેશભાઈ ચીખલીયા, ભીમજીભાઈ મકવાણા અને ચંદ્રેશભાઈ ભંડેરી, જીજુભા જાડેજા, જગતસિંહ જાડેજા, પ્રદ્યુમનસિંહ જાડેજા, સહિતના અનેક રાજકીય-સામાજિક અગ્રણીઓએ હાજરી આપી આયોજકો અને રક્તદાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો.

આ કેમ્પને સફળ બનાવવા માટે ભાગ્યપાલસિંહ મિત્ર વર્તુળના ગિરિરાજ સિંહ જાડેજા, સ્વ. માધવસિંહજી પરિવાર (જાબીડા), ડૉ. ઉશાકાંત શુકલ ટ્રસ્ટ (ધ્રોલ), હરધ્રોલ માજી સૈનિક સેવા ફાઉન્ડેશન (ધ્રોલ) અને અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ (ધ્રોલ) દ્વારા ભારે જહમત ઉઠાવવામાં આવી હતી. કાર્યક્રમના અંતે આયોજક મંડળ દ્વારા તમામ રક્તદાતાઓ, ઉપસ્થિત અગ્રણીઓ, તબીબી ટીમ તથા પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહયોગ આપનાર તમામનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# વિપશ્યના ધ્યાન સાધના ૧૦ દિવસીય શિબીર

જામનગર : વિપશ્યના સાધના એક સરળ અને અસરકારક ધ્યાનવિધિ છે. જેમાં કુળ, જાતિ,સાંપ્રદાય તથા રાષ્ટીયતા આડી આવતી નથી. આ સાધનાથી ક્રોધ, ભય, ચિંતા, માનસિક તણાવ તથા તમામ પ્રકારના વ્યસનોમાંથી મુકિત મળે છે અને ગર્ભવતી મહિલાઓ માટે તો આ સાધના કરવાથી બાળકના માનસ પર સારો પ્રભાવ પડે છે.

જેથી વિશ્વભરમાં અંદાજે ૨૯૮થી પણ વધારે કેન્દ્રોમાં આ સાધના વિનામુલ્યે શીખવવામાં આવે છે. ભારતમાં આ સાધનાવિધિ શીખવા માટેના ૧૨૭ કેન્દ્રો આવેલા છે. તે પૈકીના ૧૧ કેન્દ્રો ગુજરાતમાં આવેલા છે. આ તમામ કેન્દ્રો ઉપર દર માસે સરેરાશ બે ૧૦ દિવશીય શિબિરનું આયોજન થતું રહે છે. તેની વિગતવાર માહિતી http://www.vridhamma.rog ઉપર ઓનલાઈન ઉપલબ્ધ છે. જામનગર જીલ્લાના જિજ્ઞાસુ ભાઈ-બહેનો માટે નજીકનું વિપશ્યના ધ્યાન કેન્દ્ર ધમ્મકોટ-રાજકોટ પાસે આવેલું છે. આ કેન્દ્ર પર તા.૨૯-૭-૨૦૨૬, તા.૯-૮-૨૦૨૬, તા. ૧૨-૮-૨૦૨૬ તા.૨૩-૮-૨૦૨૬ અને તા.૨૯-૮-૨૦૨૬થી તા.૯-૦૯-૨૦૨૬ સુધીની શિબીર શરૂ થનાર છે. આ શિબીરમાં જવા માટે રજીસ્ટેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશન માટે ૯૩૨૮૯૩૪૫૧૮, ૯૯૨૫૧૫૩૦૭૦, ૯૯૦૯૦૧૦૨૪૫ ઉપર સંપર્ક યાદીમાં જણાવાયું છે.

# જામનગરમાં ગૌ-સન્માન આહ્વાન અભિયાનના ભાગરુપે ગૌ-ભક્તો દ્વારા રેલી







જામનગર : ગૌ સન્માન આહ્વાન અભિયાનના ભાગરૂપે આજે જામનગરમાં ગૌભક્તો દ્વારા ભવ્ય રેલીયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ગૌભક્તો, સામાજિક આગેવાનો અને ગૌસેવા સાથે સંકળાયેલા કાર્યકરો ઉત્સાહભેર જોડાયા હતા.

રેલી શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પહોંચી હતી. ત્યાં જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપરત કરી તેમના માધ્યમથી ભારતના રાષ્ટ્રપતિ, વડાપ્રધાન તથા ગુજરાતના મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી હતી.

આવેદનમાં દેશમાં ગૌ સન્માન, ગૌસેવા અને ગૌસુરક્ષાને વધુ અસરકારક રીતે સુનિશ્ચિત કરવા માટે જરૂરી કાયદાકીય અને વહીવટી પગલાં ભરવાની માંગણી કરવામાં આવી હતી. ગૌવંશના સંરક્ષણ, ગૌશાળાઓને વધુ સહાય, ગેરકાયદે પ્રવૃત્તિઓ પર કડક નિયંત્રણ અને ગૌઆધારિત સંવર્ધનને પ્રોત્સાહન આપવા સરકારને અનુરોધ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત આગેવાનોએ જણાવ્યું હતું કે ગૌમાતાના સન્માન અને સંરક્ષણ માટે સમાજમાં વ્યાપક જનજાગૃતિ લાવવી સમયની જરૂરિયાત છે. ગૌસેવા એ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનો અભિન્ન ભાગ હોવાનું તેમણે જણાવ્યું હતું.સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાંતિપૂર્ણ અને શિસ્તબદ્ધ માહોલમાં રેલી સંપન્ન થઈ હતી. મોટી સંખ્યામાં ગૌભક્તોની ઉપસ્થિતિએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ધ્રોલમાં ઓનલાઈન શિક્ષક તાલીમ કાર્યશાળામાં ૭૫ શિક્ષકોએ લીધી તાલીમ

જામનગર : ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ગુજકોસ્ટ), ગાંધીનગરના પ્રેરણાથી તથા શ્રી એમ. ડી. મહેતા એજ્યુકેશન ટ્રસ્ટ-ધ્રોલ સંચાલિત શ્રી એમ. ડી. મહેતા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર-ધ્રોલ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને શાસનાધિકારી કચેરી, જામનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૨૩ જુલાઈના રોજ જામનગર જિલ્લાની શાળાઓના શિક્ષકો માટે રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ અંતર્ગત ઓનલાઈન શિક્ષક તાલીમ કાર્યશાળાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યશાળામાં જિલ્લાના આશરે ૭૫ શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ તાલીમ મેળવી હતી.

શાળાના બાળ વૈજ્ઞાનિકો રાષ્ટ્રીય કક્ષાના મંચ પર ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શકે અને તેમના પ્રોજેક્ટ્સ રાષ્ટ્રીય સ્તર સુધી પસંદગી પામે તે હેતુથી શિક્ષકોને વૈજ્ઞાનિક અભિગમ સાથે માર્ગદર્શન આપવા આ વિશેષ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યશાળામાં જામનગર જિલ્લાના રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદના જિલ્લા સંયોજક ડૉ. સંજય પંડ્યાએ આ વર્ષની મુખ્ય થીમ "સુસ્થાયીતા માટે વિજ્ઞાન અને નવીનતા" અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. સાથે જ પાંચ પેટા વિષયો અંગે પણ વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

પેટા વિષયોમાં કચરાના વ્યવસ્થાપન માટે આર-૫ (રિડ્યૂસ, રિયુઝ, રિસાયકલ, રિકવર અને રિફ્યૂઝ), ઊર્જા માટે ઈ-૪ (અન્વેષણ, પ્રયોગ, વૃદ્ધિ અને વિકાસ), પાણીનું સંગ્રહ, ઉપયોગ, પુનઃચક્રિયકરણ અને સંરક્ષણ, ખોરાક-કૃષિ અને સ્વાસ્થ્ય તેમજ સુસ્થાયીતા માટે ભારતીય જ્ઞાન પ્રણાલીઓના ઉપયોગ જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત શિક્ષકોને પ્રોજેક્ટની ગુણવત્તા સુધારવા માટે સ્થાનિક સમસ્યાઓના આધારે યોગ્ય પ્રોજેક્ટની પસંદગી, વૈજ્ઞાનિક પદ્ધતિથી સર્વેક્ષણ, પ્રયોગો અને માહિતી એકત્રીકરણ, દૈનિક નોંધપોથી (લોગબુક) જાળવવાની પદ્ધતિ, અહેવાલ લેખનના નિયમો તેમજ ચાર્ટ અને સ્લાઈડ્સના માધ્યમથી અસરકારક પ્રોજેક્ટ રજૂઆત કેવી રીતે કરવી તે અંગે પણ વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે પ્રશ્નોત્તરી સત્ર યોજાયું હતું, જેમાં ઉપસ્થિત શિક્ષકોએ પૂછેલા વિવિધ પ્રશ્નો અને મૂંઝવણોનું ડૉ. સંજય પંડ્યાએ સંતોષકારક નિરાકરણ આપ્યું હતું.

# લાલપુરમાં ખેતીકામ કરતાં મહિલાનું વિજ કરંટથી મોત, વિજ તંત્રની બેદરકારીનો પરિજનોનો આક્ષેપ

## ખેતરમાં પોલના તાણિયાને સ્પર્શ થતાં લાગ્યો કરંટ; કોઈ બેદરકારી છે કે કેમ ? તે મુદ્દે તપાસનો ધમધમાટ

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના નાની રાફુદળ ગામે ખેતરમાં કામ કરતી વખતે વીજ કરંટ લાગતાં એક મહિલાનું કરૂણ મૃત્યુ નીપજ્યાનો બનાવ સામે આવ્યો છે. ઘટનાને પગલે મૃતકના પરિવારજનોએ પીજીવીસીએલની બેદરકારીના કારણે અકસ્માત સર્જાયો હોવાનો આક્ષેપ કર્યો છે. જોકે સમગ્ર મામલે પોલીસે અકસ્માત મોતની નોંધ કરી વીજ તંત્રની કોઈ બેદરકારી રહી છે કે કેમ તે સહિતના તમામ પાસાઓની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ તા. ૨૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ સાંજે આશરે ૬ વાગ્યાના અરસામાં લાલપુર પોલીસ સ્ટેશનથી પશ્ચિમ તરફ આશરે ૧૨ કિલોમીટર દૂર નાની રાફુદળ ગામની સીમમાં આવેલી વાડીમાં આ દુર્ઘટના બની હતી. બનાવ અંગે મીતુલભાઈ મોહનભાઈ ધારવિયા (ઉ.વ. ૨૬), રહે. નાની રાફુદળ ગામે પોલીસને જાણ કરતાં લાલપુર પોલીસ સ્ટેશન ખાતે બી.એન.એસ.એસ.ની કલમ ૧૯૪ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મૃતક ભાનુબેન મોહનભાઈ ગોપાલભાઈ ધારવિયા (ઉ.વ. ૫૦), રહે. નાની રાફુદડ ગામ, પોતાના ખેતરમાં ખેતીકામ કરી રહ્યા હતા. તે દરમિયાન ખેતરમાંથી પસાર થતી ૪૧૫ વોલ્ટની એલ.ટી. વીજલાઈનના પોલના તાણિયાને સ્પર્શ થતાં તેમને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ કરૂણ મૃત્યુ નીપજ્યું હતું.

મૃતકના પરિવારજનોનો આક્ષેપ છે કે પીજીવીસીએલ દ્વારા પોલમાં લગાવવામાં આવેલા તાણિયા સાથે જીવંત વીજ વાયર અડી જતાં સમગ્ર તાણિયામાં વીજપ્રવાહ પ્રસરી ગયો હતો અને તેના કારણે ભાનુબેનને જીવલેણ કરંટ લાગ્યો હતો. પરિવારજનોએ આ દુર્ઘટના માટે વીજ તંત્રની બેદરકારી જવાબદાર હોવાનો આક્ષેપ કર્યો છે.

જોકે, લાલપુર પોલીસે સમગ્ર ઘટનાની ગંભીરતાથી તપાસ શરૂ કરી છે. વીજલાઈન, પોલ અને તાણિયાની સ્થિતિ તેમજ વીજ તંત્રની કોઈ બેદરકારી રહી છે કે કેમ તે સહિતના તમામ મુદ્દાઓની તપાસ ચાલી રહી છે. આ બનાવમાં એ.એસ.આઈ. ડી.ડી. જાડેજા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# ધ્રોલના ખાખરા ગામે ખેડૂતના ઘરમાંથી દારૂનો જથ્થો ઝડપાયો

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના ખાખરા ગામમાં રહેતા એક ખેડૂતના રહેણાંક મકાનમાં દરોડો પાડી પોલીસે ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે કુલ રૂ. ૭,૦૭૬નો મુદ્દામાલ કબજે કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, ધ્રોલ પોલીસને મળેલી બાતમીના આધારે ખાખરા ગામમાં શાંતુભા જશુભા જાડેજાના રહેણાંક મકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન આરોપી પાસે કોઈ પરમીટ વિના વેચાણ અર્થે રાખેલો ભારતીય બનાવટનો વિદેશી દારૂની ૮ બોટલ અને ૧૧ ચપટા મળી આવ્યા હતા. આથી પોલીસે કુલ રૂ. ૭,૦૭૬નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.આ અંગે ધ્રોલ પોલીસ મથકે શાંતુભા જશુભા જાડેજા સામે પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ)(એ) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કારગીલ વિજય દિવસ નિમિત્તે જામનગરમાં એનસીસી દ્વારા રણમલ તળાવના શહિદ સ્મારક ખાતે શ્રદ્ધાંજલિ અર્પણ






જામનગર : જામનગરના રણમલ તળાવ ખાતે આવેલા શહિદ સ્મારક પર રવિવારે વહેલી સવારે ૮ ગુજરાત નેવલ યુનિટ એનસીસી જામનગરના કેડેટ્સ, એસોસિયેટ એનસીસી ઓફિસર્સ તથા પીઆઈ સ્ટાફ દ્વારા કારગીલ વિજય દિવસ નિમિત્તે શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી તેમની વીરતા અને બલિદાનને લાગણીસભર રીતે યાદ કર્યા હતા.

૮ ગુજરાત નેવલ યુનિટ એનસીસીના કમાન્ડિંગ ઓફિસર કમાન્ડર સ્નેહા રાયના માર્ગદર્શનમાં વિવિધ શાળા તથા કોલેજના કેડેટ્સ દ્વારા બેન્ડની હૃદયસ્પર્શી સુરાવલી સાથે શહીદોને સશસ્ત્ર સલામી આપી બે મિનિટનું મૌન ધારણ કરવામાં આવ્યું હતું.

# જામનગર જિલ્લા જેલમાં મોબાઈલ ફોનના રેકેટમાં વધુ બે આરોપીઓની ધરપકડ

## સાયબર ક્રાઈમની પોલીસની તપાસમાં અત્યાર સુધી કુલ ૧૨ આરોપીઓ ઝડપાયા

જામનગર : જામનગર જિલ્લા જેલમાંથી ગેરકાયદેસર રીતે મોબાઈલ ફોનના ઉપયોગના ચકચારી પ્રકરણમાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનની તપાસમાં સતત નવા ખુલાસા કરી રહી છે.

જામનગર શહેરના સીટી-એ ડિવિઝન પોલીસ મથકે નોંધાયેલી અલગ-અલગ ત્રણ ફરિયાદોની તપાસ સાયબર ક્રાઈમ સેલને સોંપવામાં આવી હતી. ટેક્નિકલ અને વૈજ્ઞાનિક પદ્ધતિથી હાથ ધરાયેલી ઊંડાણપૂર્વકની તપાસમાં વધુ બે આરોપીઓની સંડોવણી સામે આવતાં પોલીસે બંનેને કાયદેસર કબજામાં લઈ પૂછપરછ શરૂ કરી છે.

પોલીસે આ પ્રકરણમાં અનિલ ઉમેશભાઈ બાંભણિયા (રહે. આરંભડા ગામ, દેવભૂમિ દ્વારકા) તેમજ આરિફ મહંમદભાઈ પુંજાણી (રહે. મહારાજા સોસાયટી, જામનગર)ની ધરપકડ કરી છે. બંને આરોપીઓ અગાઉથી અન્ય ગુનાઓમાં જિલ્લા જેલમાં બંધ હોવાથી અદાલતી પ્રક્રિયા પૂર્ણ કરીને તેમનો કબજો મેળવી વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી રહી છે.

આ સમગ્ર પ્રકરણમાં અત્યાર સુધીમાં કુલ ૧૨ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. તપાસ દરમિયાન જેલમાં મોબાઈલ ફોન કેવી રીતે પહોંચ્યા, તેનો ઉપયોગ કોના સંપર્ક માટે કરવામાં આવ્યો હતો તેમજ સમગ્ર રેકેટમાં અન્ય કોઈ વ્યક્તિની સંડોવણી છે કે નહી તે સહિતના તમામ મુદ્દાઓની સઘન તપાસ ચાલી રહી છે.

જિલ્લા જેલમાં ગેરકાયદેસર મોબાઈલ ફોનના ઉપયોગના સમગ્ર નેટવર્કનો પર્દાફાશ કરવા માટે તપાસ હજુ પણ ચાલુ છે, અને આ પ્રકરણમાં સંડોવાયેલા અન્ય વ્યક્તિઓ સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# ગુરુપૂર્ણિમા પ્રસંગે કાર્યક્રમ

જામનગર : આગામી તા. ૨૯/૭/૨૦૨૬ને બુધવારના રોજ ગુરુપૂર્ણિમાના પાવન પ્રસંગે શ્રી અરવિન્દ સોસાયટી જામનગર શાખા દ્વારા જીએમબી બિલ્ડીંગ, શરુ સેક્સન રોડ, સાવિત્રી ભુવનમાં સવારે ૧૦થી ૧૦:૩૦ સમાધિ સમીપ સમૂહ ધ્યાન અને સાંજે ૬:૩૦થી ૮ વાગ્યા સુધી શ્રી અરવિન્દ સાહિત્યના તત્વચિંતક ઈલાબેન પંડયા (વડોદરા) શ્રી અરવિન્દના પૂર્ણયોગ અને સિધ્ધિ-દિવસ વિષય પર પ્રવચન આપશે. તો આ કાર્યક્રમમાં સર્વે સભ્યો ઉપરાંત જામનગરના અધ્યાત્મપ્રેમી ભાઈ-બહેનોને પધારવા યાદીમાં જણાવાયું છે.

# જામનગરમાં બે સ્થળોએથી બાઈક હંકારી જતા તસ્કરો

જામનગર : જામનગર શહેરના ગુલાબનગર વિસ્તારમાંથી બે અલગ-અલગ સ્થળેથી બે મોટરસાયકલની ચોરી થતાં સીટી બી ડિવિઝન પોલીસ મથકે બે અલગ-અલગ ગુના નોંધાયા છે. બંને બનાવોમાં પોલીસે અજાણ્યા તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.

પ્રથમ બનાવમાં નાગનાથ ગેટ પાસે અંબાજી ચોક પાછળ આવેલી ખેત્રીફળીમાં રહેતા આશિષભાઈ પ્રવીણભાઈ ગોહિલે ગુલાબનગર રોડ પર સ્ટાર લાઈટ પાર્ટી પ્લોટ પાસે આવેલા એમ.ઝેડ.બી. ગેસ લાઈટર કારખાના બહાર પાર્ક કરેલું પોતાનું સિલ્વર રંગનું જીજે-૧૦-બીએમ-૦૧૪૨ નંબરનું આશરે રૂ. ૩૦ હજાર કિંમતનું મોટરસાયકલ અજાણ્યો તસ્કર ચોરી કરી ગયો હોવાનું નોંધાવ્યું છે.

જ્યારે બીજા બનાવમાં ગુલાબનગર અખાડા ચોક ખાતે રહેતા સબીરભાઈ અનીશભાઈ સમાએ પોતાની સફેદ રંગની સુઝુકી એક્સેસ (રજિ. નં. જીજે-૨૭-ડીકે-૭૨૭૦) ગુલાબનગર સાંઢીયા પુલ પાસે ભાનુ પેટ્રોલ પંપ સામે પાર્ક કરી મિત્ર સાથે કામ માટે હાપા ગયા હતા. પરત ફરતાં આશરે રૂ. ૨૦ હજાર કિંમતનું બાઈક સ્થળ પરથી ગુમ હોવાનું જણાતા તેમણે સીટી બી. ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# અડધી રાતે ભટકતી માનસિક અસ્વસ્થ યુવતી માટે '૧૮૧ અભયમ' તારણહાર બની



જામનગર : અડધી રાતે રસ્તા પર એકલી ભટકતી અને પોતાનું સરનામું પણ યાદ ન હોય તેવી માનસિક રીતે અસ્વસ્થ યુવતી માટે '૧૮૧ અભયમ' મહિલા હેલ્પલાઈન ટીમ તારણહાર સાબિત થઈ છે. ટીમની સતર્કતા, સંવેદનશીલતા અને ત્વરિત કામગીરીના પરિણામે યુવતીને તેના પરિવાર સાથે સુરક્ષિત રીતે મિલાવીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે.

ઘટનાની વિગત અનુસાર, રાજકોટથી જામનગર તરફ આવી રહેલા એક જાગૃત નાગરિકને રસ્તામાં પેટ્રોલ પંપ પાસે એક અસહાય યુવતી મળી આવી હતી. યુવતીએ પોતાના માસીના ઘરે જામનગર જવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, જેથી તે નાગરિકે તેને પોતાના વાહનમાં જામનગર સુધી આશરો આપ્યો હતો. જોકે, જામનગર પહોંચ્યા બાદ યુવતીને માસીનું ઘર કે ચોક્કસ સરનામું યાદ ન હતું. સફર દરમિયાન યુવતી માનસિક રીતે અસ્વસ્થ હોવાનું જણાતાં, જાગૃત નાગરિકે તાત્કાલિક ૧૮૧ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કરી સમગ્ર બાબતની જાણ કરી હતી.

કોલ મળતાં જ ૧૮૧ અભયમની ટીમમાંથી કાઉન્સિલર ઈશિતા પરમાર, મહિલા કોન્સ્ટેબલ ઈલાબા ઝાલા અને પાયલોટ ભાયાભાઈ જોગલની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ટીમે સ્થળ પર પહોંચી યુવતીનું કાઉન્સિલિંગ શરૂ કર્યું હતું. કાઉન્સિલિંગ દરમિયાન માલૂમ પડ્યું કે યુવતી પોતાનું સરનામુ પણ ભૂલી ગઈ હતી. જોકે, તેની પાસેથી મળી આવેલા ઓળખકાર્ડના આધારે ટીમે તેની ઓળખ સ્પષ્ટ કરી તેના પરિવારજનોનો સંપર્ક સાધ્યો હતો.

અભયમ ટીમે યુવતીના પિતા સાથે ટેલિફોનિક સંપર્ક કરતાં તેમણે જણાવ્યું હતું કે, દીકરીની માનસિક સારવાર ચાલી રહી છે પરંતુ યોગ્ય રીતે દવા ન લેવાને કારણે તે અવારનવાર ઘરેથી નીકળી જાય છે. તે દિવસે પણ બહેનપણીના ઘરે જવાનું કહીને નીકળ્યા બાદ પરત ન ફરતાં સમગ્ર પરિવાર ચિંતાતુર બન્યો હતો. જામનગરમાં તેમનું કોઈ સગાં-સંબંધિ રહેતું ન હોવાથી પરિવારે આસપાસના તમામ વિસ્તારોમાં શોધખોળ હાથ ધરી હતી. અંતે કોઈ પત્તો ન મળતાં તેઓ પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની ફરિયાદ નોંધાવવા જઈ રહ્યા હતા, ત્યારે જ ૧૮૧ અભયમનો ફોન આવ્યો અને દીકરી સુરક્ષિત હોવાના સમાચાર મળ્યા હતા. ૧૮૧ની ટીમે યુવતીને તેના પરિવારજનોને સોંપીને પુનઃમિલન કરાવ્યું હતું. આ તકે, દીકરી હેમખેમ મળી આવતાં ભાવુક બનેલા પરિવારજનોએ ૧૮૧ અભયમ ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. અંતમાં, અભયમ ટીમે પરિવારને યુવતીની નિયમિત દવાઓ ચાલુ રાખવા તેમજ તેની વિશેષ કાળજી અને તકેદારી રાખવા અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# જામનગરમાં દારૂના નશામાં પિતા સાથે ઝઘડો કરનાર પુત્રની પોલીસે અટકાયત કરી

જામનગર : જામનગરના પવનચક્કી વિસ્તારમાં એક પુત્ર દારૂના નશામાં ઝઘડો કરતા પિતાએ પોલીસ બોલાવી પકડાવી દીધાનો બનાવ પોલીસ ચોપડે ઉઠવા પામ્યો છે.

જામનગર શહેરના પવનચકી પાસે નાનકપુરી મંદિર પાછળ રહેતા ચંદુલાલ દયારામ ભોજવાણીએ પોતાના પુત્ર નિલેષભાઈ ચંદુલાલ ભોજવાણી મોડી રાત્રે દારૂના નશામાં ઘરે આવ્યા પછી પિતા સાથે બોલાચાલી તથા ઝઘડો કરવા લાગ્યો હતો. પિતાએ સમજાવવાનો પ્રયાસ કર્યો છતાં તેઓ શાંત ન થતાં પિતાએ ૧૧૨ જનરક્ષક સેવા પર ફોન કરી પોલીસને જાણ કરતા ઘટનાસ્થળે આવી નિલેષભાઈને પિતા સાથે પોલીસ સ્ટેશન લઈ આવી હતી જ્યાં તેમની સામે ગુનો નોંધી ધરપકડ કરવામાં આવી છે.

## શેઠવડાળામાં જુગાર રમતી મહિલાઓ સહિત છ શખ્સોની અટકાયત

જામનગર : જામજોધપુર તાલુકાના શેઠવડાળા ગામમાં વૈષ્ણવવાડી વિસ્તારમાં ખુલ્લા પટમાં જાહેરમાં ગંજીપત્તાના પાનાં વડે તીનપત્તીનો જુગાર રમાતો હોવાની બાતમીના આધારે શેઠવડાળા પોલીસ દ્વારા દરોડો પાડી પાંચ મહિલાઓ અને એક પુરુષ સહિત કુલ છ વ્યક્તિઓને પૈસાની હારજીત સાથે જુગાર રમતા ઝડપી લેવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ શેઠવડાળા ગામે વૈષ્ણવ વાડી વિસ્તારમાં જુગાર રમતો હોવાની બાતમી પરથી પોલીસે દરોડો પડ્યો હતો જ્યાં જુગાર રમી રહેલ રૂપેશભાઈ રમેશભાઈ લાલકીયા, જયેશભાઈ રણછોડભાઈ પાડલીયા, કંચનબેન ઠાકરશીભાઈ લાલકીયા, રેખાબેન નવીનભાઈ વાવડીયા, વનીતાબેન રમેશભાઈ લાલકીયા તેમજ કીરણબેન મહેશભાઈ લાલકીયાની અટકાયત તમામ પાસેથી રોકડ રૂ. ૨,૮૦૦ કબ્જે કરવામાં આવ્યા હતા.

# ભારત વિશ્વસનીય વૈશ્વિક સંરક્ષણ ભાગીદાર તરીકે ઉભર્યું : પ્રધાનમંત્રી મોદી

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના માસિક રેડિયો કાર્યક્રમ 'મન કી બાત' ના ૧૩૬મા એપિસોડમાં સંબોધન કર્યું

નવી દિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રવિવારે (૨૬ જુલાઈ) તેમના માસિક રેડિયો કાર્યક્રમ 'મન કી બાત' ના ૧૩૬મા એપિસોડમાં સંબોધન કર્યું. રાષ્ટ્રને સંબોધન કરતા, પીએમ મોદીએ કારગિલ વિજય દિવસના મહત્વ પર પ્રકાશ પાડ્યો, ભારતીય સૈનિકોની હિંમતને શ્રદ્ધાંજલિ આપી અને કહ્યું કે કારગિલ વિજય દિવસ દરેક ભારતીયને ગર્વથી ભરી દે છે અને દેશના સશસ્ત્ર દળોની અસાધારણ બહાદુરી અને બલિદાનની યાદ અપાવે છે.

"આપણા જીવનમાં કેટલીક તારીખો એવી હોય છે જેને યાદ રાખવા માટે આપણે કેલેન્ડર જોવાની જરૂર નથી. આજે, ૨૬ જુલાઈ એક એવી તારીખ છે. આજે 'કારગિલ વિજય દિવસ' છે. આ દિવસ આપણને ગર્વથી ભરી દે છે. આ દિવસ આપણને બહાદુર સૈનિકોની અસાધારણ હિંમતની યાદ અપાવે છે. આજે, હું બધા બહાદુર શહીદો અને બહાદુર સૈનિકોને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપું છું," પ્રધાનમંત્રીએ કહ્યું.



પીએમ મોદીએ વધુમાં કહ્યું કે આ વર્ષે કારગિલ વિજય દિવસ પર એક ખાસ 'શૌર્ય વિજય યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. "આ મોટરસાયકલ યાત્રા, જે ૧૪ જુલાઈના રોજ દિલ્હીના રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકથી શરૂ થઈ હતી, તે દ્રાસમાં કારગિલ યુદ્ધ સ્મારક સુધી પહોંચશે. તેનો સંદેશ છે - 'એક સવારી, એક રાષ્ટ્ર, એક સલામ.' આ યાત્રા આપણને યાદ અપાવે છે કે રાષ્ટ્ર માટે આપેલા બલિદાનને ક્યારેય ભૂલી શકાય નહીં," તેમણે કહ્યું.

ભારત એક વિશ્વસનીય વૈશ્વિક સંરક્ષણ ભાગીદાર તરીકે ઉભરી રહ્યું છેઃ પીએમ મોદી

પીએમ મોદીએ ભારતીય નૌકાદળમાં INS મહેન્દ્રગિરીના તાજેતરના સમાવેશ પર પ્રકાશ પાડ્યો, તેને ભારતની વધતી જતી સંરક્ષણ ઉત્પાદન ક્ષમતાઓનું પ્રતીક ગણાવ્યું. "થોડા દિવસો પહેલા, INS મહેન્દ્રગિરીને ભારતીય નૌકાદળમાં સામેલ કરવામાં આવ્યું હતું. આ આધુનિક યુદ્ધ જહાજ ભારતમાં ડિઝાઈન અને બનાવવામાં આવ્યું હતું. તેની ૭૫ ટકાથી વધુ સામગ્રી સ્વદેશી છે. તે આત્મનિર્ભર ભારતની વધતી જતી શક્તિને પ્રતિબિંબિત કરે છે," તેમણે કહ્યું.

પ્રધાનમંત્રીએ સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) ની તાજેતરની સિદ્ધિઓ માટે પણ પ્રશંસા કરી, જેમાં પિનાકા લોંગ રેન્જ ગાઈડેડ રોકેટનું સફળ પરીક્ષણ પણ સામેલ છે. તેમણે DRDO દ્વારા હાથ ધરવામાં આવેલા કુશા મિસાઈલના સફળ પરીક્ષણનો પણ ઉલ્લેખ કર્યો, અને કહ્યું કે આવા વિકાસ સંરક્ષણ ટેકનોલોજીમાં ભારતની પ્રગતિને ઉજાગર કરે છે.

પીએમ મોદીએ કહ્યું કે ભારત સ્વદેશી નવીનતા અને આત્મનિર્ભરતા દ્વારા તેની સંરક્ષણ ક્ષમતાઓને મજબૂત બનાવવાનું ચાલુ રાખીને એક વિશ્વસનીય વૈશ્વિક સંરક્ષણ ભાગીદાર તરીકે ઉભરી રહ્યું છે. "આજે, ભલે તે સંરક્ષણ ઉત્પાદન હોય, સંરક્ષણ નિકાસ હોય કે મિત્ર દેશો સાથે રાજકીય સહયોગ હોય, ભારત સતત નવી ઊંચાઈઓ પર પહોંચી રહ્યું છે.

# મોસ્કો યુએસ બેઝ અને મધ્ય પૂર્વના રાજ્યોમાં ઈરાન સાથે ગુપ્ત માહિતી શેર કરી રહ્યું છે : ઝેલેન્સકી

## યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ રશિયા પર ગંભીર આરોપો લગાવ્યા

કિવ,

યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ રશિયા પર ગંભીર આરોપો લગાવ્યા હતા, જેમાં મોસ્કો પર ઈરાનને સેટેલાઇટ ગુપ્ત માહિતી પૂરી પાડવાનો આરોપ લગાવ્યો હતો. મધ્ય પૂર્વમાં સંઘર્ષ પ્રાદેશિક સુરક્ષા ચિંતાઓ વધારી રહ્યો છે ત્યારે આ વાત સામે આવી છે.ઠ (અગાઉનું ટ્વિટર) પર એક પોસ્ટમાં, ઝેલેન્સકીએ દાવો કર્યો હતો કે જુલાઈની શરૂઆતથી જ ગલ્ફ રાજ્યો અને પ્રદેશમાં યુએસ લશ્કરી સુવિધાઓ પર સક્રિય રશિયન ઉપગ્રહ દેખરેખ રેકોર્ડ કરવામાં આવી છે.

"હું અમારી ગુપ્તચર માહિતીને સૂચના આપીશ કે રશિયા દ્વારા ઈરાની શાસનને નવી સહાય અંગે અમારી પાસે રહેલી માહિતી અમારા ભાગીદારો સાથે શેર કરે. જુલાઈની શરૂઆતથી, અમે ગલ્ફ રાજ્યો અને ત્યાં સ્થિત યુએસ લશ્કરી સુવિધાઓ પર સક્રિય રશિયન ઉપગ્રહ દેખરેખ રેકોર્ડ કરી છે," તેમણે કહ્યું.

"આ છબીઓ પછીથી ઈરાનમાં દેખાય છે. તે જ સમયે, રશિયા દ્વારા આ સ્થળોની સેટેલાઇટ છબીઓ અને ઈરાની હુમલાઓ વચ્ચે સ્પષ્ટ સંબંધ છે - હુમલાઓ પહેલાં, તેમની તૈયારીમાં અને પછીથી, થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે," તેમણે પોસ્ટમાં લખ્યું.

ઝેલેન્સકીએ સ્પષ્ટ કર્યું કે ફક્ત ૧૯ અને ૨૦ જુલાઈના રોજ, રશિયન ઉપગ્રહોએ ચાર પ્રાદેશિક હવાઈ મથકો પર ધ્યાન કેન્દ્રિત કર્યું, જેમાં બે બહેરીનમાં, એક જોર્ડનમાં અને એક કુવૈતમાં હતું.

"માત્ર ૧૯ અને ૨૦ જુલાઈના રોજ, ચાર હવાઈ મથકો રશિયન ઉપગ્રહોના હિતના ક્ષેત્રમાં આવ્યા - બે બહેરીનમાં, એક જોર્ડનમાં અને એક કુવૈતમાં. હેતુ સ્પષ્ટ છે. વિશ્વમાં આપણામાંથી કોઈએ એક ખૂબ જ સરળ હકીકત તરફ આંખ આડા કાન ન કરવા જોઈએઃ દુષ્ટતા હંમેશા પરિસ્થિતિને વધુ ખરાબ કરવા અને વધુ ફેલાવવાના માર્ગો શોધે છે.

# કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્યમંત્રી સિદ્ધાર મૈયા ૨૦૨૮ ની વિધાનસભા ચૂંટણી નહીં લડે

બેન્ગ્લુરુ,

કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ એક મહત્વના ઘટનાક્રમની ચર્ચા કરતા કહ્યું હતું કે, તેઓ દક્ષિણ રાજ્યમાં ૨૦૨૮ ની વિધાનસભા ચૂંટણી લડશે નહીં, તેમની વધતી ઉંમરનો ઉલ્લેખ કરીને, સાથે જ રાજકારણ હવે "સંપૂર્ણપણે ભ્રષ્ટ" થઈ ગયું છે તે પણ પ્રકાશિત કર્યું છે. જોકે, સિદ્ધારમૈયાએ કહ્યું કે તેઓ લોકો માટે ઊભા રહેવાનું અને તેમનો અવાજ ઉઠાવવાનું ચાલુ રાખશે. કોંગ્રેસ નેતૃત્વ દ્વારા સિદ્ધારમૈયાને બદલીને ડીકે શિવકુમારને મુખ્યમંત્રી બનાવ્યાના થોડા દિવસો પછી આ ઘટના બની છે. મંડ્યામાં એક કાર્યક્રમમાં બોલતા, અનુભવી કોંગ્રેસી નેતાએ કહ્યું કે વરુણા મતવિસ્તારના લોકો ઈચ્છે છે કે તેઓ ૨૦૨૮ ની ચૂંટણી લડે, પરંતુ તેમણે તેનો વિરોધ કર્યો છે. તેમના અગાઉના ચૂંટણી પ્રચાર દરમિયાન, વરુણાના લોકોએ તેમને પૈસા પૂરા પાડ્યા હતા અને તેમની જીત સુનિશ્ચિત કરી હતી, પરંતુ હવે એવી પરિસ્થિતિ નથી, તેમણે કહ્યું.

સિદ્ધારમૈયાએ કહ્યું કે તેઓ હાલમાં ૭૯ વર્ષના છે અને આગામી વિધાનસભા ચૂંટણીઓ થશે ત્યારે ૮૧-૮૨ વર્ષના થશે. તેમણે કહ્યું કે તેમનું સ્વાસ્થ્ય હવે સારું નથી, અને તેમના માટે "પહેલા જેવા ઉત્સાહથી કામ કરવું" શક્ય નથી. "૨૦૨૮ સુધીમાં, હું ૮૨ વર્ષનો થઈશ. તે મારા રાજકીય જીવનમાં ૫૦ વર્ષ પૂર્ણ કરશે," સિદ્ધારમૈયાએ કહ્યું. "મેં ૧૯૭૮ માં તાલુકા બોર્ડ સભ્ય તરીકે મારી રાજકીય સફર શરૂ કરી હતી. મેં હાર અને જીત બંને જોઈ છે. પરંતુ મને એ વાતનો સંતોષ છે કે મેં મારા સિદ્ધાંતો વિરુદ્ધ કોઈ કાર્ય કર્યું નથી જેમાં હું માનતો હતો, કે મારા અંતરાત્મા સાથે દગો કર્યો નથી."

# ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા કવાડયાત્રાની તૈયારી : યાત્રિકો માટે વધારાની બસો દોડાવવા નિર્ણય

લખનઉ,

ઉત્તર પ્રદેશની યોગી સરકારે શ્રાવણ મહિનામાં ૩૦ જુલાઈથી શરૂ થનારી કાવડ યાત્રા સરળ અને સલામત રીતે પૂર્ણ થાય તે માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. જેની માટે યુપી રોડ ટ્રાન્સપોર્ટ કાવડ યાત્રાળુઓ માટે વધારાની બસો ચલાવાશે. તેમજ સમગ્ર યાત્રા દરમિયાન નજર રાખવા માટે ૨૪ કલાક કંટ્રોલ રૂમ સ્થાપિત કરવામાં આવશે.




ટ્રાન્સપોર્ટ મંત્રી દયાશંકર સિંહે નિગમ બસોના સલામત સંચાલન અને મુસાફરોની સુવિધાઓ અંગે અધિકારીઓને જરૂરી નિર્દેશો આપ્યા છે. જ્યારે પરિવહન નિગમના મેનેજિંગ ડિરેક્ટર પ્રભુ નારાયણ સિંહે જણાવ્યું હતું કે દરેક પ્રાદેશિક મુખ્યાલય પર ચોવીસ કલાક કાર્યરત કંટ્રોલ રૂમ સ્થાપિત કરવામાં આવશે. આ કંટ્રોલ રૂમ કાવડ યાત્રાની શરૂઆતથી તેના અંત સુધી સતત કાર્યરત રહેશે અને તમામ પ્રવૃત્તિઓનો રેકોર્ડ રાખવામાં આવશે.

ઉપરાંત કાવડ યાત્રા દરમિયાન હરિદ્વાર જતા યાત્રાળુઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને વધારાની બસોની વ્યવસ્થા કરવામાં આવશે. જ્યારે લખનઉ, અયોધ્યા, ગોરખપુર, વારાણસી અને પ્રયાગરાજ જેવા શહેરોને જોડતા મુખ્ય રૂટ પર જરૂર મુજબ વધારાની બસો ચલાવવામાં આવશે.

આ ઉપરાંત કાવડ માર્ગ પરના બસ સ્ટેશનો પર પીવાનું પાણી, સ્વચ્છ શૌચાલય, બેઠક વ્યવસ્થા, સ્વચ્છતા, પૂછપરછ કાઉન્ટર, એનાઉનસમેન્ટ સિસ્ટમ અને ખાદ્ય સ્ટોલ જેવી સુવિધાઓ મળી રહે તે માટે સૂચનાઓ આપી છે.

# કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કારગિલ યુદ્ધ સ્મારક પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી

## ભારતીય સૈનિકોના અજોડ સાહસની પ્રશંસા કરી

નવી દિલ્હી,

રવિવારે કારગિલ વિજય દિવસની ૨૭મી વર્ષગાંઠ નિમિત્તે દ્રાસમાં સમર્પિત યુદ્ધ સ્મારક ખાતે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, આર્મી ચીફ જનરલ ધીરજ સેઠ અને વરિષ્ઠ લશ્કરી અધિકારીઓએ દેશના બહાદુરોને શ્રદ્ધાંજલિ આપી.

સવારે દ્રાસ ખીણમાં સૂર્ય તેજસ્વી ચમક્યો કારણ કે સિંહે કારગિલ યુદ્ધ સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરી, શહીદ નાયકોને શ્રદ્ધાંજલિ આપી.

તેમના પહેલાં, લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેના, આર્મી ચીફ જનરલ સેઠ અને જનરલ ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ, નોર્ધન કમાન્ડ, લેફ્ટનન્ટ જનરલ પ્રતીક શર્માએ, દળના અન્ય વરિષ્ઠ અધિકારીઓ સહિત યુદ્ધ સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરી.

એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટરની આગેવાની હેઠળ તીરના માથાવાળા ત્રણ હેલિકોપ્ટર અને ત્યારબાદ બે ચિત્તલ દ્વારા સ્મારક પર પુષ્પાંજલિ સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે દ્રાસ પહોંચ્યા હતા.

શનિવારે દ્રાસ પહોંચેલા સંરક્ષણ પ્રધાન કારગિલ યુદ્ધ સ્મારક ખાતે 'શ્રદ્ધાંજલિ સમારોહ' - પુષ્પાંજલિ સમારોહ - માં મુખ્ય મહેમાન હતા.

શનિવારે દ્રાસમાં વરસાદથી ભીંજાયેલી સાંજે, સેનાએ યુદ્ધ સ્મારક પર 'શૌર્ય સંધ્યા'નું આયોજન કર્યું હતું, જેમાં ૧૯૯૯માં ઓપરેશન વિજય દરમિયાન ભારતીય સૈનિકો દ્વારા દર્શાવવામાં આવેલી અદમ્ય હિંમતનું સન્માન કરવામાં આવ્યું હતું અને શહીદ નાયકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

# પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વામાં શક્તિશાળી વિસ્ફોટમાં બે લોકોના મોત, અનેક ઘાયલ

ખૈબર પખ્તુનખ્વા,

પાકિસ્તાનના ઉત્તરપશ્ચિમ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં શનિવારે એક શક્તિશાળી વિસ્ફોટમાં ઓછામાં ઓછા બે લોકો માર્યા ગયા. એક સ્થાનિક નેતા વિસ્ફોટમાંથી માંડ માંડ બચી ગયો, જ્યારે પોલીસે વિસ્ફોટનું કારણ જાણવા માટે તપાસ શરૂ કરી છે.

આ ઘટના બાજૌર જિલ્લામાં બની હતી, જે એક એવો પ્રદેશ છે જ્યાં વર્ષોથી આતંકવાદી હિંસાની વારંવાર ઘટનાઓ જોવા મળી છે. અત્યાર સુધી કોઈ સંગઠને આ હુમલાની જવાબદારી લીધી નથી.

પોલીસના જણાવ્યા અનુસાર, વિસ્ફોટ ખૈબર પખ્તુનખ્વાના બાજૌર જિલ્લાના સલારઝાઈ તહસીલમાં તાલી બંદ નજીક થયો હતો.બે પીડિતોની ઓળખ સુલેમાન કારી અને ગુલામ તરીકે થઈ છે, બંને બાજૌર જિલ્લાના રહેવાસી છે. પોલીસે જણાવ્યું હતું કે વિસ્ફોટમાં બંને પુરુષો મૃત્યુ પામ્યા હતા, અને તેમના મૃતદેહને બાદમાં ખાર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

અધિકારીઓએ હજુ સુધી વિસ્ફોટની પ્રકૃતિ અથવા પીડિતોને ખાસ નિશાન બનાવવામાં આવ્યા હતા કે કેમ તે અંગે કોઈ ખુલાસો કર્યો નથી.

પોલીસે જણાવ્યું હતું કે વિસ્ફોટ સ્થળની નજીક હાજર એક સ્થાનિક નેતા ભાગ્યે જ બચી ગયો હતો અને તે ઘટનામાંથી બચી ગયો હતો.

વિસ્ફોટથી રહેવાસીઓમાં ગભરાટ ફેલાયો હતો, ઘટના બાદ તરત જ સુરક્ષા કર્મચારીઓ અને પોલીસ ઘટનાસ્થળે દોડી ગયા હતા. અધિકારીઓએ વિસ્તારને ઘેરી લીધો હતો અને સ્થળ પરથી પુરાવા એકત્રિત કરવાનું શરૂ કર્યું હતું.

પોલીસે જણાવ્યું હતું કે વિસ્ફોટનું ચોક્કસ કારણ જાણવા માટે તપાસ ચાલી રહી છે. તેમણે એ પણ પુષ્ટિ આપી હતી કે અત્યાર સુધી કોઈ જૂથે હુમલાની જવાબદારી લીધી નથી.

પાકિસ્તાનનો ઉત્તરપશ્ચિમ ખૈબર પખ્તુનખ્વા પ્રાંત તાજેતરના વર્ષોમાં દેશના સૌથી અસ્થિર પ્રદેશોમાંનો એક રહ્યો છે. આતંકવાદી પ્રવૃત્તિઓ, અફઘાનિસ્તાનથી લડવૈયાઓની સરહદ પારની હિલચાલ અને વારંવાર લશ્કરી કાર્યવાહીને કારણે આ પ્રાંત વારંવાર હિંસાની ઘટનાઓ જોઈ રહ્યો છે.

# ફ્યુઝન કલાસરૂમ એડયુટેક લિમિટેડ નો ipo ૩૧ જુલાઈ એ ખુલશે




## ફ્યુઝન કલાસરૂમ એડયુટેક લિમિટેડ દ્વારા કંપનીના ipo અંગે કરાઈ જાહેરાત

**ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ.૧૫૧થી રૂ.૧૫૯ રાખવામાં આવી છે બિડ લઘુતમ ૧૬૦૦ ઈક્વિટી શેર અને પછી ૮૦૦ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે.ઈશ્યુ ૩૧ જુલાઈ એ ખુલશે અને ૪ ઓગસ્ટ ના રોજ બંધ થશે. એન્કર ઈન્વેસ્ટર માટે બીડિંગ તારીખ ૩૦ જુલાઈ રહેશે.**

# બ્રાઝિલે બે યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના અમેરિકી અધિકારીઓને વિઝા આપવાનો ઈનકાર કર્યો

## બ્રાઝિલની રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા બ્રાઝિલિયા અને વોશિંગ્ટન વચ્ચેના તણાવમાં વધારો

બ્રાઝિલ

બ્રાઝિલે આગામી અઠવાડિયે દેશની મુલાકાત લેવાના હતા તેવા બે યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના અધિકારીઓને વિઝા આપવાનો ઈનકાર કર્યો છે, જે બ્રાઝિલની રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા બ્રાઝિલિયા અને વોશિંગ્ટન વચ્ચેના તણાવમાં તાજેતરની વૃદ્ધિ દર્શાવે છે.

વેપાર, ચૂંટણી સંબંધિત ચિંતાઓ અને બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધો પર વધતા ઘર્ષણ વચ્ચે આ ઘટના બની છે.

બે યુએસ અધિકારીઓએ પ્રવેશ આપવાનો ઈનકાર કર્યો

બ્રાઝિલના વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના સહાયક સચિવ રાયલી એમ. બાર્ન્સ અને ડેપ્યુટી આસિસ્ટન્ટ સેક્રેટરી સેમ્યુઅલ સેમસનએ ૨૦ જુલાઈના રોજ વિઝા માટે અરજી કરી હતી. તેમની વિનંતીઓ શુક્રવારે નકારી કાઢવામાં આવી હતી.

મંત્રાલયે નિર્ણયની પુષ્ટિ કરી હતી, પરંતુ તેણે વિઝા નકારવાના કારણો જાહેર કર્યા ન હતા.

ધ વોશિંગ્ટન પોસ્ટે અહેવાલ આપ્યો હતો કે બ્રાઝિલની સરકાર માને છે કે અધિકારીઓ ઓક્ટોબરમાં યોજાનારી દેશની રાષ્ટ્રપતિની ચૂંટણી પર શંકા વ્યક્ત કરવાનો ઈરાદો ધરાવે છે તે પછી આ મુદ્દો પ્રકાશમાં આવ્યો હતો.

અમેરિકા કહે છે કે મુલાકાત નિયમિત હતી આ ઘટનાક્રમના પ્રતિભાવમાં, યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે જણાવ્યું હતું કે બાર્ન્સ અને સેમસન ૨૭ થી ૩૦ જુલાઈ દરમિયાન બ્રાઝિલિયાની મુલાકાત લેવાનું આયોજન કરી રહ્યા હતા.

વિભાગ અનુસાર, અધિકારીઓ ચૂંટણીની અખંડિતતા, ધાર્મિક સ્વતંત્રતા અને અભિવ્યક્તિની સ્વતંત્રતા અંગે ચર્ચા કરવા માટે સરકારી પ્રતિનિધિઓ, ધાર્મિક નેતાઓ અને નાગરિક સમાજના સભ્યોને મળવાના હતા. રાજકીય દખલગીરીના આરોપોને નકારી કાઢતા, સ્ટેટ ડિપાર્ટમેન્ટે આ મુલાકાતને નિયમિત ગણાવી અને કહ્યું: "લોકશાહી રાષ્ટ્રની ચૂંટણીને નબળી પાડવાના કોઈપણ કાવતરાનો ઉલ્લેખ પાયાવિહોણો જૂઠાણું છે.

# કાળા સમુદ્રમાં વધતા મિસાઈલ અને ડ્રોન હુમલાઓ વચ્ચે ભારતની જહાજો પર કામ કરતા નાગરિકો માટે એડવાયઝરી

નવી દિલ્હી,

વિદેશ મંત્રાલય (MEA) એ કાળા સમુદ્રના ક્ષેત્રમાં કાર્યરત અથવા ત્યાંથી પસાર થતા વાણિજ્યિક જહાજોમાં કાર્યરત ભારતીય નાગરિકો માટે સુરક્ષા સલાહકાર જારી કર્યો છે, જેમાં ચાલુ સંઘર્ષ વચ્ચે મિસાઈલ અને ડ્રોન હુમલાઓના વધતા જોખમોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કાળા સમુદ્રમાં રશિયન પ્રાદેશિક પાણીમાં પસાર થતા વાણિજ્યિક જહાજો પર થયેલા હુમલામાં પાંચ ભારતીય નાગરિકોના મોત થયા બાદ આ સલાહકાર રજૂ કરવામાં આવ્યો છે.

સલાહકારમાં જણાવાયું છે કે કાળા સમુદ્ર અને તેની આસપાસના દરિયાઈ વિસ્તારોમાં અને તેની આસપાસ સુરક્ષા પરિસ્થિતિ "અત્યંત અસ્થિર" રહે છે. "ચાલુ સંઘર્ષને કારણે કાળો સમુદ્ર અને તેની આસપાસના દરિયાઈ વિસ્તારોમાં અને તેની આસપાસ સુરક્ષા પરિસ્થિતિ અત્યંત અસ્થિર રહે છે. આ પાણીમાં કાર્યરત અથવા ત્યાંથી પસાર થતા વાણિજ્યિક જહાજો મિસાઈલ અને ડ્રોન હુમલા સહિત નોંધપાત્ર સુરક્ષા જોખમોનો સામનો કરી રહ્યા છે. એપ્રિલ ૨૦૨૬ થી, વાણિજ્યિક જહાજો પર આવી ઘટનાઓમાં વધારો થયો છે, જેના પરિણામે ૫ ભારતીયોના જીવ ગયા છે," સ્ઈછ એ એક નિવેદનમાં જણાવ્યું હતું.

સ્ઈછ એ સંઘર્ષગ્રસ્ત પ્રદેશમાં કાર્યરત જહાજોમાં રોજગાર વિચારતા ભારતીય નાગરિકોને સલાહ આપી હતી કે આવી સોંપણીઓ સ્વીકારતા પહેલા પ્રવર્તમાન સુરક્ષા જોખમોનું કાળજીપૂર્વક મૂલ્યાંકન કરે.

આ પ્રદેશમાં કામ કરવાનું પસંદ કરનારાઓને અત્યંત સાવધાની રાખવાની સલાહ આપવામાં આવી છે અનેઃ

નિયોક્તા/ભરતી એજન્સીઓ અને જહાજ સંચાલકો પાસેથી જહાજના ઈચ્છિત રૂટ, કોલ બંદરો, સુરક્ષા વ્યવસ્થા, વીમા કવરેજ અને કટોકટી પ્રતિભાવ પ્રક્રિયાઓ અંગે વ્યાપક માહિતી મેળવો. ખાતરી કરો કે રોજગારની શરતો લાગુ આંતરરાષ્ટ્રીય દરિયાઈ ધોરણોનું પાલન કરે છે અને કટોકટીની સ્થિતિમાં તબીબી સંભાળ, સ્થળાંતર, સ્વદેશ પરત ફરવા અને વળતર માટે પૂરતી જોગવાઈઓ પૂરી પાડે છે.પરિવારના સભ્યોને તમારા પ્રવાસ કાર્યક્રમ વિશે માહિતગાર રાખો અને નિયમિત સંપર્ક જાળવી રાખો.

મેરીટાઈમ એડમિનિસ્ટ્રેશનના મહાનિર્દેશાલય અને ભારત સરકારના અન્ય સંબંધિત અધિકારીઓ દ્વારા જારી કરાયેલી સલાહ તેમજ જહાજ સંચાલકો અને સક્ષમ દરિયાઈ અધિકારીઓ દ્વારા જારી કરાયેલી સલામતી સૂચનાઓનું નિયમિતપણે નિરીક્ષણ કરો અને તેનું પાલન કરો.

આ સલાહકારમાં ૨૩ જુલાઈ, ૨૦૨૬ ના રોજ બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય હેઠળના મેરીટાઈમ એડમિનિસ્ટ્રેશનના મહાનિર્દેશાલય દ્વારા જારી કરાયેલી તાજેતરની સુરક્ષા સલાહનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

સ્ઈછ દ્વારા કટોકટી સંપર્ક નંબરો જારી કરવામાં આવ્યા છે

કોન્સ્યુલર સહાયની જરૂર હોય તેવા ભારતીય નાગરિકોને પ્રદેશમાં ભારતીય મિશનનો સંપર્ક કરવાની સલાહ આપવામાં આવી છે. ઈમરજન્સી સંપર્ક નંબરોઃ

ભારત, રશિયાનું દૂતાવાસઃ +૭ ૯૬૫૨૭૭૩૪૧૪

ભારત, યુક્રેનનું દૂતાવાસઃ +૩૮ ૦૯૩૩૫૫૯૯૫૮

કાળો સમુદ્રમાં પાંચ ભારતીયોના મોત એમઈએ અનુસાર, ૧૮ જુલાઈના રોજ કાળા સમુદ્રમાં રશિયન પ્રાદેશિક પાણીમાં પસાર થઈ રહેલા એક વાણિજ્યિક જહાજ પર થયેલા હુમલામાં એક ભારતીય નાગરિકનું મોત થયું હતું.

# મારી શ્રેષ્ઠ ક્ષમતા મુજબ કામ કરીશ : નવા કાર્યકારી શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશી

## ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાના એક દિવસ પછી પ્રહલાદ જોશીએ કાર્યકારી શિક્ષણ મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો



નવી દિલ્હી,

સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓ અંગે દેશભરમાં વિરોધ પ્રદર્શનો વચ્ચે ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપ્યાના એક દિવસ પછી, રવિવારે (૨૬ જુલાઈ) ભાજપના વરિષ્ઠ નેતા પ્રહલાદ જોશીએ કેન્દ્રીય શિક્ષણ પ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળ્યો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પ્રધાનનું રાજીનામું સ્વીકાર્યા બાદ શનિવારે જોશીને વચગાળાના કેન્દ્રીય શિક્ષણ પ્રધાન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

ગ્રાહક બાબતોના મંત્રી તરીકેની ભૂમિકા ઉપરાંત પ્રહલાદ જોશીને શિક્ષણ મંત્રાલયનો વધારાનો કાર્યભાર સોંપવામાં આવ્યો છે.

કોકરોચ જનતા પાર્ટી (CJP) ની આગેવાની હેઠળ દેશવ્યાપી વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન બાદ, દ્ગઈઈ્ પેપર લીક વિવાદ પર પ્રદર્શનકારીઓએ તેમને હટાવવાની માંગ કરી હતી, પ્રધાને શનિવારે તેમના પદ પરથી રાજીનામું આપ્યું હતું.

રાજીનામા પત્રમાં પ્રધાને કહ્યું હતું કે તેમનો નિર્ણય "વ્યક્તિગત પ્રતિષ્ઠા" વિશે નથી અને છેલ્લા ૧૦ દિવસમાં બનેલી શ્રેણીબદ્ધ ઘટનાઓ પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે તેઓ વિવાદની આસપાસના વિકાસથી ખૂબ જ વ્યથિત છે.

'નમ્રતાથી તેનો સ્વીકાર કરો': પ્રહલાદ જોશી

નિયુક્તિ માટે વડા પ્રધાનનો આભાર વ્યક્ત કરતા, જોશીએ અપડેટ શેર કરવા માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર ગયા. "આજે, મેં કેન્દ્રીય શિક્ષણ મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે. મારામાં વિશ્વાસ મૂકવા અને મને આ જવાબદારી સોંપવા બદલ હું માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીનો આભારી છું," મંત્રીએ કહ્યું. "હું નમ્રતા અને કર્તવ્યની ઊંડી ભાવનાથી તેનો સ્વીકાર કરું છું," તેમણે ઉમેર્યું.

પ્રહલાદ જોશીએ કહ્યું કે તેઓ વચગાળાના શિક્ષણ મંત્રી તરીકે નિયુક્ત કરવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર માને છે, અને કહ્યું કે તેઓ ફરજ અને નમ્રતાથી આ જવાબદારી સ્વીકારે છે. તેમણે એમ પણ કહ્યું કે મોદી સરકારે છેલ્લા ૧૨ વર્ષમાં ઘણા ઐતિહાસિક નિર્ણયો લીધા છે.

"છેલ્લા ચારથી પાંચ વર્ષમાં, ધર્મેન્દ્ર પ્રધાને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પણ લાગુ કરી, અને ઘણી મહત્વપૂર્ણ પહેલો હાથ ધરવામાં આવી. દેશે નવી શિક્ષણ પ્રણાલીમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે.

# ગુલાબનગર નજીકની સોસાયટીના રહેણાંક વિસ્તારમાંથી ગેરકાયદે કતલખાનું ઝડપાયું

## સ્થાનિકોની રજુઆત બાદ પોલીસ ટુકડી દોડી જતા મકાનમાંથી મીટ અને સાધનો મળી આવ્યા





તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં રાજ પાર્ક પાછળ આવેલી શિવનગર સોસાયટીમાં રહેણાંક મકાનમાં ગેરકાયદે કતલખાનું ચલાવવામાં આવતું હોવાનો પર્દાફાશ થતાં વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે. સ્થાનિકોની ફરિયાદના આધારે જીવદયા પ્રેમીઓ અને પોલીસની ટીમે સંયુક્ત કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ, છેલ્લા કેટલાક સમયથી વિસ્તારમાં દુર્ગંધ ફેલાતી હોવા ઉપરાંત ભૂંડની કતલ થતી હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી હતી. સ્થાનિકોની રજૂઆત બાદ જીવદયા પ્રેમીઓ પોલીસ સાથે સ્થળ પર પહોંચ્યા હતા. પોલીસની હાજરીમાં મકાનની તપાસ દરમિયાન અંદર ભૂંડની કતલ કરવામાં આવતી હોવાનું બહાર આવ્યું હતું. સ્થળ પરથી કતલ માટે વપરાતા સાધનો સહિતના કેટલાક પુરાવા પણ મળી આવ્યા હોવાનું જાણવા મળે છે.

પ્રાથમિક તપાસ દરમિયાન સંચાલકો દ્વારા જામનગર મહાનગરપાલિકામાં કરાયેલી અરજીની નકલ રજૂ કરી કામગીરીને યોગ્ય ઠેરવવાનો પ્રયાસ કરાયો હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. જોકે રહેણાંક વિસ્તારમાં આ પ્રકારની પ્રવૃત્તિ ચલાવી શકાય કે નહીં તે અંગે પોલીસ અને સંબંધિત વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

જીવદયા પ્રેમીઓએ જણાવ્યું હતું કે રહેણાંક વિસ્તારમાં ગેરકાયદે કતલખાનું ચલાવવાથી સ્થાનિકોના આરોગ્ય પર ગંભીર અસર પડી શકે છે તેમજ સ્વચ્છતા અને જાહેર આરોગ્યના નિયમોનો પણ ભંગ થાય છે. તેથી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

પોલીસે સમગ્ર મામલે જરૂરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે અને ગેરકાયદે કતલખાનું ચલાવવામાં કોઈ નિયમોનો ભંગ થયો છે કે કેમ તે સહિતના તમામ પાસાઓની તપાસ હાથ ધરી છે. ઘટનાને પગલે શિવનગર સોસાયટી સહિત આસપાસના વિસ્તારમાં ભારે ચર્ચા જાગી છે.

## ભુંડનું કતલ કરી માંસનું વેચાણ કરતા શખ્સ સામે ગુનો

જામનગર : ગુલાબનગર-વિભાપર ઢાળીયા વિસ્તારમાં ભુંડનું કતલ કરી ગેરકાયદેસર રીતે તેનું માંસ વેચાતું હોવાની ફરિયાદના આધારે એક શીખ શખ્સ સામે ગુનો નોંધાયો છે.

આ અંગે વછરાજ ગૌશાળામાં છેલ્લા પંદરેક વર્ષથી જીવદયાના કાર્ય સાથે જોડાયેલા ધવલભાઈ નરેન્દ્રભાઈ રાવલએ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, ગઈકાલે સવારે તેમને અજાણ્યા વ્યક્તિનો ફોન આવ્યો હતો કે ગુલાબનગર વિભાપર ઢાળીયા વિસ્તારમાં શિવનગર સોસાયટી શેરી નં. ૧ નજીક આવેલી એક ઓરડીમાં રહેતો શીખ વ્યક્તિ ભુંડનું કતલ કરીને તેનું માંસ ગેરકાયદેસર રીતે વેચાણ કરે છે. આ માહિતી મળતા ધવલભાઈ તેમના મિત્ર હિરેનભાઈ દિલીપભાઈ ઝાલા સાથે સ્થળે પહોંચ્યા હતા. જ્યાંથી બળેલી હાલતમાં ભુંડ, માંસના કટકા, હાડકાના અવશેષો, લોહીના નિશાન તેમજ કતલ માટે વપરાતા સાધનો જોવા મળ્યા હતા. પૂછપરછ દરમિયાન આરોપીનું નામ સોરણસિંહ રતનસિંહ સરદારજી (ટાંક), રહે. ગુલાબનગર-વિભાપર ઢાળીયો, શિવનગર સોસાયટી શેરી નં. ૧, જામનગર હોવાનું જાણવા મળ્યું હતું. બાદમાં મહાનગરપાલિકાના ફૂડ વિભાગને જાણ કરવામાં આવતા ફૂડ ઈન્સ્પેક્ટર એન.પી. જાસોલીયા તથા હરપાલભાઈ ડી. ભાટીયા સ્થળ પર પહોંચ્યા હતા અને શંકાસ્પદ માંસના નમૂનાઓ તપાસ અર્થે કબજે લીધા હતા. ફરિયાદના આધારે આરોપી સોરણસિંહ રતનસિંહ સરદારજી સામે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ દ્વારા સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# જામજોધપુરમાં એગ્રી સીડ્સ યુનિટના સંચાલક ઉજ્જૈન ગયા'ને પાછળથી તસ્કરોનો હાથફેરો

## શટરનું તાળું તોડી ઘૂસેલા તસ્કરોએ રૂ.૧.૮૦ લાખની રોકડ ઉસેડી ગયા : અન્ય બે શોરૂમમાં પણ ચોરીનો પ્રયાસ,

જામનગર : જામનગર જિલ્લાના જામજોધપુર શહેરના ગીંગણી રોડ પર આવેલા ખેતી વિષયક બીયારણ ઉત્પાદન તથા પ્રોસેસિંગ તથા પેકિંગ યુનિટને તસ્કરોએ નિશાન બનાવી ખાતર પાડતા સ્થાનિક વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે. તસ્કરોએ ટેબલમાં હાથફેરો કરી ખા નામાં પડેલા રૂ.૧.૮૦ લાખની રકમ ઉસેડી જતા પોલીસે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

જામજોધપુરના ગાયત્રી નગર ગાયત્રી મંદીર પાછળ રહેતા અને કલસ સર્કલ પાસે આવેલા અમર એગ્રી સીડ્સના પ્રોસેસિંગ યુનિટના સંચાલક અતુલભાઈ જેન્તીભાઈ જાવીયાએ સતાપર ગામના વેપારીના મગફળીના ચૂકવણી પેટેની રૂ.૧.૮૦ લાખની રકમ ઘરેથી લાગી ઓફિસના ટેબલના ખાનામાં મૂકી હતી. ત્યારબાદ તેઓ પરિવાર સાથે ઉજ્જૈન ગયા હતા. પાછળથી ત્રાટકેલા તસ્કરોએ ઓફિસનું આગળનું શટર તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને ખાનાંમાં પડેલી રકમની ચોરી કરી હતી. તા. ૨૩ જુલાઈએ મેનેજરે ફોન કરીન રૂ. ૧.૮૦ લાખની રોકડ રકમ ગુમ હોવાનું ફરિયાદીને જણાવ્યું હતું. યુનિટના સીસીટીવી કેમેરા પણ ખરાબ હાલતમાં હોવાથી કોઈ ફૂટેજ મળી શક્યું નહોતું.

એટલું જ નહીં, નજીકમાં આવેલા એક હોન્ડાના શોરૂમ અને રેફ્રિજરેટરની દુકાનમાં પણ અજાણ્યા તસ્કરોએ ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે ત્યાંથી કોઈ માલમત્તાની ચોરી થઈ નહોતી. સમગ્ર મામલે જામજોધપુર પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### દેવભૂમિ જિલ્લામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર અનઅધિકૃત બાંધકામો, પ્રવેશ માર્ગો, મિડીયનગેપ સહિતના અવરોધો દૂર કરાશે

# દ્વારકા નજીક હાઈવે પરના ગેરકાયદેસર દબાણો દૂર કરવાનો પ્રારંભ

## નેશનલ હાઈ-વે ઓથોરીટી દ્વારા સંબંધીતોને નોટીસો બાદ ચુસ્ત બંદોબસ્ત હેઠળ બરડીયાથી દબાણ હટાવ કામગીરી શરુ



દ્વારકાઃ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ એન.એચ.-૧૫૧એ અને એન.એચ.-૫૧ ની "રાઈટ ઓફ વે" માં આવેલા તમામ અનધિકૃત દબાણો, ગેરકાયદેસર બાંધકામો, મંજૂરી વિના બનાવવામાં આવેલા પ્રવેશ માર્ગો, અનધિકૃત મીડિયન ગેપ તથા અન્ય તમામ પ્રકારના અવરોધોને દૂર કરવા માટેની કામગીરીનો આજથી પ્રારંભ કરવામાં આવ્યો છે.

નેશનલ હાઈ-વે ઓથોરિટી દ્વારા હાઈ-વે પર દબાણકર્તાઓને નોટિસો બાદ આજે બરડીયા નજીકથી દબાણ હટાવ કામગીરી શરૂ કરવામાં આવી છે. જેમાં ટ્રાફિકને અડચણરૂપ દબાણો અને હાઈવેના ગેપ બંધ કરવાની શરૂઆત કરાઈ હતી. ટ્રાફિકને નડતા દબાણો અંગે ૧૫૨ જેટલા આસામીઓને નોટિસો આપી કામગીરી શરૂ કરાઇ છે સાઈટ એન્જિનિયરની આગેવાનીમાં જિલ્લા વહીવટીતંત્ર અને પોલીસ તંત્રના સહયોગથી આજે સવારથી વિશેષ અમલીકરણ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં નાના મોટા અડચણ રૂપ દબાણો દ્વારકાથી પવિત્ર ધામ હરસિદ્ધિ માતાના મંદિર સુધી કાર્યવાહી કરવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નેશનલ હાઈવે ઓથોરિટીની પ્રથમ વખત આ પ્રકારની કડક કાર્યવાહીથી દબાણ કરતાં આસામીઓમાં ફફડાટ સાથે દોડધામ પ્રસરી જવા પામી છે.

જાણકારો કહે છે દ્વારકા શહેરમાં આવી જ કામગીરીની તાતી જરૂરિયાત એટલે માટે છે કે ઠેર ઠેર સ્થાયી અસ્થાયી દબાણો કાચા પાકા મકાનો દુકાનો અને કોમર્શીયલ એકમોમાં થયેલ અનધિકૃત બાંધકામો ક્યારેક મોટો અકસ્માત નોતરશે.

# જામનગરના રાજવી જામસાહેબના ટ્રસ્ટમાં પગાર બિલમાં ગોટાળા કરી રૂપિયા ૧૮.૩૦ લાખની ઉચાપત

## જામ ધર્માદા ટ્રસ્ટમાં કામ કરતા એકાઉન્ટન્ટે ખોટા પગારબિલ બનાવી લાખો રૂપિયા પોતાના અને પત્નીના ખાતામાં ટ્રાન્સફર કર્યાનો આરોપ

જામનગર : જામનગરના રાજવીના જામસાહેબના જામધર્માદા ટ્રસ્ટમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા આરોપીએ ટ્રસ્ટમાં પગારબિલમાં ગોટાળા કરી રૂ.૧૮.૩૦ લાખનો ગુનાહિત વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ નોંધાઇ છે. આરોપીએ પગારબિલમાં વધુ રકમ દર્શાવી અને ચેકોમાં કથિત રીતે ફેરફાર કરીને આશરે રૂ.૧૮.૩૦ લાખ પોતાના તથા પત્નીના બેંક ખાતામાં ટ્રાન્સફર કરી લીધાના આરોપ સાથે મામલો પોલીસ મથકમાં પહોંચતા ખળભળાટ મચી ગયો છે. જામસાહેબના અંગત મદદનીશની ફરિયાદના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

શહેરના પંચવટી સોસાયટી, ગૌશાળા પ્લોટ નજીક રહેતા અને જામસાહેબના અંગત મદદનીશ એવા નરેન્દ્રસિંહ માનસિંહ જાડેજા (ઉ.વ.૬૦)એ ટ્રસ્ટના એકાઉન્ટન્ટ એવા આરોપી આંનદ બાબુભાઇ પરમાર (રહે.પંચેશ્વરટાવર પાસે, જામનગર) સામે નોંધાવેલી ફરિયાદ અનુસાર આરોપી આંનંદ છેલ્લા સાત વર્ષથી જામ ધર્માદા ટ્રસ્ટમાં નોકરી કરતો હતો અને તેનું કામ કર્મચારીઓના પગારબીલ બનાવી જામસાહેબને આપી તેઓની મંજુરી બાદ પગારની રકમ મુજબ ચેક બેંકમાં જમા કરાવવા, જામસાહેબએ ટ્રસ્ટના કામ માટે કોઈ લેવડ-દેવડ કરી હોય તેના બીલ બનાવી જામસાહેબને આપી ત્યારબાદ તે ચેકમાં જમા કરાવવા સહિતની કામગીરી કરતો હતો.

આરોપીએ ટ્રસ્ટના તમામ કર્મીઓના પગારબીલ બનાવી તેમાં વર્ષ ૨૦૨૩ થી ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીના સમયગાળા દરમિયાન પગારબીલ કરતા વધુ રકમ દર્શાવી અને તેમાં પોતાના તથા તેમની પત્નીના ટુંકા નામ દર્શાવી વિશ્વાસઘાત કર્યો હતો. આરોપીએ પગારબીલમાં વધુ રકમ દર્શાવી ચેકોમાં પગાર કરતા વધુ રકમ ભરી જામસાહેબની જાણ બહાર સહી લઈ પોતાના બેંક એકાઉન્ટમાં પોતાના પગાર કરતા વધુ રકમ મેળવી તેના અને તેની પત્નીના ખાતામાં મળી આશરે રૂ.૧૮.૩૦ લાખ ટ્રાન્સફર કરી લીધા હતા.

પગારબીલમાં વધુ રકમ હોવાનું જામસાહેબને ધ્યાનમાં આવતા ટ્રસ્ટ અને પોતાના પર્સનલ ખાતાના બેંક સ્ટેટમેન્ટો ચેક કર્યા હતા. જેમાં આરોપીએ કટકે-કટકે રૂ. ૧૦.૮૦ લાખ જેટલી રકમ તેમના ખાતામાં ટ્રાન્સફર કર્યાનું ખૂલ્યું હતું. આ ઉપરાંત આંનંદએ તેમના કર્મચારી એકાઉન્ટમાં આશરે રૂ.૭.૫૦ લાખની રકમ ભરી તેમના ખાતામાં જમા કરાવી લીધા હતા. જેના આધારે પોલીસે આરોપી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ખંભાળિયાના રિક્ષાચાલકે વ્યાજખોરોના ત્રાસથી કંટાળી ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું

## સુસાઇડ નોટમાં બે શખ્સોના નામ લખી પૈસા માટે હેરાન કરતા હોવાનો આક્ષેપ

જામનગર : ખંભાળિયાના એક રિક્ષાચાલકે વ્યાજખોરોના સતત માનસિક ત્રાસથી કંટાળી ઝેરી દવા પી આત્મહત્યા કરી લીધી હોવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. મૃતકની રિક્ષામાંથી મળી આવેલી સુસાઇડ નોટના આધારે બે શખ્સો સામે ગુનો નોંધાવી જામનગર રેલવે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ ખંભાળિયાના સલાયા નાકા વિસ્તારમાં રહેતા હસન સિકંદરભાઈ શેખે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તેમના પિતા સિકંદરભાઈ લતીફભાઈ શેખ (૪૫), વ્યવસાયે રિક્ષાચાલક, ગત તા. ૯ જુલાઈએ મિલન ચાર રસ્તા નજીક બેભાન હાલતમાં મળી આવ્યા હતા. તેમને પ્રથમ ખંભાળિયાની સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તા. ૧૪ જુલાઈના રોજ તેમનું મૃત્યુ થયું હતું. તબીબોએ ઝેરી દવા પીધાની અસર હોવાનું જણાવ્યું હતું.

અંતિમવિધિ પૂર્ણ થયા બાદ મૃતકની રિક્ષામાંથી એક સુસાઇડ નોટ મળી આવી હતી. તેમાં ગોપાલસિંહ જાડેજા અને જયપાલસિંહ નામના બે વ્યક્તિઓ પૈસા માટે હેરાન કરતા હોવાથી ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. સાથે જ પત્ની દિલશાદબેન, માતા-પિતા અને સંતાનોની માફી માંગતો ભાવુક સંદેશ પણ લખેલો હતો.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે મૃત્યુના આગલા દિવસે સિકંદરભાઈએ પુત્રાને જણાવ્યું હતું કે તેમણે રૂ. ૧૦,૦૦૦ વ્યાજે લીધા હતા અને છેલ્લા બે-ત્રણ મહિનાથી વ્યાજ ભરાઈ ન શકતાં તેમને સતત હેરાન કરવામાં આવતા હતા તેમજ રિક્ષા છીનવી લેવાની ધમકી આપવામાં આવતી હતી. બનાવના દિવસે સવારે પણ એક અજાણ્યો વ્યક્તિ તેમના ઘરે આવી સિકંદરભાઈ અંગે પૂછપરછ કરી ગયો હતો.

મૃતકના મિત્ર પરેશભાઈ ત્રવાડીએ પરિવારને જણાવ્યું હતું કે સિકંદરભાઈએ ગોપાલસિંહ પાસેથી અલગ-અલગ સમયે આશરે રૂ. ૫૦,૦૦૦ માસિક દસ ટકા વ્યાજે લીધા હતા. જ્યારે અન્ય મિત્ર સુલતાનભાઈ મારફતે જયપાલસિંહ પાસેથી રૂ. ૧૦,૦૦૦ માસિક દસ ટકા વ્યાજે લીધા હોવાનું પણ સામે આવ્યું છે. આર્થિક દબાણ અને સતત માનસિક ત્રાસથી કંટાળી સિકંદરભાઈએ આ પગલું ભર્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ ફરિયાદના આધારે જામનગર રેલવે પોલીસે બંને આરોપીઓ સામે આત્મહત્યા માટે દુષ્પ્રેરણાનો ગુનો નોંધી વધુ તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એચ.વી. ડોડીયાને સોંપી છે.

## હાલારમાં ચાંદીપુરાનો વધુ એક શંકાસ્પદ કેસ, ત્રણ બાળદર્દીને સઘન સારવાર

જામનગર : જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગત સપ્તાહએ ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ કેસો સામે આવતાં જી.જી. હોસ્પિટલના બાળ વિભાગમાં ખાસ વોર્ડ બનાવી સંબંધીત દર્દીઓને સઘન સારવાર શરુ કરવામાં આવી હતી. જે દરમિયાન ચાંદીપુરાના શંકાસ્પદ છ દર્દીઓ પૈકી દેવભૂમિ દ્વારકા જિલ્લાના ત્રણ અને જામનગરની એક બાળકી સહિત ચારના સારવારમાં મૃત્યુ નિપજ્યા હતાં. જો કે, મૃતકો સહિત તમામ છ દર્દીના રિપોર્ટ નેગેટીવ આવ્યા હતાં. જે દરમિયાન ચાંદીપુરાનો વધુ એક શંકાસ્પદ કેસ સામે આવતાં લોહી સહિતના જરુરી નમુનાઓ મેળવી પૃથ્થકરણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

હાલ જી.જી. હોસ્પિટલના ખાસ વોર્ડમાં નેગેટીવ રિપોર્ટ મળેલા શહેર-જિલ્લાના બે દર્દી ઉપરાંત નવા શંકાસ્પદ દર્દીને નિષ્ણાંત તબીબો દ્વારા સઘન સારવાર આપવામાં આવી રહી છે. હાલારમાં સાત શંકાસ્પદ પૈકી છ દર્દીઓના રિપોર્ટ નેગેટીવ આવી ચૂક્યા હતાં. જ્યારે નવા શંકાસ્પદ દર્દીનો રિપોર્ટ સંભવતઃ કાલે આવશે.

# દ્વારકાની હોટલમાં જશાપરના યુવકે અકળકારણોસર ગળેફાંસો ખાધો

## આપઘાતનું કારણ અકબંધઃ પોલીસે સ્થળપર દોડી જઈ વધુ તપાસ આરંભી

દ્વારકા શહેરમાં આવેલી એક હોટલના રૂમમાં જોડિયા પંથકના યુવાને કોઈ અગમ્ય કારણસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા મૃતકના પરિવાર, મિત્ર - મંડળ અને સંબંધીઓમાં ભારે ગમગીની છવાઈ ગઈ છે. આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ સ્ટાફ સ્થળપર દોડી ગયો હતો અને કારણ જાણવા સહિતની ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે જોડિયા તાલુકાના જશાપર ગામે રહેતા અંકુર કરશનભાઈ પનારા નામના ૩૩ વર્ષના યુવાને ગત તા. ૨૫ ના રોજ દ્વારકા શહેરમાં રબારી ગેટ પાસે આવેલી હોલી ડે આઈકોન હોટલના રૂમ નંબર ૪૦૬ માં પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઈ લેતા અરેરાટી પ્રસરી ગઈ છે. આ બનાવ અંગે ગામના જ ધવલભાઈ કિશોરભાઈ ઘેટીયાએ દ્વારકા પોલીસ દફતરે જાણ કરતા હે. કો. રાજદીપસિંહ જાડેજા સહિતનો પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને યુવાનના મૃતદેહનો કબ્જો મેળવી પીએમ અર્થે હોસ્પિટલ ખાતે મોકલી આપી કાર્યવાહી આરંભી હતી.

# રાજકોટના જમીન-મકાનના ધંધાર્થીને જામનગરના મિત્રનો ભરોસો કરવો ભારે પડ્યો

## ગરબાના આયોજનના નામે ખંખેરેલા ૭.૫૦ લાખ પરત આપવાને બદલે ૧૫ લાખની ખંડણી માંગી : કેસ પાછો ખેંચી લેવા બદનામ કરવાની ધમકી આપી

જામનગર : રાજકોટના જમીન-મકાનના ધંધાર્થીને નવરાત્રિના આયોજનમાં ભાગીદારીના નામે બાટલીમાં ઉતારી જામનગરના શખ્સે રૂ.૧૨.૫૦ લાખ ખંખેરી લીધા બાદ ૫ લાખ પરત આપ્યા હતા અને બાકીની રકમ ચાઉ કર્યાનો મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. આ મામલે કરેલી ચેક રિટર્નની ફરિયાદ ખેંચી લેવાનું કહી આરોપીએ વધુ રૂ. ૧૫ લાખની ખંડણી માંગી પોતાની યુટ્યુબ ચેનલથી બદનામ કરવાની અને મારી નાખવાની ધમકી આપતા ચકચાર મચી છે.

રાજકોટના વાવડી વિસ્તારમાં રહેતા અને શ્રી કૃષ્ણ પ્રોપર્ટીના નામે જમીન-મકાન લે વેંચનું કામ કરતા અર્જુનભાઈ રણધીરભાઈ ડવએ જામનગરના સંજયભાઈ ચેતરીયા નોંધાવેલી ફરિયાદ અનુસાર જામનગર ખાતે એક સામાજિક પ્રસંગમાં આરોપી સંજય સાથે ફરિયાદીને ઓળખાણ બાદ મિત્રતા થઈ હતી. બાદમાં આરોપી સંજય અને ફરિયાદી અર્જુનભાઈને જામનગરમાં મુલાકાત થઈ ત્યારે સંજયે નવરાત્રિના આયોજનમાં સારા રૂપિયા મળવાની અને પોતાને આયોજન અર્થે ભાગીદારની જરૂર હોવાનું જણાવ્યું હતું.

બંને વચ્ચે નક્કી થયા બાદ વર્ષ ૨૦૨૩ માં નવરાત્રી દરમિયાન રાજકોટ નજીક વીરાવાજડી ખાતે ગરબીના આયોજનનું જણાવી આરોપીએ કેટકે કટકે રૂ. ૧૨.૫૦ લાખ લઈ લીધા હતા અને નવરાત્રીનું આયોજન પણ કર્યું ન હતું. ફરિયાદીએ તપાસ કરતાં ગાયક કલાકારો, પાર્ટી પ્લોટ સંચાલકો તથા અન્ય આયોજકોને પણ કોઈ ચુકવણી કરવામાં આવી ન હોવાનું જાણવા મળ્યું હતું. આથી ફરિયાદીને શંકા જતા તેઓએ પોતાના રૂપિયાની ઉઘરાણી કરતા આરોપીએ માત્ર રૂ. ૫ લાખ પરત આપ્યા અને બાકીના રૂપિયા નવરાત્રિ પછી આપી દેવાની વાત કરી હતી. જે આજ સુધી આપ્યા ન હતા અને બાકીની રકમની ચૂકવણી પેટે બે ચેક આપ્યા હતા, જે બાઉન્સ થતાં કોર્ટમાં ફરિયાદ કરી હતી.

આ વાત આરોપીને પસંદ ન આવતા તેને કેસ પરત ખેંચવા દબાણ કરી, પોતાની યુટ્યુબ ચેનલ પર ખોટા વીડિયો બનાવી બદનામ કરવાની, ધંધાને આર્થિક નુકસાન પહોંચાડવાની ધમકી આપી અને વધુ રૂ.૧૫ લાખની માંગણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે. જેના આધારે પોલીસે ગુનો દાખલ કરી તપાસ આરંભી છે.

# જયા પાર્વતી વ્રત નિમિત્તે મહિલાઓએ દ્વારા સામૂહિક પૂજન



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં જયા પાર્વતી વ્રતના પાવન અવસરે શહેરમાં વિવિધ સ્થળોએ મહિલાઓ અને કુમારિકાઓએ શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે સામૂહિક પૂજા-અર્ચના કરી હતી. વહેલી સવારથી જ વ્રતધારી બહેનો પરંપરાગત વેશભૂષામાં પૂજાસ્થળે એકત્ર થઈ ભગવાન શિવ અને માતા પાર્વતીની વિધિવત્ પૂજા કરી હતી. પૂજારીના વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂજનવિધિ સંપન્ન કરવામાં આવી હતી. વ્રતધારી બહેનોએ ફૂલ, ફળ, નૈવેદ્ય અને પૂજાની સામગ્રી અર્પણ કરી અખંડ સૌભાગ્ય, સુખ-સમૃદ્ધિ, સારા જીવનસાથી તેમજ પરિવારના સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. પૂજન બાદ આરતી અને પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. જયા પાર્વતી વ્રત હિંદુ પરંપરામાં વિશેષ ધાર્મિક મહત્ત્વ ધરાવે છે. ખાસ કરીને કુમારિકાઓ ઈચ્છિત જીવનસાથીની પ્રાપ્તિ માટે અને પરણિત મહિલાઓ પતિના દીર્ઘાયુષ્ય તથા પરિવારના સુખ-સમૃદ્ધિ માટે આ વ્રત શ્રદ્ધાપૂર્વક કરે છે. આ પ્રસંગે ભક્તિમય વાતાવરણ વચ્ચે મોટી સંખ્યામાં મહિલાઓ અને યુવતીઓએ ઉત્સાહભેર ભાગ લઈ ધાર્મિક આસ્થાનું સુંદર દર્શન કરાવ્યું હતું.